શ્રી ૭

પાક

# ઇરાનશાહ

કિમ્મત રૂપિયા અઢી

૧૩૫૭ ય. જ. ઈ. સ. ૧૯૮૭

સીરીઝ નં. ૫

શ્રીજી

પાક

# ઇરાનશાહ

કિમ્મત રૂપિયા અઢી

૧૩૫૭ ય. જ.            ઇ. સ. ૧૯૮૭

સીરીઝ નં. ૫

વિગતો

સંપાદન કરનાર

**Compiler**


# ડો. કાવસ પીરોશાહ ગોટલાશેઠ

હોમ્યોપેથ R. M. P.

લકબે ખુશ-ગોફતારે કલમે-ક્નુમ

આ કિતાબ

અત્યંત દિલગીરીથી

અને

પૂર ભક્તિભાવથી

મારાં મુરબ્બી

વહાલાં માયજી

# જરબાનું

ને

અર્પણ કરું છું

# આભારદર્શન

મોટા ઉદ્યોગપતિ અને સામાજીક કાર્યકર શેઠ દીનશાહ એદલજી મરચંટે આજથી પાંચ વરસ અગાઉ આ કેતાબ માટે એક ધરખમ રકમ આપી ડોનેશનની શુભ શરૂઆત કરી હતી; જો કે તેની અગાઉ એવણનું કારખાનું દોઢ વરસ હડતાળ પડવાથી બંધ રહ્યું હોવાથી એવણ પૈસા બાબદ મુશ્કેલ સ્થિતિમાં હતા.

બીજાં જે હમદીનોએ ડોનેશનો આપ્યાં છે તેઓનાં નામો નીચે મુજબ છે :

(૧) કેરબાદ દામકેવાલા (૨) મીનોચહેર ભૂત (૩) શહેરનાઝ દસ્તુર (૪) એરવદ જાલ રૂસ્તમજી દસ્તુર, પુને (૫) પારસી જરથોસ્તી અંજુમન, સિકંદ્રાબાદ–હૈદ્રાબાદ. (૬) શીરીન મા કુપર, સિકંદ્રાબાદ, (૭) શ્રોફ ફેમીલી (૮) સામ સિધવા, ઉદવાડા. (૯) ગોદરેજ કું.નો જરથોસ્તી સ્ટાફ (૧૦) જરથોસ્તી સ્ટાફ, સેંટ્રલ બેંક, પ્રાર્થના સમાજ શાખા, (૧૧) મીનું ઈરાની (૧૨) નોશીર ઇરાની.

એ બધાં ઉપરાંત બીજાં સાત હમદીનોએબી મદદ કરી છે પણ તેઓ નનાંમાં રહેવા ઇચ્છે છે.

ડોનેશનો મેલવી આપવામાં આ વખતે ભલા ભાઈઓ અસ્પી કાસદ અને હોમી પોસ્ટવાલા ઉપરાંત સ્ટેટ બેંકવાલા ભલા ભાઇ ભરૂચાએભી મહેનત કીધી છે.

જમાનાની ગીરદેશ જુઓ કે એક હુમદીને નહિં પણ એક ભલા વોહરાભાઇ શ્રી હુસેન તપીયાએ આ કેતાબનું કામ at cost – no profit, no loss basis ઉપર કરી આપ્યું છે. અને એ બધું કરાવી આપવાની કારસાજી કરનાર તે ભલા ભાઇ પેસી કુપર છે.

ઉપલાં બધાંનો જ હાદીંક આભાર માનવામાં આવે છે. આ કમતરીન એટલી જ દુઆ ગુજારે છે કે એ બધાંએ આ પ્રન્યવંતા કામમાં જે મદદો આપી છે તેનો બદલો કુદરત તેઓને આત્મિક તરક્કીનાં માર્ગ ઉપર આગળ વધારીને આપે.

✱

# સાંકળિયું


| બાબદ | પાનું |
| --- | --- |
| પ્રસ્તાવના | |
| શરૂઆતનો ખુલાસો | ૧ |
| દીબાચો | ૫ |
| ૧ હિંદમાં આગમન થયું, તેની અગાઉના બનાવો. | ૮ |
| ૨ અષોઈ એટલે શું ? અષવન કોણ કહેવાય ? | ૧૩ |
| ૩ અષવનની વધુ વિગતો | ૧૬ |
| ૪ નૈરયોસંઘ ધવલ તેમની આત્મિક મહાનતા | ૨૫ |
| ૫ હિંદમાં આગમન-કીસ્સે સંજાણ | ૨૯ |
| ૬ સંજાણ ઉતરી તે અંજુમન | ૩૧ |
| ૭ જાદીરાણાએ નૈરયોસંઘને મોકલેલો દુધનો હાંડો | ૩૨ |
| ૮ જાદીરાણા | ૩૩ |
| ૯ હિંદમાં નવોજ પાવમહેલ કાંય સ્થાપ્યો ? | ૩૪ |
| ૧૦ ધવલે પાવમહેલ બાંધવા કેવી જગા પસંદ કીધી ? | ૩૫ |
| ૧૧ આતશબહેરામ પરથાવતી વખતે કયા સોળ આતશો લેવામાં આવે છે ? | ૩૭ |

૧૨ માંથ્રનાં અમલથી ઉતારેલો વીજળીનો આતશ
જરથોશ્તી દીનની આત્મિક મહાનતા
દરશાવતો મોજેજો. ૪૪

૧૩ ઇરાનશાહના પ્રતાપ. ૫૨

૧૪ ઇરાનમાં સામટાં સાત વરસનો ભયંકર દુકાળ ૫૪

૧૫ ગૌમએજની ખુબી ૫૭

૧૬ ઇરાનશાહ અવ્વલ મરતબાના આતશ-પાદશાહ ૫૯

૧૭ ઇરાનશાહ ઇ. સ. ૧૦૦૬ માં સનદ થયા. શહેનશાહી
પંચાંગનું શરૂ થવું. ૬૨

૧૮ શહેનશાહી અમલની કાર્યસાધકતા અને તેની પુરવારી ૬૭

૧૯ હમણાં ફસલી આલાત જાહેરમાં કાંય નહિં હોય? ૬૯

૨૦ પાદશાહને ખસેડવાનો કમનસીબ બનાવ ૭૨

૨૧ પાદશાહને ખસેડવાને લગતી વધુ વિગતો ૭૫

૨૨ એક બેહદીન ઇરાનશાહથી
વધુમાં વધુ ફાયદો કેમ મેલવે ૭૮

૨૩ બંદગી કરીને માંગેલું બક્ષવાની
શકિત પાવમહેલમાં છે. ૮૦

૨૪ પાવમહેલની અગત્યતા ૮૩

૨૫ ઇનસાનના શરીરમાંનો આતશ ૮૪

૨૬ અમુક વિસ્તારમાં અમુક સંખ્યાનાજ
આતશ પાદશાહો હોવા જોઇયે ૮૬
૨૭ ઇરાનમાં ઝાડો ઉપર ઉડતા આતશો ૮૭
૨૮ જમીનમાં ગારત થયેલા આતશો ૮૯
૨૯ પાવમહેલ સ્થાપતી વખતે
અષવનો અમુક પુરવારીઓ આપે. ૯૨
૩૦ હિંદુસ્તાનના માનવ મહાસાગરમાં પારસીઓ
પોતાની જુદી હસ્તી કેમ ટકાવી શકયા ? ૯૫
૩૧ આતશબહેરામો તેના લાયક ખીદમતગારોને ૯૮
આવતા બનાવોની આગાહી આપી શકે છે.
૩૨ રખ્યા (important) ૯૯
૩૩ આતશ પાદશાહનાં પાક મકાનમાંથી બહાર નીકળવા
અગાઉ રખ્યા કપાળેથી કાંય ભુસી નાંખવીજ જોઇએ? ૧૦૪
૩૪ બોય દેવામાં ઘંટનો નાદ કાંય ?
ત્યાં હાજર રહેલાંઓએ કરવા જોઇતા મીશ્ર ૧૦૬
૩૫ શ્રીજી પાક ઇરાનશાહનું ભવિષ્ય. ૧૦૭
૩૬ વધારો (appendix) નં. ૧
આતશી જંતુઓ (fire germs not known to
modern science) ૧૦૯
વધારો (appendix) નં. ૨
થોડાક અટપટા સવાલો. ૧૧૩

# શરૂઆતનો ખુલાસો

આ અદનાની એક ઉમેદ છે કે જરથોશ્તી ધર્મ અને પારસી કોમને લગતી આવી નાની કેતાબો (booklets) બધી મલીને કમસે કમ દસની સંખ્યામાં બહાર પાડવી; પણ એ ભલી નેમ કામ્યાબ (Successful) થાય, તે વાસ્તે હવે દીલમાં વસવસો પેદા થયો છે. કારણ એક તો પેપર અને પ્રીન્ટીંગનાં ભાવો બેફામ રીતે વધ્યા જ જાય છે અને બીજું એ કે આ અદનાની મોટી ઉંમર થઇ હોવાથી અવારનવાર તબિયત લથડી જાય છે.

એ કારણોને લીધે, કદાચ આ કેતાબ છેલ્લીજ હોય એવા સંભવો હોવાથી, આ અદનાએ 'શ્રીજી પાક ઇરાનશાહ' ઉપરાંત જરથોશ્તી દીન અને પારસી કોમને લગતી બીજી ઘણીક જાણવાજોગ હકીકતો આ કેતાબમાં સમાવી દીધી છે.

કેટલાંક વરસો અગાઉ આ અદનાએ પોતાના એક ઓળખીતા હમદીનને એક ધાર્મિક ચોપડી વાંચવા આપવાની કોશીશ કીધી, તો મારી અજાયબી વચ્ચે તે ભાઇએ કહ્યું, 'મને અને મારા ફેમીલીને ધર્મમાં જરાબી interest નથી.' શું આ તેજ વડવાઓનાં આજનાં વંશજો છે. કે જે ન્યાગાનો (ancestors) આજથી તેર સદીઓ અગાઉ ઘેર, શહેર અને દેશ છોડીને સેંકડો માઇલો દરીયાઓ

ડોહુવતા આ મુલકમાં આવીને ઠરી-ઠામ થયા!!! શાને કાજ? ધર્મની જાળવણી માટે.

કંઈ નહિં ભાઈઓ, આજથી દોઢ દાયકા (decade) પછી એવો કપરો બખત આવી રહ્યો છે કે શું ધર્મિ કે શું નહિં ધર્મિ બધાંજ "ખોદા, ખોદા" કરતાં થઇ જશે. ઈંગ્લંડમાં પાદરીઓ ફરયાદ કરતા હતા કે, 'દર રવિવારે સાંજે સીનેમાઓ ચીકાર ભરાયેલા રહે છે, જ્યારે અમારાં ચર્ચો (દેવળો) ખાલી રહે છે.' તેટલાં બીજું જંગે-જહાન ફાટી નીકળ્યું જેથી રવિવારની સાંજોએ સીનેમાઓ ખાલી જ્યારે દેવળો over-crowded થઈ ગયાં. પણ જેવી લડાઇ પુરી થઇ ગઇ કે ફરી પાછો અસલનો જ મામલો.

★

# સુખે સોની

## દુખે રામ.

એ કહેવત કાંઇ અમથી જ તો નહિં પડી હોય!

આ કેતાબની બધી જ બાબદો

૧ જુના 'પારસી આવાઝ' અઠવાડીક પેપરમાંથી અને ૨ ૧૯૪૧–૪૯ નવ વરસો શેઠ જહાંગીર સોરાબજી ચીની-વાલાના દર સોમવારના અઠવાડીક કલાસોમાં બેસીને નોંધો લીધેલી આઠ ડાયરીઓમાંથી તારવી કાઢીને લખી છે; એટલે એમાં મારૂં પોતાનું કાંઇ જ નથી, સિવાય કે કેટલેક ઠેકાણે આ અદનાએ પોતાની ટીકા અને પોતાના remarks લખ્યા છે.

અલબત ડાયરીઓની નોંધો બહુ કામ લાગી છે, પણ તેમ તેમાંની અમુક બાબતો જાહેરમાં લખી શકાય તેવી નહિં હોવાથી પડતી મુકવી પડી છે.

દાખલા તરીકે ઇરાન તો અજીત (invincible) હતું, કારણ આબેદોએ ઇરાન આસપાસ અણદીઠ પણ મજબુત સ્તોતોનો કીલ્લો બનાવેલો હતો. એ કીલ્લાને કોણે, કેમ, કેવી રીતે 'અતા-ઉલ-હદીસ-ઘાસીયા'ની નીરંગથી તોડયો, તેનું વર્ણન લખવા જતાં, બીજી જીરમનાંઓને લગતું લખવું પડે છે, એટલે એવી બાબદો પડતી મુકાઇ છે.

આ કેતાબ અત્યંત ફીદાગીરીથી અને પૂર ભક્તિ-ભાવથી મારાં મુરબ્બી વહાલાં માયજી જરબાનુને અર્પણ કરૂં છું. જે બધા અસંખ્ય ઉપકારો અને કેટલીક રીતના સ્વભોગો એ મુરબ્બીએ મારે માટે આપ્યા છે તે ઉપરથી હું તો એમજ સમજું છું કે પરવરદેગારે મારા જેવા કમીના ગુનેહગારને માટે ખાસ એક ફરેસ્તો પેદા કીધો હતો.

અસહ્ય જુલમો, કફોડા સંજોગો, નબળી તબિયત, એ બધું છતાં એ મુરબ્બીએ જે ધીરજ અને સબુરીથી શાંત મન રાખી, તરીકતબાઝ જીવન ગુજારી ગયાં છે, તે ઉપરથી મારા નાચીઝ ફહમે - ક્નુમનાં અભ્યાસની રૂએ એમ તો નહિં જ કહી શકું કે એ મુરબ્બી મોક્ષ પામી ગયાં પણ એટલુ તો ખાતરીથી કહી શકાય કે જીંદગીનો હાલનો ફેરો પૂરેપૂરો સફળ કરી ગયાં છે. એ મુરબ્બીનું પાક અશો રૂવાન અને બુલંદ ફરોહર કુદરતના જેબી મરકઝ ઉપર હોય, ત્યાંથી સરોશ યઝદની પનાહમાં આગળ અને આગળ તરકકી કરતું રહે. આમીન !

★

# દીબાચો

એક વખત ઉસ્તાદ સાહેબ બેહેરામશાહને પૂછવામાં આવ્યું, 'બદ જમાનાની નિશાની શું? આય કલજુગ ચાલે છે, તેનો Test શું?' એમણે જવાબ આપ્યો 'લોકોમાં દીન ઉપર એતેકાદ નહિં હોય તે કલજુગ.'

એક બ્રાહ્મણે એક દિવસ મારી આગળ પોતાનાં ધર્મનાં પુરાણોમાં લખેલી વાત કહી. એક દિવસ સવારનું પહોર પડયું અને દીકરાએ બાપ આગળ જઈ કહ્યું કે, 'બાપા, તમે ખરેખર મારા બાપ છો. તેની સાબેતિ આપો.' ત્યારે જણાયું કે હવે કલજુગ શરૂ થઇ ગયો.

તો પછી ભલા જમાનાની પણ કાંઇક નિશાની હોવી જોઇએ! હા, છે.

ભલા જમાનાની એ નિશાની છે કે જો કે દરેક આદમી પોતાની માયને સૌથી સરસ ઓરત માને છે અને તેનાં કરતાં વધારે સારી કોઇ હોય નહિં એમ સમજે છે, છતાંબી ભલા જમાનામાં દરેક બસ્તેકુસ્તીયાનનો એ મીગ્ર હોય કે મને મારી માય કરતાંબી વધારે સારી ધણીયાણી મલે. આજે જયારે દુબરીઓ અને મડમો સાથે લગ્નો થતાં હોય, ત્યારે કલજુગ નહિં હોય તો શું હોય?

અરે પણ કલજુગ શરૂ થવાને તો ઘણો વખત પસાર

થઈ ગયો. હમણાં તો હદોહદ કલજુગ ચાલે છે એટલે બીજી લુચ્ચાઇની સાથે જુઠાણુંબી પુષ્કળ પ્રમાણમાં પ્રચલિત છે. તેથી કહેવાતા ધર્મના સુધારકો જેઓ ખરેખર તો ધર્મની ભાંજફોડ કરનારા પુરવાર થયા છે, જે કાંઈ કહે તેનેથી ઉલટુંજ તેઓનું પોતાનું વર્તન હોય છે. બે દાખલા:-

સુધારક છાવણીના ધાર્મિક સ્કોલર એરવદ શાહેરયારજી ભરૂચાએ સુધારકો તરફથી ક્રિયાકામ વિરૂધ કેટલાં કેટલાં ભાષણો અને લખાણો કીધાં, પણ જયારે મરવા સુતા ત્યારે એક દોસ્તને બોલાવી થોડાક હજાર રૂપિયા આપી કહ્યું, કે "મારી નીરંગદીન સુધીની બધી ક્રિયાઓ આમાંથી કરાવજો." દોસ્તે અજબ થઇ પૂછયું, "સાહેબ, તમે તો ક્રિયાકામ વિરૂધ આટલાં આટલાં ભાષણો આપ્યાં અને હવે...." જવાબ આપ્યો કે "ચુપ રહેજે, એ બાબે મને કાંઇબી સવાલ કરતો જ ના." દાખલો બીજો :- કરાંચીવાલા ડો. ધાલા દસ્તુરી શોલ ઓઢીને બરશ્નુમ લેવાની પાક વિધિને રેડ ઇંડીયન ડાન્સની ઉપમા આપવા અચકાયા નહિં, અને આખી જીંદગી ઠોક મારી મારીને કોમને કહ્યું 'ક્રિયાકામ કોટલું છે.' એજ ડો. ધાલાએ-હા, એજ ડો. ધાલાએ-જયારે એવણના નેક ધણીયાણી ગુજર પામ્યા, ત્યારે સર તા પા બધીજ ક્રિયાઓ કરાવી તે એટલે સુધી કે છેવટે નાહુન્યા બી જમાડયા. (નોંધ નાહુન્યા=નાહુન લીધેલા મોબેદો)

આવા વિચારનાં સાહેબોને કાંઇ સુધસોબી છે કે ક્રિયાકામ -ખાસ કરીને ગુજરેલાંનું ક્રિયાકામ-કેટલા કેટલા અનહદ

ફાયદાઓ ધરાવે છે?

એક ઇનસાન ગમે એવો ગુનેહગાર હોય, તેને જાદુગીરી કરવા દેવોને યાને કુદરતની નાશકારક કાળી બાજુની શકિતઓને સાંધ્યા હોય, પણ તેના કોઈ બગો-બખ્તને લીધે યા તો કોઇ આગલા જન્મનાં પુણ્યકર્મને લીધે તેનો સચકાર થઇને દોખ્મે પડયો હોય, અને તેની ચાર દહાડાની ક્રિયા થઇ હોય, તો મૃત્યુ વખતે દેવો તેની પાસે આવી નથી શકતા, પણ ફકત દુરથીજ તમાશો જોઇ શકે છે. દેવો જમાનાને ફરયાદ કરે છે કે 'એની પાસે અમારૂં માંગતુ લેણું છે તે ચુકતે કરવા એનો કબજો અમોને સોંપી દો.' જમાનો કહે છે, 'તે નહિં બને. તમારૂં કાંઇ ચાલે નહિં. Sorry' (નોંધ:-જમાનો એટલે જમાના ઉપરની મવ્વકલ ચઝદી શકિત.).

જેમકે આજે હું ડોકટર છું, તો મારી મરજી પડે તેની પાસે હું ફી લેઉં, અને મારી મરજી પડે તેની પાસે નહિંબી લેઉં.

હીટલરની જીંદગીમાંથી હું એક સબક શીખ્યો છું. એ એક જબરો પ્રચારક (propagandist) હતો. એને પોતાની મેન કેમ્ફમાં લખ્યું હતું કે' હું જરૂર જ મારો પયગામ અને મારી ઇચ્છા દરેકે દરેક જર્મન ઘરોમાં પુગાડીશ.'

હું કાંઈ હીટલર જેવો મહાન નથી. મારૂં એવું નસીબ નથી અને મને એવું નસીબ જોઇતુંબી નથી પણ ઉમેદ છે કે ઇલ્મે-ક્ષનુમને લગતો propaganda દરેક પારસી ઘેરમાં પુગે.

## ૧ હિંદમાં આગમન થયું, તેની અગાઉના બનાવો

કુદરતમાં જે કાંઇ સાચું હોય તેનું જ્ઞાન મેળવવું તે કાંઇ ગુનાહ નથી.

તવાના ખુવદ–હુર કે દાના ખુવદ.

કારણ ઇનસાનનો એજ ખવાસ છે કે આદર્શ પછવાડે તે ખેંચાય પછી ભલેને તે પૂર્ણ રીતે અમલમાં નહિં મુકાય.

ધાર્મિક જ્ઞાન બે કીસમનાં હોઈ શકે છે: (૧) ફકત જાણવા માટે (૨) અમલમાં મુકવા માટે.

ફકત જાણવા માટેનું જ્ઞાન દીન યાને ધર્મ ઉપર આંધળો નહિં, પણ મુસ્તકીમ, કોઇથી હીલાવી શકાય નહિં તેવો જ્ઞાનમય એતેકાદ ઉભો કરવા જરૂરનું છે: જ્યારે અમલમાં મુકવાનું જ્ઞાન દીન તરફની ફરજો, ગુજરેલાં તરફની ફરજો વિગેરેનું ભાન કરાવે છે. આ કેતાબમાં બેઉ પ્રકારના જ્ઞાનનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ઇતિહાસનાં કોઇક બનાવો બન્યા પછી, લાંબો વખત પસાર થવા પછી, તેનું સ્વરૂપ બદલાઇ જાય છે અને તેમાં ભલતીસલતી ખોટી હકીકતો ઘુસી જાય છે.

દાખલા તરીકે આજનો અર્વાચીન (modern) અભ્યાસ એમ કહે છે કે આ દુન્યાં ઉપર સપ્પર પહેલો ઇનસાન જે પેદા થયો તે જંગલી હતો, જ્યારે ઇલ્મે–ક્ષનુમ પ્રમાણે તો તે અર્ધ યઝદી હતો. હા, તે વખતે જંગલી કુદરતની

કાળી બાજુની પુંજા કરનારા પણ હતા. પણ એમ તો આજેબી આફ્રીકાનાં જંગલોમાં cannibals યાને માણસ ખાઉ ઇનસાનો વસે છે તો તેથી કોઇ એમ નહિં કહી શકે કે ૧૯૮૭ માં દુન્યાની વસ્તી માણસ–ખાઉ હતી.

તેવી જ રીતે આજે એમ મનાય છે કે જેમ ૧૯૪૭માં આય બીચારા સિંધીઓ રેફ્યુજીસ તરીકે સિંધથી નાસી આવ્યા તેમજ આપણે પારસીઓ ઈરાનથી નિરાશ્રીતો થઈને નાસી આવ્યા હતા, વળી કેટલાકોએ તો પોતાના કહેવાતા અભ્યાસથી એવી પણ ગુસ્તાખી કીધી છે કે આરબોના હુમલા વખતની અંધાધુધીમાં ઓરતો અને બચ્ચાંઓને નહિં લાવી શકાયા, એટલે હિંદ આવ્યા તે તો ફકત મરદોજ હતા અને હાલની પારસી કોમ કાળી પરજ (depressed class) ઓરતોથી પેદા થયેલી છે.

ખરી બાબત એ છે કે આપણે યોજનાપૂર્વક કોઇક ભલી નેમથી આ ભલા દેશમાં આવ્યા છીએ અને નજદીકના ભવિષ્યમાં યોજનાપૂર્વક આપણા વહાલા માદર વતન પાછાં જઇશું.

બધી બાબતોનો અભ્યાસ કરતાં એક સવાલ ઉભો થાય છે કે જુરા જમાનામાંબી બાતેનમાં આવા મોટા સાહેબો (ચએ–ચસ્તના અને દેમાવંદના) હોવા છતાં એમ કાંય નિર્માણ હતું કે ઈરાનમાં જાહેરમાં દીન ટકી શકે નહિં, જ્યારે હિંદુસ્તાનની ભૂમિ ઉપર એ શકય કાંય બન્યું ?

એમાં બન્નેના બાતેન લેણદેણની વાત છે. એક તો એ કે બરજીસીઓનો કેસાસ ઘણો જ ખરાબ હતો. ખુદ સાસાન જમાનામાં ઈરાનીઓએ મોટી ભૂલો કીધી હતી. કમનસીબે દુન્યામાં જેમ બધી જાતની નેકીઓ ઇરાનમાંથી નીકલી તેમજ બધી બદીઓનું ઉસુલબી (મૂળિયુંબી) ઇરાનમાંથી જ નીકલ્યું. પહેલવી ખાંઓએ બુધની જીરમને એક મોટો આરામ લેવાનો ઓટલો (શામિયાનો (pavilion) કહ્યો છે; જીરમોનો શામિયાનો જ્યાં આગળ બધી જીરમો પોતાના મુશ્કેલીભર્યા વખતમાં ઠરીઠામ રહી શકે. બીજું એ કે પામર ઉપર અઇર્યનએમ વએજોની નજદીકમાં નજદીકની જગા તે હિંદુસ્તાન છે. બરજીસનો કેસાસ ખરાબ હતો અને તારદ (બુધની જીરમ) સાથનો તેનો કેંસોસ બાકી હતો.

આપણા વડવાઓ ઇરાનથી આવીને જાદવ રાણાના આસરા હેઠળ રહ્યા તે કાંઇ અકસ્માતીક નહિં હતું. નૈરયોસંઘ ધવલ સાહિબ ચાલુ બાતેન કશમાંનાં સાહેબો સાથે મશાવરતમાં (સેઝદાથી મસલતમાં) રહેતા હતા અને સરોશની પણ બસારતો એવણને મલ્યા કરતી હતી. ઇરાનમાં જ રમલ (પાસા) નાંખીને નકકી કીધેલું હતું કે યાદવ ખાનદાનનો આ નબીરો એક જ એવો છે કે જેના રાજમાં પાવમહેલ ઉભો કરી સકાશે.

(નોંધ : જે કાંઇ જાણવું હોય તે પાસા નાંખીને યાને રમલથી જાણવાની વિદ્યા સંપૂર્ણ રીતે મોટા આત્મિક

શક્તિવાલા સાહેબો જાણતા હોય છે.' આજે જાહેર દુન્યામાં એ વિદ્યા જણાયેલી છે. પણ તેની ઘણી જ ટુંકી હદમાં)

ઉસ્તાદ સાહેબે વાત કીધી હતી કે, એ જાદી રાણાની અમુક તનબદનને લગતી ખામી હતી, જે મોટા મોટા વૈદો દુર નહિં કરી શકેલા, તે નૈરયોસંઘ ધવલે સારી કરી આપીને જાદી રાણાની ઘણી મેહેરબાની મેલવી હતી.

અસલ કોઇની મેહેરબાની મેલવવી હોય, તો એમજ તેની કોઇ મુશ્કેલી દુર કરી આપીને મેલવતા. ઉસ્તાદ સાહેબ ઇરાની નજુમ અને હિંદુ જયોતિષ બેઉમાં પારંગત હતા. ઇરાની નજુમ તો સાહેબોએ પોતે શીખ્યું હતું પણ હિંદુ જયોતિષ કેમ શીખ્યા? એવણના નસીબમાં મુસાફરી ઘણી હતી અને તે વખતનાં બ્રીટીશ રાજમાં એવણ બર્માં સુધી ફરી આવ્યા હતા. એમ કહેવાય છે કે ઉત્તર (north) બર્માંના અમુક જંગલોનું કુદરતી સૌંદર્ય એવું છે કે આખી દુન્યામાં તેનો જોટો (pair) નહિં મલે, અને કેશ્મીર કે સ્વીટઝરલેંડનાં સૌંદર્યો તેની આગળ પાણી ભરે.

ઉસ્તાદ સાહેબના નસીબમાં મુસાફરીઓ ઘણી હતી. તેથી સાહેબોએ, ઓરત તરફના ખરાબ રીતના ખેંચાણમાં અહીરીમનની શું ફન (બુરી હીકમત યા ચાલબાજી) છે, તે એવન ને બતાવી દેવામાં આવ્યું હતું, જેથી એવણ મુસાફરી દરમ્યાન કોઇ ઠેકાણે ફસી નહિં જાય.

જયારે એવણ સાહેબોના કરામાંથી બાહેર નીકળ્યો, ત્યારે સાહેબોએ એવણને એક દવા આપીને કહ્યું કે "તુ ફરતો ફરતો કાશી જશે, ત્યાં એક હિંદુ ઘણોજ બાહોષ જયોતિષ રંહે છે. તેંને અમુક બીમારી છે. જે આ દવાથી સારી થશે અને તેના બદલામાં તે તુંને હિંદુ જયોતિષ શીખવસે" એવી રીતે ઉસ્તાદ સાહેબ બેઉ systems શીખ્યા હતા.

(નોંધ : કાશીનું નામ ફેરવાઇને બનારસ થયું અને હાલમાં એ વારાણસીના નામથી ઓળખાય છે.)

*

## અષોઈ એટલે શું?
## અષવન કોણ કહેવાય?

આજે સાધારણ જરશોસ્તીને, અષોઇ એટલે શું, તે પણ ખબર નથી. કોઈ સખી દીલનાં તવંગર સાહેબે. ગરીબો માટે સખાવતો કીધી હોય, તો તેને અશો ઠોકી બેસાડશે. અષોઇ=મીનોઈ વ્યવસ્થા=Order Divine

જેવી રીતે સચ્ચાઈ ગુણ તરીકે હોય, તેમ સચ્ચાઇ શકિત તરીકે પ્રાપ્ત થઇ શકે છે; તેવી જ રીતે અષોઇ ગુણ તરીકે હસ્તી ધરાવી શકે યા તો અષોઇ શકિત તરીકે પણ ખીલવી શકાય છે,

દાખલા તરીકે એક ઇનસાન ઠરાવ કરીને ફકત સાચ્ચુંજ બોલે, તો સચ્ચાઇ તે ઇનસાનનો એક ગુણ કહેવાય. એક આત્મિક રીતે આગળ વધેલો ઇનસાન જેબી બોલે તે થાય, યાને કુદરત તેનું બોલેલું કરી બજાવે, તે સચ્ચાઇને શકિત તરીકે ખીલવેલી કહેવાય. તેવો ઇનસાન કોઇને દુવા દે કે, 'જા ભાઇ, તને પાંચ બેટા થશે.' તો તેમજ થાય, પણ તેનો ભાર તેને ખેંચવો પડે, કારણ કુદરતને તેની દુવા ફળીભૂત કરવા જે મહેનત અને ખર્ચમાં ઉતરવું પડે, તે તેની પાસે ભરપાઇ કરાવે. હમણાં તમારૂં રેફ્રીજરેટર, રેડિયો યા ટી. વી. રીપેર થાય, તો તેનું બીલ તો તમારેજ ભરપાઇ

કરવાનું'ની ?

એજ મીસાલ જે કોઇ દીઠ યા અણુદીઠ અભડાતોથી દુર રહે, તેનો અષોઇ એક ગુણ કહેવાય. પણ જે કોઇ સખત કવાયત યાને જાત જાતના નાહનો તેમજ અમુક બીજ્ઞ ક્રિયાઓમાંથી પસાર થઇને અષોઇને શકિત તરીકે ખીલવી હોય, તે અષવન કહેવાય અને તેનામાં અમુક મોજેજા રૂપી કામો, જે સાધારણ ઇનસાનની સીમાની બાહેર છે, તે કરી શકવાનો અધિકાર પ્રાપ્ત થાય છે.

એક અષવન અમુક રીતે સુખડ ગોઠવે અને આતશ ન્યાએશનો 'ઉસ-મોઇ ઉજારેષ્વા....'નો ફકરો ભણે તો મેચીસ વગર સુખડ પોતાની મેળે સળગી જાય. આપણે બધાએ પાદશાહ ઉપર માચી કેમ ચઢાવાય છે, યા બોય કેમ દેવાય છે, તે તો જોયું છે. બોયવાલા મોબેદ માચીના મોટા પેરીયાં આતશ પાદશાહ ઉપર મુકી દે છે અને છેવટનું એક નાનું પેરીયું ચમચ ઉપર મુકી, આફ્રરગાન્યાને અઠડાવીને ઉભા રહે છે. અમુક કલામો ભણી રહીને ચમચ ઉંચકીને નાનું પેરીયું આતશ પાદશાહમાં પધરાવે છે. જયારે અષવન બોય દે છે ત્યારે તેને ચમચ ઉંચકવી પડતી નથી, પણ તેની અષોઇને જોરે તે નાનું પેરીયું પોતે જ bodily ઉંચકાઇને આતશ-પાદશાહમાં આમેજ થઇ જાય છે.

ઘણા આગળ વધેલા અષવનો તો પોતે એક જ ઠેકાણે

રહીને આખી દુન્યામાં કોઈ પણ નવ જુદે જુદે ઠેકાણે મીથ્રની આકૃતીમાં એકી વખતે દેખાવ દઈ શકે છે અને પોતાના ચેલાઓ સાથે વાતચીત પણ કરી શકે છે. મીથ્રની આકૃતીને તમારા હાથથી પકડવા જાઓ તો જાણે તમો ધુમાડો યા તો વરાળને પકડવાની કોશેશ કરતા હોય તેમ લાગે. (નોંધ. આ બાબદનો ઇશારો આ અદનાએ પોતાની ચોથી સંપાદન કીધેલી કેતાબ 'આઝાદમાંથ્રો'માં પાનાં ૪૫-૪૬ ઉપર કીધો છે.)

★

## ૩. અષવનની વધુ વિગતો

એટલું જરૂરજ યાદ રાખવું કે આજે જાહેર દુન્યામાં એટલા બધા અભડાતો (pollutions) દીઠ અને અણદીઠ હસ્તી ધરાવે છે કે કોઇ પણ જરથોસ્તી અષોઇના કાયદાઓનું પાલન કરી શકેજ નહિં અને અષવન થઇ શકેજ નહિં.

બધા જાણે છે કે જાહેરમાં કાંઇક કરી બતાવનારા છેલ્લા જરથોસ્તી કોણ હતા? દસ્તુરજી કુકાદારૂ. કાંય? કારણ તે વખત સુધી ટોકરીનાં સંડાસ હતા. પછી આવ્યા ફ્લશનાં કે જેમાં સહવારનાં પહોરમાં જ ઉઠતાંની સાથ પાણીમાં મેલું નાંખીને વંદીદાદના ફરમાનોનું ઉલંઘન કર્યે છીએ, તો પછી 'ઓરેહુ' બંધાઇ કેમ શકે?

અષોઇનાં ૭૨ પગથ્યાં હોય છે. દરેક પગથ્યાંઓનો એક કર્ષ કહેવાય છે. જેણે ૨૪ પગથ્યાં પસાર કીધાં હોય તે ત્રણ કર્ષનો અષવન હોય છે. તે જમીન ઉપર કશ મારી શકે છે.

કશ કરવો એટલે એક અણદીઠ દીવાલ (invisible barrier) ઉભી કરવી જેની નેમ બે હોય છે:– (૧) તે અણદીઠ દીવાલમાં ઘેરાયેલી પવિત્ર ચીજને બહારનો અભડાટ લાગીને અપવિત્ર નહિં થાય. આપણા આદર–યાનોની આસપાસ પાંચ કશો હોય છે, જ્યારે આતશ–બેહેરામ આસપાસ નવ કશો (૨) અથવા તો અણદીઠ

દીવાલની અંદર ઘેરાયેલો અભડાત યા દુજ બહાર, ફેલાઇને જીવતાંઓ અને ઝાડપાનોને નુકશાન નહિ કરે. તેથી તો સચકાર કરતી વખતે શબની આસપાસ કશ મારે છે. એક વખત અષવનોની વાત કરતાં કરતાં મારાં મુરબ્બી ડો. સાહેબ ફરામરોઝ ચીનીવાલા બોલ્યા હતા કે, 'દેમાવંદ કોહમાં રહેનારા સાહેબ – દેલાન સાહેબોમાં જે મગવો છે તેઓ મોટે ભાગે ત્રણ કૃશના અષવનો હોય છે.

આજના કલજુગમાં અષવનને પોતાની અષોઈના કુવ્વતને જાલવવા કીનારે–કસીમાં યાને જાહેર દુન્યાથી અલગ થઇને રહેવું પડે છે. એક અષવન અને એક સાધારણ ઇનસાન બેઉના શરીરના ભાગો (anatomy) સરખા છે. પણ physiology યાને શરીરના ભાગોની કાર-રવાઇ (working) માં મોટો તફાવત પડી જાય છે.

દાખલા તરીકે મોટા અષવનો ઘણુંજ થોડું ખાય યા પીયે પણ જેટલું તેઓ લે તેટલું બધુંજ પોતાનામાં પચાવી દે, assimilate કરે, જેથી તેઓનાં આંતરડાંમાં નર્ક પેદા થતું નથી ("ખોરદેહ અવસ્તા બા્‌ક્તુમ તસ્વીલ પાનું ૮૧૫ મું)

એક મગવને પરણવાનું નથી હોતું તેથી તેનું વીર્ય (semen) આખા શરીરમાં ફેલાયેલું (spread out) રહે છે જ્યારે સાધારણ ઇનસાનનું વીર્ય તેના અંડ (testicles)માં જમાવ થઇને રહેલું હોય છે.

એક ત્રણ કૃશના અષવનની ઉપર જ્યારે શેતાનનો છેલ્લો જ હુલ્લો થાય છે, ત્યારે શેતાન તેની નજદીક એક કામિની અતિ ખુબસુરત ઓરત મોકલે છે કે જે લાલચની સામે તેનાથી એખલાથી તો બચી શકાતું જ નથી. તે લગભગ ફસી જવાની અણી ઉપર આવી પુગે છે, કે તરત જ તેના ઊસ્તાદ=ગુરૂને (કે જે છ કૃશનો અપવન હોય છે) ખબર પડી જાય છે કે મારો ચેલો આફતમાં છે તેથી મીથ્રની આકૃતિમાં તેની સામે દેખાવ દઈ, તેની નીચતાનું ભાન કરાવી, શરમીંદગો બનાવી, બચાવી લે છે. (નીકીઝે વેહદીન : વોલ્યુમ પહેલું પાનું ૧૧૬ અને વોલ્યુમ બીજું પાનાં ૫૪૧–૫૪૨) તેથી તો કહેવત પડી છે કે 'ગુરૂ વગર મોક્ષ નહિ.' એવી રીતે ત્રણ કૃશનો અષવન ગુરૂની મદદથી છેલ્લા test માંથી પસાર થવા પછી તે પોતે અજીત (invincible) થઇ જાય છે અને કદીબી શેતાનથી ફરેબ ખાતો નથી. ત્યાર પછી તે છ કૃશનો અષવન થવા પ્રગતિ કરે છે.

જેને અષોઇના ૪૮ પગથ્યાં પસાર કીધાં હોય. તે છ કૃશનો અષવન કહેવાય. તેનામાં અઠાગ શકિત રહે છે. જો કે પાણી તો એકમેક સાથે ભેળાઈ જાય, છતાં છ કૃશના અષવનમાં એટલી શકિત રહે છે કે તે પાણી ઉપરબી કશ મારી શકે છે. ચાહે તો નવો પાવમહેલ ઉભો કરે, પોતાની મરજી મુજબ બીજાઓના વિચારોને વળાંક આપે, ગમે એવા કટ્ટર વિરોધીને પોતાના મતનો બનાવી નાંખે. તેને મારી નાંખવા

આવેલો તેને પગે પડીને જાય. Potassium Cyanide જેવું હલાહલ ઝેરબી પી જાય, તો તેને ઉંની આંચ નહિં આવે. તેના શરીરમાં તીક્ષણ છરી ઘોંચો તો તમે પાણીમાં છરી મારી હોય તેમ જરાકબી ઘા કર્યા વગર પાછી બહાર આવે. વાઘ, સિંહ જેવા ફાડી ખાનારાં અથવા તો સાંપ, અઝદાહ જેવાં ઝેરીલાં હેવાનો બધાંજ તેની આગળ પોતાનો ખફ્સી સ્વભાવ બદલીને ગરીબ બકરી જેવાં થઇ જાય.

સાધારણ જરથોસ્તીને અરવાહીનું યાંને જીન યા પરીનું સાંધણ કરવાની મનાઇ છે – સખત મનાઇ છે. ધારો કે જીવતાં જીવત આ દુન્યામાં આશરે ૭૦ વરસ કોઈ જીન તમારૂં કામ કરી આપે યાને તમારી સેવા કરે, તો ગુજર્યા પછી તમારૂં રૂવાન સડસડાટ ચીનવત ઉપર જઇ શકતું નથી. પેલોજ જીન પોતાની અરવાહી આલમમાં તમારાં રૂવાનને કેદ પકડી, ૭૦ વરસના બદલામાં ૭૦૦ વરસ પોતાનું કામ–પોતાની ગુલામગીરી કરાવે. એવી રીતના રૂવાનને શાહમાલ ગયેલું યાને રખડાતમાં પડેલું રૂવાન કહે છે.

પણ ઘણા આગલ વધેલા અપવનોની વાત જ ન્યારી છે. તેઓ તો ચાહે તે જીનને પોતાનો ખન્દામ (ખીદમતગાર) બનાવીને જીંદગીભર પોતાનું કામ કરાવે, પણ તેમ તેઓમાં એવી જબ્બર શકિતઓ હોય છે કે જીનની સેવાથી, તેઓ જેટલા જીનના કરજદાર થયા હોય, તે કરજ તેઓ જીવતાં

જીવત ફીટાડી દે છે. તે કેવી રીતે? તે જીનને તેના આત્મિક પ્રગટીકરણના રાહ ઉપર ઘણો આગળ વધારી દે છે. ઉસ્તાદ સાહેબ બેહેરામશાહ જયારે ૧૮ વરસના હતા, ત્યારે સાહેબ દેલાન સાહેબોએ કેમ તેવણને આકષીંને પેશાવરથી પોતાની સાથે ઇરાન લઇ ગયા તે કીસ્સો તો બધાજ જાણે છે. તેમાં એક બનાવ એવો છે કે બેહેરામ શાહ અણજાણપણે નાયબ સોપાવરેજ રશીદજીને તેઓ સાથે જવાની પોતાની અશક્તિ દર્શાવે છે. અને કારણમાં એવણના મામાએ તાગડો રચીને એવણના માતાજીની ગંભીર બીમારીનો સુરતથી કરાવેલો બનાવટી તાર બતાવ્યો. રશીદજીએ બે મીનીટ ધ્યાન ધર્યું અને પછી કહ્યું, "તારની બીના ગલત છે. આ ઘડીએ હમણાં તમારા માતાજી સેવ, દહી, ધાનદાળ પાટીયાનું ભોણું જમી રહ્યાં છે, કારણ આજે એવણની સાલગ્રેહ છે." આટલી વાત તો બધાજ જાણે છે. ઘણી નમનતાઇથી લખું છું કે એ બે મીનીટમાં શું શું બની ગયું તે ખુદ કેટલાક ઇલ્મે ક્ષ્નુમીસ્તો પણ જાણતા નથી.

મોટા આતશી ગતિના નાયબ સોબાવરેજ રશીદજી સાહેબે ધ્યાન ધરીને તરત જ પોતાનાં બન્દાંમને (ખીદમતગાર જીનને) હોકમ કીધો, 'જાઓ, બેહેરામના માતાજીની ખબર લઇ આવો.' રોશની (light) અને ઇલેકટ્રીસીટીની ઝડપ સેકંડના ૧,૮૬,૦૦૦ માઇલ છે, પણ જીનોની ઝડપ એનાં કરતાં ઘણી વધુ હોય છે. બેહેરામશાહ સાડા ત્રણ

વરસ દેમાવંદ કોહમાં સાહેબ દેલાન સાહેબો સાથે રહીને, પછી જ્યારે સુરત પાછા ફર્યા, ત્યારે એવણના બહેને તે દીવસના બનાવની વિગતવારે વાત કરતાં કહ્યું, 'બપે.રનો વખત હતો, માયજીનું વરસ હતું, એટલે અમે બેઉ જણાં સેવ, દહી, અને ધાન દાળ પાટીયાનું ભોણું જમી રહ્યાં હતાં, તેટલાં એકાએક બારણું ઠોકયા વગર જામો પીછોડી પહેરેલા એક મોબેદ અંદર ઘસી આવ્યા અને બસ ચાલુ પૂછયા કરે, 'બેહેરામ છે કે ? બેહેરામ છે કે ?........' મેં બુમ પાડીને કહ્યું 'અરે પણ તમે ઉભા રહેવોની, તમે કયાંથી આવ્યા અને બેહેરામને વાસ્તે કાંય પુછોચ ?' મોબેદ તો જાણે બેહરા હોય તેમ 'બેહેરામ છે કે ?' બોલ્યા કરે અને જમવાની ટેબલની ગોળ ફરીને ઝપાટાબંધ ઓરડાની બાહર નીકલી ગયા, કે તુરત જ હું બાહર જોવા દોડી કે કંમ્પાઉંડનાં ગેટ સુધી પુગવાને માટે કમ્પાઉંડમાં ચાલતા જરૂર જ દેખાશે, પણ નહિં, બાહર તો કોઇબી દેખાયું જ નહિં. મોબેદ તો જાણે હવામાં ગુમ.' (નોંધ. ખન્દામ જીને ખબર જાણવા માટે મોબેદનુ રૂપ લીધું હતું)

જે કોઇ અષવને અષોઇના બધાંજ ૭૨ પગથ્યાં પસાર કીધાં હોય તે નવ કૃશનો અષવન કહેવાય, અને તેવા તો ફકત ચએચસ્તમાં રહેનારા સાહેબો છે. જેમ પયગામ્બર અશો જરથુસ્ત્ર (તે મુબારક નામની એજમતી અસર કુલ દુન્યા ઉપર ફેલાવો) ઇનસાનના લેબાસમાં યઝત હતા, તેમ

તેઓ બધા અર્ધ વર્ઝતી નબાનજ્હીરત તમકકાના છે. તેઓ કદીબી પોતાની કશ કીધેલી રહેવાની જગાની બાહર આવતા નથી. (નોંધ જાસ્તીમાં જાસ્તી અષોઇના ૬૬ (છાંસથ) પગથ્યાં પસાર કીધેલાઓ પોતાના કશાની બાહર નીકળે છે.) તેઓ તો સમેટયાતી રૂવાનો છે, કારણ તેઓ છેક હસ્તીમાં પોતાના સબુત રૂવાનો સુધી ખએત્વોદય થયેલા છે.

તેઓની રહેવાની જગામાં દાખલ થવાનો દરવાજો પાણીમાં થઇને છે. કોઇને અંદર દાખલ કરવો હોય તો પોતના માંથ્રનાં બળથી પાણી તેટલો વખત બાજુ કરી દે છે, જેમકે બેહેરામ વરજાનંદને તાલીમ માટે અને મોટી મોટી બીકટ યસ્નોમાંથી પસાર કરવા અંદર લેતી વખતે પાણી બાજુ કીધાં હતાં ચએચસ્તના સાહેબોનું ઘણુંજ ટુંકુ બ્યાન આ અદનાની બીજી કેતાબની બીજી આવૃત્તિ શાહ બેહેરામ વરજાવંદ પાનાં ૪૨ થી ૪૪ ઉપર છે.

ઘણા આગલ વધેલા અષરનો ચાહે તો એક પણ ટીપું પાણી વાપડ્યા વગર બીજાને નાહન આપી શકે છે. હવે આ બીના આ કેતાબમાં લખવા માટે આ અદનાને સંકોચ થયા કરતો હતો; કારણ ઈલ્મે-ક્ષ્નુમીસ્તો તો નહિં, પણ સાધારણ હમદીન વાંચનારને તો એમ જ ખ્યાલ આવે કે આ લખનારના મગજનું ઇસકોરૂં કાંઇક ઢીલું થયું છે. કે શું !!! પણ તેટલાં એક સાયન્સનાં મેગેઝીનમાં નીચલું લખાણ વાંચવામાં આવ્યું, જેથી આ લખવાની હિંમત આવી ગઇ.

એ સાયન્સનાં મેગેઝીનમાં એમ લખેલું કે સાયન–ટીસ્ટોએ એવું મશીન બનાવ્યું છે કે જે બીલકુલ પાણી વાપડયા વગર ખરડાયલી રકાબીઓ અને બીજાં વાસણો સાફ કરે છે. જે કાંઈ સાફ કરવાનું હોય, તેની ઉપર એ મશીન એવી જોરદાર અવાજની ધ્વનીઓ (powerful sound waves) નો મારો ચલાવે છે કે તે વાચણને કાંઇ વળગેલું હોય તે તો નીકળી જાય, પણ ચીકાસ વટીક રહેવા પામે નહિં અને સંપૂર્ણ સ્વચ્છ થઈ જાય છે.

આપણને બધાંને – ખાસ કરીને મુંબઇગરાઓને વધુ–જીંદગીભરનો અનુભવ છે કે ઉનાળામાં આપણે પસીનાથી રેબઝેબ થઈ જઇને પછી કેવાબી આટ્રાબટ વાસ મારીયે છીએ. એક આબેદ પોતાના શરીરની અંદરથી ચાહે તેવો મઘમઘતો પમરાત પ્રગટાવી શકે છે, મોગરાંનો યા ગોલાબનો વિગેરે. (નોંધ – આબેદ આ કરે છે, તે કાંઈ છુપેથી સેંટ લવન્ડર વાપડીને નથી કરતો, પણ પોતાની અબોઇની શકિતના જોરથી કરી શકે છે.)

એક અપવન, જયારે કોઈ લાંબો વખત ચાલે એવી યસ્ન (કીયા) કરવા બેસે છે, ત્યારે પોતાનાં આંતરડાં ઉપર કશ મારે છે, કે જેથી કીયા ચાલુ હોય તેટલો વખત પેટને રસ્તે પવન સરે નહિં; કારણ એવે વખતે જો પવન સરે, તો કીયા રદ જાય અને પાછી નવેસરથી માંડવી પડે. હવે સાધારણ રીતે તો આબેદ જરાકબી પવન સરે એવું કાંઇકબી ખાતોજ નથી, છતાં એ બાબદમાં કોઈ જાતના

સંભવો (chances) રહી નહિં જાય માટે આંતરડાં ઉપર કશ મારવામાં આવે છે.

અષવનો માટે એક છેવટની હકીકત પ્રસંગોપાત થઈ પડશે.

દુન્યવી મોટાઈ અને આત્મિક ઉચ્ચ દરજ્જા વચ્ચે એક મુખ્ય ફરક એ છે કે દુન્યવી મોટાઈવાલો બેવડું વ્યક્તિત્વ (dual personality) ધરાવી શકે છે. તે જાહેરમાં નીતિમાન જીદગી ગુજારવાનો ઢોંગ કરી છુપેથી કેવીબી બદ ચાલની ઓરતો સાથે અનીતિમાન સંબંધ રાખતો હોય, છતાં તેની પોતાની લાઇનમાં આગળ પ્રોગ્રેસ કરીને મહાનતા મેળવીને પ્રખ્યાત થવામાં તેને કોઇ રીતની અલવલ આવતી નથી; અને એવા તો ઘણા ઘણા દાખલાઓ પ્રખ્યાત સંગીતકારોનાં યા તો પ્રખ્યાત ચિત્રકારોના જગ જાહેર છે.

પણ આત્મિક તરકકીમાં ગમે એટલું છુપેથી અનીતિ. ઠગાઇ યા લુચ્ચાઇ યા જરા પણ ન ઇચ્છવા જોગ વર્તણુંક કીધી હોય તો તેની બધીજ અષોઇ ખતમ થઇ જાય છે. તે સો વખત 'ઉસમોઇ ઉજારેષવા....'નો ફકશે ભણે છતાં એક પણ વખત સુખડ સળગી ઉઠતું નથી.

## ૪. નૈરયોસંઘ ધવલ
## તેમની આત્મિક મહાનતા

આજનો સાધારણ જરથોસ્તી અષોઈ એટલે શું અને અષવન કોણ કહેવાય તેટલું જાણતો નથી, તો પછી તેને નૈરયોસંઘ ધવલની આત્મિક મહાનતાનો ખ્યાલ કેમજ આવી શકે ? આશા રાખવામાં આવે છે કે, વહાલાં હુમદીન વાંચનારને, આનો કાંઈક ઝાંખો ખ્યાલ આગળી આઈટમો નં. ૨ અને નં. ૩ વાંચ્યા પછી જરૂર જ આવી ગયો હશે.

વહાલાં વાંચનારને બે હાથ જોડીને એક નમ્ર અરજ કરવામાં આવે છે. આ ચોપડીનું એક નવલકથા-(novel) ની માફક ઝડપી વાંચન કરશો નહિં, કારણ તેમ કર્યાથી ઝાઝું જ્ઞાન પ્રાપ્ત થશે નહિં. આ કેતાબને એક મેથમેટીક્સ યા સાયન્સની ચોપડી માફક અભ્યાસની રૂહિથી વાંચવી અને એમ કર્યાથી જ કોઇક અગત્યની આત્મિક બીનાઓનો, કાંઇ નહિં તો ઝાંખો છાપ્પી, જીંદગીભર મન ઉપર ઠસેલો રહેશે.

જે માણસના નસીબમાં ગ્રહોની શુભ નઝરાત હોય, તે આ જ્ઞાન તરફ ખેંચાયા વગર રહે જ નહિ.

ઇરાન પડયા પછી દોઢસો વરસ સુધી જરથોસ્તી સેપાહપતિઓએ કોહેસ્તાન (પહાડી મુલક) ઉપર રાજ કીધું.

આરબોએ આખરે કોહેસ્તાનનો મુલકબી જીત્યો, તે કાંઈ બહાદુરીથી નહિં પણ દગા ફટકાથી. પણ કોહેસ્તાન પડે તેની કેટલાંક વરસો અગાઉ જે જરથોશ્તી ટોળો ધર્મની જાળવણી કાજે દરયાનાં માર્ગે દેશ છોડી જવાનો હતો, તે ઈરાનની દક્ષીણમાં હોરમજદ બંદરે આવીને થોભ્યો.

ઉસ્તાદ સાહેબની આગળ એક વખતે અંદેરીમાં એક જણાએ સવાલ પુછ્યો કે, 'સાહેબ, પારસીઓ હિંદુસ્તાન દરિયાઇ માર્ગે કાંય આવ્યા ?' તે વખતે દરિયાઈ ચાંચિયાઓનું જોર ઘણું જ હતું તો જમીન માર્ગે કાંય નહિં આવ્યા ?' ઉસ્તાદ સાહેબે જવાબ આપ્યો કે, 'હા, ખરી વાત છે કે તે વખતે દરિયાઇ ચાંચિયાઓનું જોર ઘણું હતું, પણ તે છતાં દરિયાઇ રસ્તે આવવાનું સહેલું હતું, કારણ જમીન ઉપર કેટલેક ઠેકાણે અરવાહીઓનાં થાણાં હતાં, જ્યારે વહાણ ઉપર દરિયામાં તો એક મોબેદબી ચોંપ રાખવા પુરતો હતો કે જેવા ચાંચિયાઓ દેખાય કે નીરંગ ભણીને વહાણને તેઓથી અદૃષ્ય કરી નાંખે.'

'હવે આ તો બધા જાણે છે કે પાણી ઓળંગ્યું, પછી ભલેને ફકત બે ફુટ પહોલું નાળું બી કાંય નહિં હોય, કે તરતજ બરશનુંમ ખતા થાય છે, તો અહિંયા તો સેંકડો માઇલ દરયો ઓળંગ્યો છતાં કોઇનુંબી બરશ્નુંમ તુટ્યું નહિં, કારણ કે નૈરયોસંઘ યવત છે કૃશના અપવન હોવાથી પાણી

ઉપરથી કશ મારીં શકતા હતા. તેવણે દરેક વહાણની આસ-પાસ કશ મારેલા કે જેથી કોઇનાથી બરશ્નુમને જરા પણ અલવલ આવી નહિં.

બીજો સવાલ એ ઉભો થાય છે કે આવી લાંબી દરિયાઈ મુસાફરીમાં પેશાબ અને મેલું તો જરૂર જ પાણીમાં નાંખ્યું હશે, તો શું બરશ્નુમ ખતા નહિં થયું ?

અસલથીજ ઇરાનીઓની વહાણો બાંધવાની કુશળતાની કોઈ બરોબરી કરી શકતું હતું નહિં. હિંદમાં પણ પારસીઓનાં બાંધેલાં વહાણો વખણાંયાં છે અને ખુદ બ્રીટીશોએ મોટી ખુશીથી વાપડયાં છે તેની પુરવારી ઇતિહાસમાંથી મલે છે.

જે વહાણોમાં જરથોશ્તી અંજુમન હિંદ આવી તે વહાણોને ફત્તેહમારીઓ તરીકે ઓળખતા હતા. એ ફત્તેહમારીઓ જો કે યાંત્રીક નહિં હતી, સઢવાલી હતી, છતાં કદમાં બહુ ગંજાવર હતી અને દરેકમાં અલગ વિભાગ રાખેલો જયાં બધું મેલું એકઠું થયા કરે. જયારે જયારે બંદર કરે, ત્યારે તે બધું મેલું જમીન ઉપર ઠાલવી દે:

જેમ નૈર્યોસંઘ ધવલ મહાન આત્મિક દરજાના ૭ કૃશના અષવન હતા, તેમ ફત્તેહમારીઓમાં તેઓ સાથે આવેલી અંજુમનબી કાંઇક અનોખી કીસમની હતી. તે અંજુમનમાં કીમ્યાગરોબી હતા અને બીજાઓ કેસાસે સાદેના (સાદા કર્મના) હતા યાને તેઓ કોઇ ધંધાને લગતા

નહિં હતા, તેમજ બીજા સાત અષવનો હતા.

તે અંજુમનમાં કીમ્યાગરોબી હતા તેનો અર્થ કાંઇ એમ નથી થતો કે ધવલ સાહેબ સોનું બનાવવનું જાણતા નહિં હતા. તેવણને ખમર તો ખરી પણ તેવણ એટલા બધા આગલ વધેલા હતા કે એ કેસાસમાં નહિં પડે. કીમ્યું બનાવીને તેના કેસાસનો ભાર ઉંચકવો પડે છે. ખુદ કીમ્યાગરોબી જો કે દુન્યામાં જેટલી ખાક છે, તેનું કીમ્યું તેઓ કરી શકે, છતાંબી કીમ્યુ કાંઇ જેમ ગમે તેમ નહિં બનાવે, પણ ઘણુંજ ઓછું ફકત ખપ જોયુંજ બનાવે.

*

## ૫ હિંદમાં આગમન-કીસ્સે સંજાણ

ઇતિહાસકારો વચ્ચે મતફેરી છે કે ઇરાનથી જે અંજુમન આવી તે પહેલે દીવ બંદરે ઉતરી કે સંજાણ ઉતરી, પણ સાધારણ રીતે એમ મનાય છે કે દીવ બંદરે ૧૯ વરસ રહ્યા પછી સંજાણ જઇને ઠરીઠામ થયા.

ખાસ પાવમહેલના દ્રષ્ટિબીંદુથી લખાયલી ચોપડી તે કીસ્સે સંજાન છે. ઇ. સ. ૧૫૯૯માં એરવદ બહમન કેકોબાદે એને ફારસી બેતબાજીમાં લખી છે. એક સંસ્કારી અથોરનાન-જાદાની ખેરદ અને જ્ઞાનનું આ પરિણામ છે એક સવાલ ઉભો થાય છે કે એવણે શું કામ એ ચોપડી સરળ ફારસીમાં નહિં લખી અને ખાસ બેતબાજીમાં શાહનામાંની સ્ટાઇલ ઉપર કાંય લખી? એ બતાવે છે કે શાહનામાંના કીસ્સાઓ જેટલીજ અગત્યતા એનીબી છે, જો કે એ લખવાની સ્ટાઇલ શાહનામાં જેટલી ઊંચી Level એ પુગી નથી.

કીસ્સે સંજાનનો છેડો વરજાવંદ સાહેબનો જન્મ થવામાં આવે છે. એરવદ બહમન કેકોબાદે કીસ્સે સંજાન નામ અમથું આપ્યું નહિં હોય, પણ જરૂર જ પોતાના ઉસ્તાદને પુછીને આપ્યું હશે.

કીસ્સે સંજાન કાંય ઉભો થયો? જેથી જાહેર દુન્યામાંથી દીન નાબુદ નહિં થાય તે માટે. જાહેર દુન્યામાં દીનની જરૂર છે, કારણ કે ગેતીમાં દએવ (દુજ) બેઠેલો છે.

કીસ્સે સંજાનમાં કહે છે કે પારસીઓ જ્યારે દીવ બંદરે ઉતર્યા ત્યારે તેઓના બુઝોર્ગ સરદારની ઉંમર યાને નૌરયોસંઘ ધવલની ઉંમર ૯૦ (નેવું) વરસની હતી. ઘણું ખરૂં અશવનો ૧૨૦ વરસની જીંદગી ગુજારે છે, પછી કાંઇ ખાસ કામસર એનેથીબી વધારે જીવે તે વાત જુદી છે.

આબેદો અને અશવનોનું ઘણું ખરૂં કામ શું હોય છે? બસ દુઆ, દુઆ અને દુઆજ આખી ગેતિ ઉપર કર્યા કરે. એ બધામાં સૌથી સપ્પર પહેલી દુવા તેઓ બીજા આબેદો ઉપરબી નહિં, પણ હિંદુસ્તાનની બસ્તેકુસ્તીયાન કોમ ઉપર કરે છે.

કહેવાતા સુધારકોને કીસ્સે સંજાન બહુ ખુંચે છે, કારણ એમાં બધી તરીકતો જેમકે માસીકમાં અલાહેદ બેસવું જોઇયે, નીરંગ વાપડવો જોઇયે, સુવાવડી હાલત ૪૦ દહાડા પાલવી જોઇયે વિગેરે લખ્યું છે.

કીસ્સામાં લખે છે કે ૧૯ વરસ દીવમાં રહ્યા પછી નૌરયોસંઘ ધવલે કહ્યું કે 'ચાલો હવે આપણને બીજી જગ્યાએ જવું જોઇયે.' એ સાભળીને બધાઓ ઘણાજ ખુશી થયા.

કાંય એમ કાંય કે જેમતેમ ઠરીઠામ થયા પછી તેઓ બીજી જગ્યાએ રખડપતી કરવા ખુશી થયા? પણ નહિં એમ નથી. ખુશી થયા, એ ખુલ્લું બતાવે છે કે તેઓની કોઇ Goal હતી, તેથી તેઓ પોતાની Goal નજદીક જવા ખુશી થયા. તેઓની Goal તે ગુજરાતમાં પાવમહેલ સ્થાપવાની હતી,

## ૬ સંજાન ઉતરી તે અંજુમન

જે અંજુમન સંજાન ઉતરી તે લોકોના પોશાકોનો તો આપણે ખ્યાલબી નથી કરી શકતા. સાધારણ કામે એક જાતનો પોશાક, ક્રિયાકામ કરે ત્યારે તેનો જુદી જ જાતનો અને કોઇ ગુજરી જાય, ત્યારે જે પહેડે તે તો ફેંકી જ દે, પાછો નહિં પહેડે. એવી જાતની નસાબદી તેઓ પાલતા હતા.

શેઠ જહાંગીર ચીનીવાલાનો મત :–

હું સાત વરસનો હતો, ત્યારે મેં એવા પારસીઓ જોયા છે કે તેમાંનો એક જ બળદના ગાડાંમાં બેસે, તો ગાડુ ભરાઈ જાય, તો પછી સંજાન ઉતરી તે અંજુમનના સાહેબો તો કેવાબી હશે!

જાદીરાણા તેઓને જોઇને ગભરાઇ જાય તેમાં કાંઇ નવાઇ છે ?

*

## ૭. જાદીરાણાએ નૈરયોસંઘને મોકલેલો દુધનો હાંડો

જ્યારે મુબેદ નૈરયોસંઘે જાદીરાણા પાસે સંજાનમાં ઠરી ઠામ થવાની પરવાનગી મંગાવી ત્યારે તે નેક અને જ્ઞાની રાણાએ પોતાના દરબારીઓ અને પંડિતો સાથે મશાવરત કરીને એક છગાછળ દુધથી ભરેલો હાંડો નૈરયો-સંઘ ઉપર મોકલ્યો. મજકુર હાંડો જોઇને તેની મકસદ તે અષવન સાહેબ તુરત પામી ગયા અને પોતાની આંગળી-માંથી એક કિંમતી ઝવેરાતથી જડેલી વીંટી તે દુધમાં નાંખી તે હાંડો જાદીરાણા ઉપર પાછો મોકલ્યો.

એનો અર્થ એટલો જ છે કે જાદીરાણાએ કહેવાડયું કે મારૂં શેહેર આ દુધનાં હાંડા માફક છગાછળ ભરાયેલું છે, અને તમારે માટે અહીંયા જગા થાએ તેમ નથી.

પણ નૈરયોસંઘ સાહેબે જવાબ મોકલ્યો કે અમો આ વીંટીના જેવા કિંમતી છઇએ, અને તે વીંટી જેમ હાંડાને તલીએ જઇને બેસી ગઇ છે, તેમ તારા શાહેરમાં અમો કિંમતી ક્યાં સમાઇ જઇશું તે માલમ પણ નહિં પડશે.

## ૮ જાદીરાણા

જાદીરાણા પોતે અને તેમની દરબારના વીદવાનો કેટલા મહાજ્ઞાની અને આત્મવાદી હતા તેનો આપણને કાંઇ ખ્યાલ આવી શકતો નથી.

જાદી રાણાએ નૈર્યો સંઘને પોતાની ઓળખ આપવા કહ્યું ત્યારે એવણે બીજી હકીકતોની સાથે એઓની અંજુમન શું શું તરીકતો પાલે છે, તેની ઉપર ખાસ ભાર મુકયો હતો. દાખલા તરીકે માસીકમાં અલાહેદું બેસવાનું, તરો વાપડવાનો, સુવાવડી હાલત ૪૦ દહાડા પાલવાની વિગેરે. (નોંધ :—અફસોસ કે આજે તો કોમના ઘણા મોટા ભાગમાંથી એ બધું અદ્રષ્ય થઇ ગયું છે.)

જાદીરાણાએ અમુક શરતોને આધીન પોતાના રાજમાં રેહેવાની પરવાનગી આપી. જે એક ચીજ સમજ નહિં પડતી તે એ છે કે જાદીરાણાએ બધી શરતો કીધી કે તમે લોકો અમારી ભાષા વાપડો વિગેરે, તેમાં એમ શરત શું કામ કીધી હશે કે તમે અને તમારાં બૈરાંઓ અમારો હિંદુ પોષાક પહેડો.

દસ્તુર નૈર્યોસંઘ ધવલે જાદીરાણાને કહ્યું કે, 'અમો એવું આતશ બેહેરામ ઉભું કરવા માંગીએ છીએ કે જેની આણ આખા હિંદુસ્તાન ઉપર હોય'

અહિંયા નોંધવાજોગ એ છે કે, જાદીરાણાની હુકુમત કાંઇ આખા હિંદુસ્તાન ઉપર નહિં હતી, છતાં દસ્તુર નૈર્યોસંઘ એમ કહે છે, એ બતાવે છે કે તે વખતે હિંદુસ્તાનમાં આતશ બેહેરામ નહિં હશે.

## ૯. હિંદમાં નવોજ પાવમહેલ કાંય સ્થાપ્યો ?

દસ્તુર નૈરયોસંઘ ધવલે હિંદમાં નવોજ પાવમહેલ કાંય ઉભો કીધો, જો કે ઇરાનમાં તે વખતે આલાતો તો હતા તો તેજ સીલસીલાનાં આલાતો હિંદમાં ઉભા કરી શકાતે.

એનું કારણ એમ છે કે જેમ એક નવી જ દવા હોય અને તેની વધારે સારી અસર અને જોશ હોય; તેમજ નવા પાવમહેલથી અંજુમનમાં વધારે સારો જોશ પેદા પડી શકે.

જરથોશ્તી ઇરાની શહેનશાહત વખતે ઇરાનીઓ જે જે દેશોમાં ગયેલા તે તે દેશોમાં જેમ કે ચીન વગેરે ત્યાં પાવમહેલો ઉભા કીધા હતા, પણ તે બધા ખેંચાઈ ગયા, જ્યારે આય હુજી ઉભો છે, કારણ કે એ તો નરોના નર શશ (છ) કુશના દસ્તુર નૈરયોસંઘે સ્થાપેલો છે.

## ૧૦. ધવલે પાવમહેલ બાંધવા કેવી જગા પસંદ કીધી?

નૈરયોસંઘે પાવમહેલ બાંધવા, જે જગા પસંદ કીધી, તે જગા રાયના ગોસ્પંદોને બાંધવા સારૂં વપડાતી હતી, કે જે જમીન ઉપર પુષ્કળ ગોસ્પંદોનો અધાર પડી પડીને ખુશ્નુદ થયેલી હતી.

નવો પાવમહેલ ઉભો કરવાની જગા સાફસુફી પછી તૈયાર થઇ પછી લખે છે (કીસ્સે સંજાણમાં) કે ત્યાં ફકત બેહદીન મરદોનેજ ઉભા રહેવા દીધા. બાનુંઓ તો ફકત અષવન હોય તોજ ત્યાં હાજર રહી શકે. બાકી આમ તોરની બાનુંઓથી ત્યાં રહેવાય નહિં.

બેહદીનોને માટે બધું કામ સહેલું હતું, કારણ ખુરસાનથી તેઓ આલાત લાવેલા હતા તે જમાનામાં તો બધાજ દીનના કામો કરવાની તરતિબ (Method) થી આગાહ અને પુરેપુરા વાકેફગાર હતા. લખે છે કે બેહદીનો પોતાને કામે લાગા અને જુદદીનોને તેઓને કામે લગાડયા! એ બતાવે છે કે દસ્તુર નૈરયોસંઘનો શું દરજ્જો હશે. એવણે જુદદીનોનેબી તેઓને લાયકનું કાંઇ એવું કરવા કહ્યું હશે, જેથી પોતાના કામમાં વધારે મદદ મલી રહે.

કહે છે કે કારે નીરંગ માટે ત્રણ ફરસંગ સુધીની

જગા જુદદીનોથી ખાલી કરાવી, કારણ તે જગાએ જુદદી-નની હાજરી તો શું પણ ત્યાં ફક્ત જુદદીનનો અવાજ બી પુગે તો કારે નીરંગનું કામ રદ થઇ જાય. કારે નીરંગ એટલે કાંઇ આતશ બેહેરામ બાંધવાનું કામ નહિં, પણ ખુદ નવો પાવમહેલ ઉભો કરવાની વાત છે.

જગાની પસંદગી કર્યા પછી, પહેલા ચાર મહીના સુધી આ મેદાન ઉપર સખતમાં સખત સુર્યનો તડકો ચાલુ પડવા દેવામાં આવે છે. આમ થવે ત્યાંથી તમામ દ્રુજ કુદરતને અચુક કાયદે દુર થઈ જઇ, ત્યાં અમુક મરતબાની કુદરતી મગનાતીસ સાથનો તે વીસ્તાર બનીને ઉભો રહે છે. આ મોટા વીસ્તારને અમુક ખાસ દ્રષ્ટી બીન્દુઓથી તપાસી તેને બહારનાઓની નજરે અંદર જે ક્રીયાઓ થાય તે દેખાય નહિં તેવી રીતે ઘેરી લેવામાં આવે છે.

આ મોટા વીસ્તારના નવમાં ભાગને ખાસ અંદરનો બીજો કસ મારીને, પાછો ખાસ રીતે ઘેરી લેવામાં આવે છે અને તેની વચમાં શરૂઆતથીજ એક મોટો ખાસ પ્રકારનો પત્થરનો હીંદોરો રાખી મુકવામાં આવે છે. જેમ પેલી જમીન તડકો ખાય છે અને સ્વચ્છ થાય છે તેમ પેલો ઇજશને ગાહમાં હોય છે તેના જેવો ખાસ પ્રકારનો પથ્થરનો હીંદોરો પણ ત્યાં તડકો ખાઇને કસોની અંદર પાવ થઇને રહે છે. એ પથ્થરનાં હીંદોરાની નજદીકમાંજ એક મજબુત વરસાદમાં ગળતર નહિં થાય તેવાં છાપરાં સાથનું ઝુંપડું બાંધીને તૈયાર રાખવામાં આવે છે.

## ૧૧ આતશ બહેરામ પરથાવતી વખતે કયા સોળ આતશો લેવામાં આવે છે

જરથોસ્તી દીનમાં આતશપરસ્તીના જે ફરમાનો આપેલાં છે, તેમાં આતશ બહેરામ સાહેબ પરથાવવાનું ફરમાન મુખ્ય છે. આ દુન્યામાં પોતાના કર્મના ભોગવટાને માટે કોઇ પણ ધંધો ધાપો કરનારા ઇનસાનોને ઘેરના, ૧૫ ધંધાદારીઓના આતશો અને સોળમો વીજળીનો આતશ મેલવીને આતશ બહેરામ સાહેબ પરથાવવાની રૂઢીઓ દીનમાં ફરમાવવામાં આવેલી છે.

અશો જરથુશ્ત્ર (તે મુબારક નામની એજમતી અસર કુલ દુન્યા ઉપર ફેલાવો) સાહેબનાં આવવા અગાઉ જુદા પ્રકારનાં આતશ બહેરામો હતાં અને ખુદ જરથુશ્ત્ર સાહેબે આતશ બહેરામ પરથાવવાની જે રૂઢી ફરમાવેલી છે તેમાં પણ અવ્વલ અને દુવ્વુમ યાને પહેલાં ઉત્તમ દરજાનું અને બીજા ઉતરતા દરજાનું આતશ બહેરામ પરથાવવામાં ફરક રહે છે.

જે સોળ આતશોને પહાડીઆમાંથી ચલાવીને આતશ-બહેરામ પાદશાહને આરાસ્તેહ કરવામાં આવે છે, તેના આ ગેતીના સ્વરૂપમાં મીનોઇ, હસ્તી અથવા નીસ્તીના કયા આતશોનો શીલસીલો ઉશ્તાન મારફતે ખેંચાયલો હોય છે તે જોઇશું.

૧ આતશબહેરામ સાહેબની સાઝશનીમાં મુડદાં બાળનારનો આતશ લેવામાં આવે છે. ગુજરેલાં શબોને બાળવાથી માંડી મુરદાર તન સાથે વાસ્તો અથવા સંબંધ રાખતા અનેક ધંધો કરનારાઓના આતશોમાં ઉસ્તાન (પ્રાણ વાયુ) મારફતે આઠમાં અનઘ્રરઓચાઓના આસમાનનાં આતશો બરેજોસવંધ સાથે આડકતરો સંબંધ હોય છે. અનઘ્રરઓચાઓ આસમાનનું નામ છે.

૨. આતશબહેરામની સાઝશનીમાં જે બીજો આતશ લેવામાં આવે છે, તે રંગરેજ (Dyer) નો આતશ છે. આ આતશનો સંબંધ ઉશ્તાન મારફતે, સાતમાં શનીના આસમાન ઉપરના આતરે ખોરદાદે તુરફી સાથે આડકતરી રીતનો હોય છે.

૩. આતશબહેરામની બનાવટમાં જે ત્રીજો આતશ લેવામાં આવે છે તે હુમામખાનાના હુમામનો આતશ છે. આ આતશને નીસ્તીના આતશે ઉરવાઝીસ્તે શરીફ સાથે ઉશ્તાન મારફતે સંબંધ હોય છે. નીસ્તીમાં જયાં સુક્ષ્મ બાદના અનાસરોના કુરરાઓ છે ત્યાંના આતશ સાથે આને સંબધ હોય છે.

૪. આતશ બહેરામની સાઝશનીમાં જે ચોથો આતશ લેવામાં આવે છે તે આતશે કુજેગર (કુંભાર) યાને મટોડીને પકાવીને તેના વાસણો વગેરે બનાવનારનો આતશ હોય છે. આ આતશને ઉશ્તાન મારફતે નીસ્તીમાંના આતરે

સ્પેનીશ્તે શરીફ સાથે આડકટરો સંબંધ હોય છે. સુક્ષ્મ ખાકના અનાસરના જ્યાં કુરરાઓ હોય છે, ત્યાં આતરે સ્પેનીશ્તે શરીફ હોય છે.

૫. પાંચમો આતશ જે આતશ બહેરામની સાઝશનીમાં કામે લગાડવામાં આવે છે તે ખેશ્તકાર છે યાને મટોડાંની ઈંટો પકાવનારને ત્યાંનો આતશ હોય છે. આ આતશને ગેતી માંહેલા આતશો સ્પેનીશ્તે કસીફ સાથે ઉશ્તાન મારફતે સંબંધ હોય છે.

૬. આતશ બહેરામની સાઝશનીમાં છઠ્ઠો આતશો સગારયા અથવા દુરવેશને ત્યાંનો આતશ કામે લગાડવામાં આવે છે. કંસારાનો અથવા દુરવેશનો ખાનું પકાવવાનો આ આતશ હોય છે અને આ આતશ નીસ્તીના આતરે મીનોકરકો સાથે ઉશ્તાન મારફતે સંબંધ રાખે છે. આતરે મીનોકરકોનું મુળ આશ્રો અહુરહે મઝદાઓ પુથ્રમાંથી છે અને નીસ્તી ઉભી કરવા માટે જ તે નીસ્તીનાં પાયામાં પેદા પડે છે.

૭. સાતમો આતશ ઝરગર અથવા રસાનીનો એટલે સોનાર અથવા કીમીઆગરને ત્યાંનો આતશ આતશ-બહેરામની સાઝશનીમા લેવામાં આવે છે. આ આતશને ઉશ્તાન મારફતે આદર ખુરઝીન મેહરે તુરફા સાથે સંબંધ હોય છે.

૮. આઠમો આતશ ટંકસાલ અથવા રૂપાંકામ કરનારનો

આતશ-બહેરામની સાઝરનીમાં લેવામાં આવે છે અને આ આતશને ઉશ્તાન મારફતે આદર બુરઝીન મેહરે તનજ્જુલ સાથે સંબંધ હોય છે.

૯. નવમો આતશ લુહારનો આતશ લેવામાં આવે છે. આ આ આતશને ઉશ્તાન મારફતે આદરે ખોરદાદે તનજ્જુલનો આડકટરો સંબંધ હોય છે.

૧૦. દસમો આતશ પોલાદના હથ્યારો બનાવનારાનો લેવામાં આવે છે કે જેની અંદર ઉશ્તાન મારફતે આદર ગુશસ્પે તનજ્જુલનો આડકટરો સંબંધ હોય છે.

૧૧. અગ્યારમો આતશ ભઠીયારાનો આતશ હોય છે કે જેને ઉશ્તાન મારફતે આતરે વાજીસ્તે શરીફ સાથે આડકતરો સંબંધ હોય છે.

૧૨. બારમો આતશ બુતપરસ્ત કલાલનો લેવામાં આવે છે કે જેને ઉશ્તાન મારફતે આદર ગુશસ્પે તુરફા સાથે આડકતરો સંબંધ હોય છે.

૧૩. તેરમો આતશ પાદશાહના લશ્કરનો વગેરેનો લેવામાં આવે છે કે જેને આતશે ખોરદાદે તનજ્જુલ સાથે સંબંધ હોય છે.

૧૪. ચૌદમો આતશ ભરવાડ અથવા ગોવાલ્યાને ત્યાંનો લેવામાં આવે છે કે જેને ઉશ્તાન મારફતે આડકટરો સંબંધ આદર બુરઝીન મેહેર તનજ્જુલ સાથે હોય છે.

૧૫. પંદરમો આતશ જે ઝમરીરે અફ્સલનો લેવામાં આવે છે, તેને બુરજીન મેહુરે તનજ્જુલ સાથે ઉશ્તાન મારફતે આડકતરો સંબંધ હોય છે.

૧૬. સોળમો આતશ જે ત્રણ ભાગે લેવામાં આવે છે, તેમાં ઉશ્તાત મારફતે ત્રણ જુદા જુદા આતશો સાથે સંબંધ રહે છે. ગુરૂની વર્ણના દસ્તુર, અથોરનાન અથવા ખેડુતને ત્યાંના લેવામાં આવતા આતશમાં ખાલેસ આદરે ફ્રોબાનાં આતશનો સંબંધ હોય છે. છીનાબ અને કંથારના લાકડાંઓને ઘસીને જે આતશ પેદા કરવામાં આવે છે તેમાં આદર બુરજીન મહેર તુરફાનો સંબંધ હોય છે, અને માંથ્રનાં અમલથી જે વીજળીના આતશને ઉતારવામાં આવે છે તેમાં આથ્રો અહુરહેમઝદાઓ પુથ્રનો સીધો સંબંધ હોય છે.

ત્યારે જે કોઇ ઇનસાન અમુક ધંધામાંથી પોતાની આજીવીકા મેલવતો હોય તેના રાત દીવસનાં વિચારોનો સંબંધ તેના ઘેરનાં ખોરાક રાંધવાનાં આતશમાં અથવા ધંધાની ભઠ્ઠીનાં આતશમાં પકડાય છે અને તે આતશનો પોતાનો સંબંધ મીનોઇ, હસ્તી અથવા નીસ્તીનાં કોઇ પણ તબકકાના આતશ સાથે હોય છે, એટલે ગેતીના આતશને આવી રીતે ઉપલી આલમોનાં આતશો સાથે સંબંધ હોય છે. ઇનસાન જયારે આતશનો ઉપયોગ પોતાના ખોરાક પકાવવામાં અથવા ધંધો કરવામાં ઉપયોગમાં લે છે ત્યારે તેની પોતાની અઇપીનો (વાતાવરણનો) અને પોતાના ગદલા

વીચારો વગેરેનો ભાર અને અભદાત આતશને લાગે છે, અને ગેતીમાંના આતશ માત્રની ઉપર અમુક તેવો એજાબ ચાલુ પડી રહેલો છે.

ખરેખરો આતશ પરસ્ત બસ્તે કુસ્તીઆન માઝદીયસ્ની જરથોશ્તી તેજ કહેવાય કે જે આતશની ઉપર ઓછામાં ઓછો આજાબ પાડે અને જ્યારે જ્યારે તેવો આજાબ પાડવાનાં સંજોગો ફરજીઆત ઉભા થાય, ત્યારે જરથુશ્ત્ર (તે મુબારક નામની એજમતી અસર કુલ દુન્યા ઉપર ફેલાવો) સાહેબે દેખાડેલી તરતિબે (methodથી) તેની ઉપરના આજાબને તે ઓછો કરતો રહે.

ખોરાક પકાવવાને માટે અને કોઇ પણ ધંધાને અંગે ફરજીઆત આતશનો ઉપયોગ કરવો પડે તે સમજી શકાય તેવો છે. પણ એક બસ્તેકુસ્તીઆન આતશ પરસ્ત ઈરાદાપુર્વક અને જાણીબુજીને બીડી, સીગાર, પાઈપ પોતાને નશો કરવા માટે ફુંકે તો તે વખતે આતશ ઉપર બેવડો એજાબનો ભાર પડે છે. એક ભાર તો માદક પદાર્થને બાલવાથી પેદા પડે છે, અને બીજો ભાર તે ઇનસાનના પોતાના વાતાવરણ (અઇપી)ની ગલીચીનો પેદા પડે છે. બીડી પીવી તદદન અજરથોસ્તી છે, અને તેમાં કુદરતના કાનુન મુજબ ગુનાહ માથે ઉપાડવાનું કામ છે.

આતશ બહેરામ સાહેબની સાઝશનીમાં મીનાઇ, હસ્તી અને નીસ્તીનો સંબંધ ઉભો કરનારી એક તલેસમાતીક

સંસ્થા ઉભી કરવાની તરતિબ જરથુશ્ત્ર સાહેબ આપી ગયા છે. આતશબહેરામો કુલ આદમજાતની રૂવાન ઓખ્તગીમાં મુંગો અને ધીમો ફાળો આપે છે. (નોંધ: એ રીતે જરથોસ્તી દીન સાર્વજનીક કહેવાય ખરી). જે ધરતી ઉપર આતશ–બેહેરામ હોય અને જયાં આતશપરસ્તી થતી હોય તે ભુમી ભાગ્યશાલી ગણાય છે. નાનકડી પારસી કોમની જાહોજલાલીનું પાયારૂપી કારણ તેઓની દીન છે, એમ જે બોલાતું આવ્યું છે, તેનો આવો કાંઇક મર્મ છે, કારણ તેઓની આતશ પરસ્તીમાંથી કુદરતના ગેબી આશીશો તેઓ ઉપર ઉતરે છે.

(પારસી આવાઝ તારીખ ૧૩–૨–૧૯૫૫ પાનું ૫મું)

## ૧૨. માંથ્રનાં અમલથી

## ઉતારેલો

## વીજળીનો આતશ

*

## જરથોસ્તી દીનની

## આત્મીક મહાનતા

## દરશાવતો મોજજો

*

કુદરતમાં ખીઝાનો ભેદ છે, યાને અનાસરો સ્વરૂપ બદલો કરીને ઉપર ઉડવાનો ભેદ છે. (નોંધ :– ફારસી ઝબાનમાં ખીશ્તન–To rise. Imperative ખીઝ). દાખલા તરીકે દરીયાના પાણી સુર્યની ગરમીથી વરાળરૂપ થઇ ધીમે ધીમે ઉપર ઉડે છે અને તેમાંથી વાદળાં બંધાય છે. આવી જ રીતે તદન નહિં પકડી શકાય તેવી રીતે ધરતીની ખાકની અતી ઝીણી રજકણો કુદરતના ખીઝાના ભેદમાં હુવામાં ઉપર ઉડી છેવટે ત્યાં તેના ગઠ્ઠાઓ અથવા ચોરસાઓ બંધાઇને, તે બધા ચોરસાઓ હુવામાં અદ્ધર લટકતા રહે છે અને અમુક મરતબે તે પાછા નીચે પડે છે.

આને જંગલમાં પડતો ધુળ અને પથરાનો વરસાદ કહેલો છે અને રાહદારીઓને આવા અનુભવો થાય છે અને તેની નોંધ પણ લેવાયલી છે. આમ પેલો વીજળીનો આતશ કોઇક વખત આવા ચોરસાઓને સળગાવી ચળકતા અને ચમકતા બનાવે છે અને જયારે તેઓ જમીન ઉપર પડે છે, ત્યારે આપણે તેઓને ખરતા તારાઓની ઉપમા આપ્યે છીએ.

આ ચોરસાઓ ખુદ બ ખુદ સળગતા હોય છે અને તેમાંનો આતશ સળગાવી લઇ તેનો ઉપયોગ પણ આતશ-બહેરામની સાઝશનીમાં લેવાનું દીનનું ફરમાન છે. આવા ચોરસાઓનાં આતશને પણ ઝમરીરે અફસલના આતશ તરીકે ઓળખાવેલો છે. વળી અવ્વલ મરતબાના મોટા આતશ બહેરામ પાદશાહોની સાઝશની વખતે, મોટા અષવન નર

મગવ સાહેબની રહેબરી હેઠળ જોરની શકિત ખીલવેલા મોટા મોટા સોળ મોબેદોની મદદ વડે વીજળીના ઝમરીરે અફસલનાં વીજળીનાં આતશને ખાસ તરતિબ (Method)થી ફ્ષુષ માંથ્રના અમલનાં બળથી નીચે ઉતારવામાં આવે છે. આવા મહાન કાર્યને દીનનાં નીરંગવર તરીકે ઓળખાવેલું છે.

## મોજેજો

ઝમરીરે અફ્સલનાં આતશની વીજળી ઉતારવા માટે એક મોટા સ્રોષાવરેઝ અથવા નાયબ સ્રોષવરેઝને તબકકેના બુઝોર્ગ નર અષવનની રહેબરી હેઠળ, આંઠ બહુ આલા મરતબાના અષવનો અથવા મોબેદ સાહેબોની જોડ અમુક માંથ્રનાં અમલો કરી ખાસ નાહનોમાંથી પસાર કરીને તૈયાર રાખવામાં આવે છે.

જ્યારે પેલો નીરંગવર શરૂ થાય છે, ત્યારે પેલી આંઠ જોડોમાંની અમુક જોડ પોતાનો અમલ તાઝેહ કરી, કુસ્તી પાદ-યાવ કરી, સરોશની બાજ ઇજી, બા-કાનુન હુમકલામ થઈ, ત્યાંથી નજદીકમાં ઉભેલા કપાસના ખેતરમાં જાય છે. આવો નીરંગવર કરવાં પહેલાં એવો જમીનનો વીસ્તાર જ પસંદ કરવામાં આવે છે, કે જેની અતરાફમાં નજદીકમાં કપાસનાં ખેતર તેમજ સુખડના ઝાડો હોય. પછી પેલી મોબેદોની જોડ, જેમ ઉરવરામને બા-કાનુન લેવામાં આવે છે, તેમ કપાસનાં ડીંડવાંઓને માંથ્ર ભણુતાં ભણુતાં કાપી લે છે.

આવી રીતે કપાસનાં ડીંડવાંઓને કાપી લીધા પછી

તેવી જ રૂઢીએ, તેઓ પોતેજ માંથ્ર ભણતાં ભણતાં સુખડનું ઝાડ કાપી તેમાંથી એક મોટી ચાકી તૈયાર કરે છે, અને તેમાંથી થોડો સુખડનો ભુકો પણ પાડે છે. આવી રીતે તૈયાર કીધેલાં કપાસનાં ડીંડવાંમાંથી પછી રૂ બાહેર કાઢે છે અને પેલી સુખડની ચાકી તેમજ સુખડનો ભુકો તથા પેલો રૂ વીગેરેને પાછા ઇજે છે.

આમ બધું તૈયાર કર્યા પછી પેલા હીંદોરા ઉપર પેલી સુખડની ચાકીને મુકી સુખડના ભુકાને રૂની સાથે અમુક તરતિબ (metthod)થી પેલી ચાકીમાં પાડેલાં સુરાખમાં (કાણુંમાં) ગોઠવીને બધું આરાસ્તે કરવામાં આવે છે.

આ બધી તૈયારી થઇ રહ્યા બાદ, પેલી આંઠ અમલદાર મુબેદોની જોડ સરોશની બાજે પાછી ઇજી, અમુક તરતિબથી પોતાના અમલને પાછો તાઝેહ કરી, પેલા અંદરના કસનાં વીસ્તારમાં ચાર દિસાનાં ચાર ખુણાઓ ઉપર પોતાની જગા લે છે. પેલો જે હીંદોરો હોય છે તેનાથી માત્ર છ કદમ યાને આશરે વીસ એકવીસ ફુટને છેટેજ તેઓ મેદાનમાં ગોઠવાઇને ઉભા રહે છે અને આવી રીતે ઉભા રહી, એકી તગરે તેઓ પોતાની આંખો હીંદોરા ઉપર ટાંકી રાખીને, ફ્સુષ માંથ્રના લલકારની સાથે તેને બરના ખાસ મીથ્રો યાને બળવાન વીચારો કોઇ પણ જાતની દખલગીરી વગર તદદન શાંત વાતાવરણમાં કમાલ તોરથી કરે છે. જ્યારે પેલા આંઠ મોબેદોની જોડ આ બધું કરે છે, ત્યારે પેલા અષવન નર રદ સાહેબ કે જેઓ આ નીરંગવરના નેગેહબાન સરદાર હોય છે, તેઓ

પોતે પેલા હીદોરાથી માત્ર ત્રણજ કદમ છેટે, દક્ષીણ દીશા તરફથી ઉભા રહી, પેલી ક્રીયાની ભેદી રહેનુમાઇ કરે છે. આ વખતે એવો મહેમાર પેદા પડે છે કે કુદરતના અમુક બગો યાને શકિતઓ ત્યાં ખુદ–બ–ખુદ હાજર થાય છે અને પેલા અયલદાર મોબેદોની ક્રીયામાં ગોયા સામેલ થાય છે.

આ મહાન ક્રીયાનો અમલ જયારે પરીપકવ થાય છે. ત્યારે ઉત્તર દીશામાં જે અપાખ્તરનો વીસ્તાર છે, ત્યાંથી વરસાદના વાદળાંઓ ચહડી આવે છે અને જેમ વરસાદ પડવાની આગમજ ગડગડાતો ગર્જનાઓ વરસાદની મોસમમાં વખતો વખત થાય છે, તેમ તે વખતે ખાસ મોટા ગડગડાતો થઇને વીજળીના ચમકારા થવા માંડે છે. પેલા પેશ (આગેવાન) અષવન નર સાહેબ અને પેલી મોબેદોની આંઠ જોડ, પોતાના મીથ્ર યાને વીચારના બળ વડે પેલી વીજળીને, પેલી સુખડની ચાકી તરફજ બરોબર આકર્ષે છે, અને આમ થવે પેલી ચાકી ઉપર વીજળી ત્યાં પડવે તે ધીમે ધીમે સળગવા માંડી બરોબર વધુ અને વધુ સળગતી થઈ જાય છે.

આવી રીતે પેલી ચાકી બરોબર સળગે કે તુરત જ પેલા મોબેદો, બા–કાનુન જોડ થઈ નજદીકમાં અગાઉથી બાંધેલાં એક ઝુપડાંમાં તે સળગતા આતશને તરત જ લઇ જાય છે, અને તે રોશન રહે તેની તકેદારી રાખે છે કારણ આ પ્રમાણે વીજળી ઉતાર્યા પછી થોડો વખત રહીને વરસાદનું મોટું ઝાપટું પડયા વીના રહેતું જ નથી. જયાં

તે આતશને લઇ જવામાં આવે છે, ત્યાં ઉભા રહી પેલા મોબેદ સાહેબો ચાલુ આતશની નીયાયેશો કર્યા કરે છે.

ઇરાન સરજમીન ઉપર આપણી જરથોસ્તી શહેન-શાહુતોનાં રાજઅમલ દરમ્યાન જ્યારે આવો કોઇ નીરંગવર થતો હતો ત્યારે ખુદ શહેનશાહ પોતે પોતાના લશ્કર સાથે પેલા વીસ્તારના બેઉ કસની બાહેરના ભાગમાં કીલ્લેબંદી કરીને તે ક્રીયાની પાસબાની કરવા ઉભા રહેતા હતા, તેમજ અમુક છેટેથી ખાસો આમ તમામ ઇરાની અંજુમનો આ બધું જોઇ શકિત હતી.

આપણા અશો અને અમલદાર પૂર્વજો કાંઇ ઇરાનથી વેરવીખેર હાલતમાં નાસીને હીંદ આવ્યા હતા નહિં. જ્યારે તેઓ સંજાણમાં યોજનાપુર્વક ઠરીઠામ થયાં, ત્યારે તેઓએ આવો મહાન નીરંગવર જાદવરાણાની રજાથી સંજાણમાં કર્યો હતો, અને ખાસ વીજળીનો આતશ માંથ્રના બળ સાથે ઉતારી ઇરાનશાહના અવ્વલ મરતબાના આતશ બહેરામને પરથાવ્યા હતા.

સંજાણના જે વીસ્તારમાં આ નીરંગવર અપવન નર નઇરયોસંગ ધવલની નેગેહબાની હેઠળ થયલો તે વખતે પેલા ચારે બાજુથી ઘેરી લીધેલા કસોની બાહેર અમુક છેટે ખુદ જાદવરાણા પોતે પોતાના દરબારીઓ અને લશ્કર સાથે પધારેલા હતા, અને જ્યારે વીજળીનો આતશ માંથ્રનાં બળથી નીચે ઉતારવામાં આવ્યો, ત્યારે તેઓ ત્યાં આફ્રીન પોકારતા

હાજર હતા. આ મહાન બનાવની ખુશાળીમાં તે નેકબખ્ત રાણાજીએ બહુ મોટું નજરાણું અને અતિ કિંમતી ઝવેરાતની ભેટો અષવન નર નઇરયોસંગ ધવલ સાહેબનાં કદમ ઉપર ધરી હતી, અને તેઓની ઉંચી આત્મીક શકિતની જાબજા તારીફ કરી હતી.

હાલની પારસી ઓલાદ ખરેજ કમનસીબ છે કે તેઓ પોતાના આવા મહાન પુર્વજોના આ મુબારક ઇતિહાસથી વાકેફ થવા માંગતાજ નથી અને તેની ઉપર વિશ્વાસ મુકી બુનક પાસબાની યાને લોહીની જાળવણી અને દીન પાસબાની કરવાની જે મહાન નેમથી તે મહાન પુર્વજો આ ધર્મપરાયણ પવિત્ર ભૂમિ ઉપર પધાર્યા હતા, તેનો પુરેપુરો રાસ્ત ખ્યાલ મેલવી, પોતાનું જીવન સફળ કરવા માંગતા નથી.

(પારસી આવાઝ તા. ૧૬-૧-૧૯૫૫ પાના ૬ અને ૭)

સંપાદકની ખાસ નોંધ : ખાત્રીથી યાદ રાખવું કે ગમે એવી કહેવાતી મહાન સિદ્ધિ જડજ્ઞાનના પ્રભાવથી મેળવાય, તે આત્મિક શકિતની મહાનતા આગળ તો કોઇ બીસાદમાં નથા. હુમદીનો, વિચાર કરો, જ્યારે તેર સદીઓ અગાઉ અષવન નર નઇરયોસંગે આ અદભુત મોજેજો પુર ફતેહમંદીથી કરી બજાવ્યો, ત્યારે જડ સાયન્સની શું હાલત હતી ? આજે તો જડવાદી જગતમાં electricityને all powerful મહાશકિત તરીકે લેખવામાં આવે છે. cut off electric power of a modern city, and the city becomes

paralysed. એજ આજે વપરાતી વીજળીની શોધ આ મહાન મોજેજાની એક હજારથી વધુ વરસો પછીથી થઇ હતી

Moreover with what commendable precision this miracle was performed ! આપણે બધાએ કેટલીક વખત ન્યુસ પેપરોમાં વાંચ્યું છે કે જંગલમાં ઘણા જ જોરદાર વરસાદનાં ઝાપટાંમાંથી બચવા માટે જે મોટાં ઝાડ તળે કેટલાંક લોકોએ આશરો લીધો હોય છે, તેજ ઝાડ ઉપર વીજળી પડવાથી આશરો લેનારાં બધાં જ મોતને ભેટયાં. આ અદનાએ એક છેલ્લા કીસ્સામાં વાંચ્યું હતું કે જંગલમાં એક મોટાં ફેલાયલાં ઝાડ તળે બાવીસ જણાંએ સખત વરસાદના તોફાનમાં આશરો લીધો હતો તે ઝાડ ઉપર વીજળી પડી અને બધા જ બાવીસે બાવીસ ઇસમો જાન ખોહી બેઠાં, એક પણ બચ્યું નહીં.

જયારે આ મોજેજામાં મોબેદોની આંઠ જોડી વીજળી પડી ત્યાંથી ફકત વીસ ફુટ દુર અને નઇરયોસંગ ધવલ પોતે તો ફકત ત્રણજ કદમ યાને સાડા દસ ફુટ દુર હતા, છતાં કોઇનો બાલબી વાંકો નહિં થયો. નઇરયોસંગધવલસાહેબ, આફ્રીન, સદ હઝાર આફ્રીન હોજો તમારા રૂવાન ઉપર આમીન ! ધન્ય છે તે માવતરને કે જેને આવા એક બેટાને જન્મ આપ્યો !

*

## ૧૩ ઇરાનશાહના પ્રતાપ

સદીઓ સુધી ઇરાનશાહને ખસેડવા અગાઉ તેવણનો એટલો બધો પ્રભાવ હતો કે આખી કોમમાં એક પણ ભીખારી કે એક પણ વેશ્યા નહિં હતી.

આજે તમે અને હું બધાજ ઇરાનશાહની પોસ્ત-પનાહીમાં બેઠા છઈયે.

ગમે એવો બીડી ફુંકતો ઇરાની ત્રેનમાં મલે અને પૂછયે કે 'કયાં જાય છે?' તો કહેશે કે 'ઇરાનશાહને સુખડ ચઢાવવા જાંઉચ.' મુંબઇનાં કેટલાક પારસી શેઠયાઓ-બીડીબી ફુંકતા હશે-અહિંયા મુંબઇમાંજ બનાજીનું કે અંજુમનનું આતશ-બહેરામ જોયું પણ નહિં હશે, પણ ઇરાનશાહને સુખડ ચઢાવવા જરૂર જશે.

એક આફ્રીકાથી આવેલો પારસી ત્રેનમાં બેઠેલો હતો. સામે બેઠેલા હુમદીને પુછયું, 'બાવાજી, કાંઇ ઘણા ઉતાવળમાં લાગો છો?' જવાબ આપ્યો, 'અરે હા ભાઇ, શું કરૂં, હું તો મારૂં વતન નૈરોબીથી કાંઇ ઘણાજ જરૂરનાં કામસર ફક્ત બેજ દીવસ માટે હિંદુસ્તાન આવેલો છું.' પુછયું કે 'હમણાં કયાં જાવો છો?' તો કહ્યું કે 'ઉદવાડા; કાંઇ પણ કરીને થોડોક વખત ફાજલ પાડયો, કે જેથી ઇરાન-શાહને પગે પડયા પછી જ પાછો જાંઉ.'

'પારસી આવાઝ' તા. ૮-૫-૧૯૬૦ પાનું ૩ :-

ઉસ્તાદ સાહેબ બહેરામશાહજીની જુબાની છે કે મુબેદે મુબેદાન નઇરઓસંગ ધવલ સાહેબે ખાસ રમલ નાંખી, પોતાના જમાનાથી માંડી બહેરામ વરઝાવંદ સાહેબ પધારે ત્યાં સુધીના જમાનાનો ખ્યાલ રાખી, સંજાણના સંસ્થાનની સ્થાપના ગુજરાતની પવિત્ર ભૂમિ ઉપર કીધી હતી અને જયાં પાક ઇરાનશાહ પાદશાહ ઉભેલા છે ત્યાંથી માંડી અમુક મોટા બહોળા વીસ્તારમાં ગમે તેવી મોટી રાજદ્વારી ઉથળપાથળોનાં બીકટ અધ્યામોમાં પણ પારસીઓને ગેબી રક્ષણ મલતું જ રહેશે પરંતુ પારસીઓની આઇનિ ફરજ છે કે તેઓ 'બુનક પાસબાની' સાથે પાક જરથોસ્તી દીનના તરીકત માર્ગ, ભક્તિ-માર્ગ અને ક્રિયા-માર્ગના ફરમાનો મુજબ, દીન તરફની જાનફેશાની સાથે પોતાની જીંદગી બસર કરે.

☆

## ૧૪. ઇરાનમાં સામટાં સાત વરસનો ભયંકર દુકાળ

વાંચનારને કદાચ એમ લાગશે કે આતશ પાદશાહોનાં લખાણમાં આવી બીલકુલ ભલતી જ બાબત કેમ ઘુસી ગઇ? પણ નહિં, તેમ નથી.

આઈટમ નં. ૧૨ "માંથ્રના અમલથી ઉતારેલો વીજળીનો આતશ" આપણી જરથોસ્તી દીનની આત્મિક મહાનતાનો પુરાવો આપે છે. હવે આ ઇતિહાસીક દુકાળ માટે લખી, આ અદનાની એટલું જ બતાવી આપવાની નેમ છે, કે આપણા ઇરાની વડવાઓ દુન્યવી. બાબતોમાં પણ અદભુત હોંશીયારીવાલા, કુનેહબાજ અને કોઇનેબી અદેખાઈ ઉપજાવે એવો સરસ બંદોબસ્ત જાળવનારા હતા.

પાદશાહ ફીરોઝ અથવા પીરોજે ઈ. સ. ૪૫૭ થી ઈ. સ. ૪૮૩ સુધી ઇરાન ઉપર રાજ્ય કર્યું હતું. આ પાદશાહના રાજ અમલમાં સામટાં સાત વરસો (seven consecutive years) સુધી ભયંકર દુકાળ પડયો હતો.

ગ્રીક ઇતિહાસકારોએ દરેક બાબતમાં ઇરાનીઓને ઉતારી પાડવામાં મોજ માની છે, કારણ કે ઇરાનીઓ એશીયાટીક હતા જ્યારે તેઓ પોતે યુરોપીયન તેથી ચઢીયાતા એમ માનતા. એવા ગ્રીક યાને દુશ્મન ઇતિહાસકારોએબી આ

દુકાળની બાબતમાં ઇરાનીઓની બાબજા તારીફ કીધી છે અને લખી ગયા છે કે 'એટલો સરસ બંદોબસ્ત રાખેલો કે સાત વરસનાં દુકાળમાં એક ઇનસાન તો શું પણ એક કુતરૂંબી ભુખમરાથી મરી ગયું હતું નહિં.'

આ યાદ રાખવું જરૂરનું છે કે આ ભયંકર દુકાળ પડયો ત્યારે જરથોસ્તી શહેનશાહુત કાંઇ તેની આબાદીને ટોચે નહિં હતી પણ યઝદેગર્દ પછીની પડતી કાંઇક નઝદીકમાંજ હતી.

તે જમાનામાં શહેનશાહ પોતે અનાજનો મોટો જથ્થો પોતાના કોઠારોમાં દુકાળને પુગી વળવા રાખતો હતો. આ ઉપરાંત અમીરો અને ઉમરાવો અનાજના મોટા જથ્થાઓ પોતા પાસે મોટા કોઠારોમાં રાખતા હતા અને સામાન્ય પ્રજાજનોના પોતાના કુટુંબી કોઠારોમાં બે ત્રણ વરસો સુધી ચાલે એટલું અનાજ હંમેશાંજ રહેતું હતું.

સાત વરસનાં આવા લાંબા દુકાળની અંદર ઈરાનના સરકારી કોઠારોનું તમામ અનાજ પહેલાં ઈરાની પ્રજાને મુફ્ત વહેંચી આપવામાં આવ્યું હતું. પછી ઉમરાવોએ પોતાના કોઠારોનું અનાજ પ્રજાજનોને મફત વહેંચી દીધું હતું. જમાનાની આવી ભૂંડી ગીરદેશ જોઈને પાદશાહ પીરોજે રઈયત ઉપરના તમામ કરો માફ કરી દીધા હતા. આટલા બધા નાશાદ જમાનાની ગીરદેશ જોઈને પાદશાહ પોતે એવા પરેશાન થયા, કે તેટલો વખત પોતાના તખત ઉપર બેસવાનું પણ તેઓએ છોડી દીધું અને રાતો દીન

ઈરાની પ્રજાની ફીકરમાંજ જમાનો પુરો કીધો. આખરે આઠમે વરસે ખુબ વરસાદ નીયમીત રીતે પડયો અને પાછી સુંદર આબાદી ઈરાનમાં પેદા પડી, ત્યારેજ પાદશાહે પોતાના તખત ઉપર બેસવા માંડયું.

('પારસી આવાઝ' તા. ૨૩-૮-૧૯૫૯ પાનુ ૨)

સંપાદકની નોંધઃ આ દુકાળનાં બનાવમાં જે ખરેખરી વખાણવા લાયક બાબત હતી તે ઈરાનીઓની સાત વરસ સુધી અનાજને સારી હાલતમાં જાળવી રાખવાની આવડત.

હાલમાંજ આ અદનાએ પેપરમાં વાંચ્યું કે ફુડ કોરપોરેશન ઓફ઼ ઇન્ડયાને દર વરસે કેટલાક કરોડોની ખોટ જાય છે, કારણ કે ગોઢાઉનોમાં બફર સ્ટોક તરીકે ભરી રાખેલું અનાજ, કદાચ જો બીજે વરસે નહિં બી બગડયું હોય, તો પણ ત્રીજે વરસે તો એટલું બધું બગડી જાય છે કે, બીલકુલ ઇનસાનને ખાવા લાયક હાલતનું નહિં રહ્યું હોવાથી, તેને ઢોરોને ખવડાવી દેવું પડે છે, અથવા તો તો દરીયામાં પધરાવી દે છે.

તો આ કહેવાતા સાયન્ટીફીક જમાનાંમાં પણ ઇરાનીઓની બે ચાર નહિં પણ સાત સાત વરસો સુધી અનાજ જાળવી રાખવાની કુનેહ અને કારસાજી શું ભારોભાર વખાણને પાત્ર નથી?

*

# ૧૫. ગૌમએજની ખુબી

આ કેતાબના શરૂઆતના ખુલાસામાં લખ્યું છે કે આ ચોપડીમાં શ્રીજી પાક ઇરાનશાહ ઉપરાંત પારસી કોમ અને જરથોરતી દીનને લગતી બીજી ઘણીક જાણવાજોગ હકીકતો સમાવી દીધી છે; તો આ ગૌમએજની (તરાની) અહિંયા લખેલી બાબદ અસ્થાને નહિં ગણાશે. આ બાબદ બહુ જ જાણવા લાયક છે એમાં તો કાંઇબી શક છે જ નહિં.

બચ્ચું ત્રણ મહીના અને સતાવીસ દીવસનું છે કે નહીં તે પારખવાની રીત :–

પહેલવી કેતાબોમાં બચ્ચું મુવેલું જન્મે તેને માટે એવું જણાવવામાં આવ્યું છે કે તે બચ્ચું ચાર મહીના અને દસ દીવસની અંદરનું હોય (બરાબર ઇલ્મ્યતથી બોલીયે તો ત્રણ મહીના અને સત્તાવીસ દીવસની અંદરનું હોય) તો તેની લાશને દોખ્મે-નશીન કરવાની જરૂર નથી, પણ દોખ્માની નજદીકની કોઇ ઝાડપાન વગરની વેરાન જગ્યામાં તેને પરહેજવું. એટલે કે તેને ગૌમએજ લગાડીને જુના સુદરેહમાં લપેટીને જમીનની અંદર દાટવું. કારણ કે તે લાશને Foetus એટલે ખાલી રવાન ઉતરયા વગરનું, માંસ હાડકાંનું લોચા જેવું કહે છે અને તેને માટે કાંઇ પણ કીયા કરવાની નથી.

હવે જો આ ગણત્રીમાં શક હોય તો પહેલવી 'વઝર કરદેહ દીની' નામની કેતાબમાં તેને પારખવાની તરતિબ (Meethod) જણાવવામાં આવી છે. ત્યાં સરેહ કરનાર સોશીયોશ નામના દસ્તુર સાહેબ જણાવે છે કે તેની અજમાયેસ કરવા માટે એક મોટાં વાટાં જેવું ઉંડું વાસણ ભરીને ગૌમએજ લેવો અને બે શખસોએ પેવંદ થઇને તે લાશને સગદીદ કરાવીને તે નીરંગથી ભરપુર વાટાંમાં બોળી દેવી. જો તે લાશનો રંગ એકદમ સુરખી એટલે લાલ લોહી જેવો થઇ જાય તો તે ઉપલી મુદતની અંદરનું છે અને તેમાં રવાન ઉતરયું નથી એમ સમજવું. અને તેને દોખ્મે-નશીન નહીં કરતાં ઉપર જણાવ્યા મુજબ બે શખસોએ પેવંદ થઇ નીરંગ લગાડી જુનો સુદરેહ વીતાળીને દોખ્માની નજદીકની વેરાન જગામાં બરાબર ઉંડો ખાડો ખોદીને દાટવું.

પણ જો તેનો રંગ ફીકકો સફેદી ઉપર આવે તો ઉપલી મુદત પછીનું ગણવું, અને તેમાં રવાન ઉતરેલું છે એમ સમજીને તેના ઉપર ગેહસારણું કરીને દોખ્મે-નશીન કરવું, અને આવાં બચ્ચાંની એક સરોશની યજશ્ની તથા પાછલી રાતે એક આગળ્યાં સાથની સરોશની બાજ ઇજવી.

('પવિત્ર જરથોશ્તી–ક્રિયાકામોની મોતેબરીની સમજણ.' લખનાર એરવદ ફીરોઝ શાપુરજી મસાની M. A., LL. B., Solicitor પાનાં ૧૭૫–૭૬.)

*

## ૧૬. ઇરાનશાહ અવ્વલ મરતબાના આતશ-પાદશાહ

આજે દુન્યામાં કોઇપણ ચીજની ઉપર જાસ્તી એજાબ પડતો હોય તો તે આતશ છે, ખાસ કરીને જુદા જુદા ધંધા અર્થે, જો કે દરેક ધર્મમાં તો આતશને બહુ માન છે. ફ્રવષી આતશ વગર નહિં હોય, તેમ આતશ ફ્રવષી વગર નહિં હોય.

જે આતશબહેરામ સાહેબોને પરઠાવતી વખતે ખાસ નીરંગોનો અમલ કરીને વીજળીનો આતશ ઉતારવામાં આવે અને તેમાં બીજા પાવ કીધેલા પંદર ધંધાદારીઓના આતશો આમેજ કરી તેની ચાકી પેદા કરવામાં આવે, તે આતશબહેરામ પાદશાહો અવ્વલ દરજ્જાનાં ગણાય છે.

જે આતશબહેરામ પાદશાહોની સાજશનીમાં, જંગલમાં પડેલો વીજળીનો આતશ આઇતો ઉંચકી લઇ, પાવ કરીને બીજા આતશો સાથે મેલવી આતશ બહેરામ સાહેબ પરથાવવામાં આવે, તે પાદશાહોને દુવ્વુમ દરજ્જાનો ગણવામાં આવે છે.

નઇરયોસંઘ ધવલ સાહેબની એક બાબદમાં ખાત્રી થઈ ગઇ હતી, કે બહેરામ વરઝાવન્દ સાહેબ આવે ત્યાં સુધી જાહેર દુન્યામાં જરથોસ્તી દીનની તલેસમ, ફક્ત ગુજરાતના કીનારા ઉપરજ જળવાય રહી શકશે.

એવણુ સાહેબ છ કૃષના અષવન હતા યાને અષોઇના ૭૨ પગથીઆમાંથી ૪૮ પગથીઆં જેટલી અષોઇમાં આગળ વધેલા હોવે, જે ચાકી એવણુ સાહેબે પોતાનાં માંથ્રનાં અમલથી વીજળીનો આતશ ઉતારી સળગાવી હતી તે ચાકી કાંઇ પણુ બળતણુ (fuel) વગર બારસો વરસ સળગતી રહી, અને પછી સમનદર થઇ ગઇ યાને ખપી ગઈ.

(નોંધ : આ બનાવ દેખાડી આપે છે કે આત્મીક મહાનતા આગલ ગમે એવી દુન્યવી મોટાઇ પાણી ભરે છે)

ઈરાનશાહ આતશબહેરામ પાદશાહનાં પાતરાંની (સર-પોષની) ઉપર જે આતશ પરથાવેલા છે, તેઓને કાઠી, સુખડ બોય વીગેરેનો ખોરાક આપીને રોશન રાખવામાં આવે છે; પણ પેલી અદભુત સળગતી ચાકીને અફ્રગાની-આના પેટામાં અમુક હેફાઝતથી પરથાવીને રાખી હતી.

આજે જો કે ઇરાનશાહની મુળ ચાકીનો આતશનો ગોળો સમનદર થઇ ગયો છે, છતાં બુઝોર્ગોના પુરાતન રેવાજ મુજબ આતશ પાદશાહના અફ્રગાનીઆના પેટામાં સુખડના ત્રણ ગાંઠો અમુક તરતીબથી રોશન રાખવામાં આવતા રહ્યા છે. આવો રેવાજ બીજાં પાક આતશ બહેરામોમાં નથી.

ઉસ્તાદ સાહેબ બહેરામશાહના જણાવ્યા મુજબ આ પાદશાહના અસલ મકાનનો ગુંબજ તો બહુ જ ઉંચો હતો

અને તેઓ સાહેબનો કોહ યાને ઓરડો કાળા ખરબચડા પત્થરોનો બનાવેલો હતો. પાદશાહના ખોરેહની પકડ માટે કોહ, ખરબચરોજ હોવો જોઇયે.

આ કોહમાં દાખલ થવાનો દરવાજો એવો નીચો હતો કે વાંકા વળીને ફરજીઆત નમાઝ કરીને જ તેમાં દાખલ થઇ શકાય. તે કોહને નાની નાની બીજી બારીઓ પણ હતી. આ કોહની બાહેરના કસના ઓરડામાં અમુક મરતબાની અષોઈ પાળનારાઓજ સેજદા માટે દાખલ થઇ શકતા હતા.

('પારસી આવાઝ' તા. ૧–૮–૫૪ પાનુ ૫)

★

## ૧૭. ઈરાનશાહ ઇ. સ. ૧૦૦૬ માં સનદ થયા શહેનશાહી પંચાંગનું શરૂ થવું

આપણે માનીજ કેમ શકીએ કે આવા મોટા છ કૃપના અપવન નઈરયોસંઘ ધવલે પાક ઈરાનશાહને રેવાજી રોજ માહ મુજબ પરથાવેલા. બીજું એ કે નવો પાવમહેલ અને અવ્વલ મરતબાના આતશબહેરામ સાહેબ ફસલી સુક્ષ્મ પંચાંગના પાયા સિવાય ઉભાં થઇ શકે જ નહિં.

પણ તે નવો પાવમહેલ ઉભો થયા પછી આશરે ત્રણસો વરસ પછી, પોતાના બુઝેર્ગોની તરફથી મળેલી વસીઅત મુજબ, નજદીક આવતા બુરા જમાનાની તાસીર તપાસીને અને ખુદ પોતાની અથોરનાન અનજુમનની અંદર ભવિષ્યમાં પેદા પડનારી ઓલાદનો ખ્યાલ કરીને તે મહાન સાહેબોએ ફસલી અમલને અમુક ખાસ યસ્નની ભેદી તરતીબોથી 'સનદ' કીધો હતો.

આ 'સનદ' શબ્દ બહેરામશાહજી આપી ગયા છે, કે જેમાં એવો મર્મ સમાયલો છે કે પાવમહેલના ફસલનાં બાંધકામની ઉપર અમુક જાતની મહોર (સીલ) અથવા સનદ કરીને તેજ પાવમહેલના સીલ–સીલામાંથી હુશુમારના દુવ્વુમ મરતબાના સામાન્ય ૩૬૫ દીવસનાં શહેનશાહીની ચાલુ ગણત્રી મુજબનાં પંચાંગની ઉપર, હીંદુસ્તાનની

યોજદાથ્રેગરીના અમલને ગોઠવી આપવામાં આવ્યો હતો.

('પારસી આવાઝ' તા. ૧૦-૬-૫૧ પાનુ ૫)

હિંદમાં પાવમહેલ સ્થપાયા પછી ત્રણસો વરસ સુધી ફસલનો અમલ ચાલુ રહયા પછી તેને સનદ કરીને આજની જેમ હુશમુરદી યાને રેવાજી પંચાંગ ચાલુ થયું હતું એમ ઉસ્તાદ સાહેબ જણાવતા હતા. એ વાતને કીસ્સે સંજાણમાં ટેકો મલે છે કે ત્રણસો વરસો સુધી બહેદીનો ત્યાંજ રહ્યા. પછી તેઓ બહાર પડવા લાગા અને આખા હિંદ દેશમાં ફેલાયા.

ત્રણસો વરસ પછી સનદ કરવાનું કારણ એ કે ફસલના અમલ વખતે આલાત પાવમહેલના સીધા સંબંધમાં રહે છે, પણ તેને માટે ઘણી બારીકીઓ પાળવી પડે છે અને દરેક ચાર વરસે અહીરીમનનો જે બહુજ જબ્બર હુમલો થાય છે તેને મારી હઠાવવા કબીસાની ઘણીજ મુશ્કેલ ક્રીયા કરવી પડે છે. એ કબીસાની ક્રીયા જે મોબેદો કરે, તેઓ અહીરીમનના હુમલાનો સામનો કરતાં, અણદીઠ અભડાતોથી એટલા બધા ખરડાઇ જાય છે, કે કબીસાની ક્રીયા પુરી થયા પછી તેઓને નિવૃત (retire) થવું પડે છે, યાને જીદંગી સુધી પછી તેઓથી ક્રીયાકામ થઇ શકેજ નહિં.

જ્યારે જણાયું કે ફસલનો અમલ ચાલુ રાખવા અને કબીસાની બીકટ ક્રીયા કરવા માટેની સખત પરહેઝગારી

અને બારીકીઓ નહિં પાળી શકાશે ત્યારે ફસલનો સીધો સંબંધ કાઢી નાંખી આલાતને સનદ કીધા. સનદ કરવું એટલે સીલ કરવું (અહિરીમનના હોમલા સામે). સનદ કીધેલામાં રૂપ્યે ૧૬ આની અસર નહિં હોય પણ આડકટરો સંબંધ તો ખરોજ અને રૂપ્યે પાંચ-છ આની અસરબી તો રહેજ.

(Diary N. VII Pages 114–116)

સનદ કરવાની સરળતા અને સગવડ ઈ. સ. ૧૦૦૬માં કુદરતી રીતેજ મલી ગઇ.

બે ગણત્રીઓ યાને બે પચાંગો જાએજ હતાં. એક ફસલી જે દીનના કામ માટે વપડાતું, બીજું હુશમુરદી જે દુન્યવી વહેવાર માટે કામમાં લેવાતું. એક કાચી સરખામણી:- આજે ખ્રીસ્તીઓનું દીની સાલ પહેલી જાન્યુઆરીથી શરૂ થાય છે જયારે હીસાબી વરસ એ લોકો પહેલી એપ્રીલથી ગણે છે.

ઈ. સ. ૧૦૦૬માં થયું એમ કે બેઉ ગણત્રીનાં યાને દીની સાલનાં અને હુશમુરદી સાલનાં ફરવરદીન મહીનો અને હોરમજદ રોજ બેઉના એકજ દહાડે સાથે થયા, યાને ૨૧મી માર્ચે.

આ ઈ. સ. ૧૦૦૬ વરસ પછી તેઓએ દીની સાલની વહીજ ઉમેરો કરવાની કોષ્ટકની રીત કાઢી નાંખીને એટલે ૩૬૫। દહાડા-પાંચ કલાક ૨૬ સેકંડનું વરસ કાઢી નાંખીને

ખાલી ૩૬૫ દહાડાનું વરસ રાખ્યું. આ ફેર એવી રીતે કરવાનો હતો કે તેથી ક્રીયામાર્ગમાં યસ્ન દરૂજ ઉભો થાય નહિં અને એકના ૨/૩ ભાગ જેટલી ક્રીયાની કાર્યસાધકતા ઉભી થાય.

એને માટે તેઓએ એક મહીનાની સનદ કરવાની, એટલે પંચાંગ ફેરવવાની, ક્રીયા કીધી.

તેઓએ ઇસ્વી સન ૧૦૦૬માં પડતા છેલ્લા સ્પેન્દારમદ મહીનાના છેલ્લા પાંચ દહાડાના અને પછીના પાંચ ગાથાના અને છઠ્ઠા અવરદાદ સાલ રોજના પરવરદેગાનના રોજે ઉજવ્યા. પછી જ્યારે નવો ફરવરદીન મહીનો બેઠો ત્યારે તે આખા મહીનામાં તેઓએ સનદની ક્રીયા કરી કે **ઇરાનશાહના પાવમહેલ આસપાસ સ્તોતોની કીલ્લેબંધી કીધી કે જેથી તેની ઉપર કસરના દીવસનો આઝાબ પડે નહીં.** આ ક્રીયા ફરવરદીન મહીનાના અનેરાન રોજે ખતમ થઇ.

ઇરાનશાહ અને પાવમહેલ સનદ થઇ રહયા, એટલે નવા સનદ થએલા ઇરાનશાહ અને પાવમહેલનો દોર શરૂ થયો. આવા સનદના નવા દોરનો પહેલો ફરવરદીન મહીનો તેઓએ અસલના અરદીબહેસ્ત મહીનામાં ગણ્યો. ત્યારે અસલ હુશમુરદી પંચાંગનો બીજો અરદીબહેસ્તનો મહીનો તે આ

સનદની વજેના નવા હુશમુરદી વરસનો ફરવરદીન થઇ ઉભો. અસલ હુશમુરદી પંગાગ કદીમ કહેવાયું અને આ સનદનું નવું શરૂ થયલું હુશમુરદી પંચાગ શહેનશાહી કહેવાયું. આવા સબબોને લીધે કદીમ અને શહેનશાહી પંચાંગોનો એક મહીનાનો ફરક ઉભો થયો.

**("પારસી આવાઝ" તા. ૧૨-૬ '૬૬ પાનાં ૮ અને ૩)**

★

## ૧૮. શહેનશાહી અમલની કાર્યસાધકતા
### અને
### તેની પુરવારી

નોંધ: આ આઇટમ નં. ૧૮ નું લખાણુ "પારસી આવાઝ" તા. ૧૭-૫-૧૯૫૯ પાનુ ૩ ઉપર જે પ્રમાણે શેઠ જેહાંગીર ચીનીવાલાનાં શબ્દોમાં છપાયું છે, બરાબર તેજ પ્રમાણે કાંઇ પણ ફેરફાર યા ટીકા વગર અહિંયા સદાબરો તેનો ઉતારો આપ્યો છે.

અમારા ઇલ્મે ક્ષ્નુમનાં ખુલાસાઓ ઉપરાંત જે નેક કોઇક શ્રીમંતો, ઉપર ઉપરની કોઇક માન્યતાઓને લીધે, ફસલી પંચાગ ઉપર મોહીત થઈ ગયા છે, તેઓએ એટલો વીચાર કરવો તો જોઈએ કે હુશમોરદી દીની અમલ ખોટો હોય અને કુદરતમાં મુસ્તજાબ નહીં હોય તો હુશમોરદી દીની અમલ રાખનાર દસ્તુર કુકાદારૂ જેવા નરો માંથ્રનો આવો પ્રભાવ કેમ દેખાડી શકયા? આજે કોઇ ફસલી રોજ માહ ભણનાર અને ફસલી અમલ ધરાવવાનો મીથ્યા પોકકલ દાવો કરનાર કોઇપણ આથ્રવન છે કે જે કમળાથી પીડાતા બીમારને પોતાની સામે બેસાડી માંથ્ર ભણી તેને સારો કરે અને ત્યાં મુકેલાં વાસણમાંનું પાણી પીળું થઇ જાય? અથોરનાનની મોટાઈ કાંઇ બેલાર પેલાર વાયજી કરવામાં હોતી નથી, પણ અષોઈ ઉભી કરવામાં હોય છે. અષોઇ ઉભી કરવી તે

કુલ્લીમાંનો ગોળ ખાવાનો નથી.

હીન્દમાં છેલો ફસલના અમલ ઉપરનો નવો પાવમહેલ નર અશવન નઇરયોસંગ ધવલ સાહેબે ઉભો કર્યો હતો. તે બીકટ ફસલી અમલને ટકાવે તેવા અથોરનાનો ત્યાર પછીના ભવીષ્યમાં પેદા નહીં પડશે, તે હકીકતથી જાણકાર પૂર્વજોએ, ફસલી અમલને હુશમોરદીમાં ફેરવવાની તરકીબ અગાઉથી દેખાડેલીજ હતી અને તેમાંથી હીન્દનો શહેનશાહી દીની અમલ પેદા પહચો છે.

બધાજ યઝદો, મીનો, દએ વીગેરે દરરોજ અમુક કર્તવ્ય કરે છે પણ ફસલી અમલમાં રોજ માહુની ઉપરના ખાસ મવક્કલ યઝદની સીધ્ધી આરાધના હોય છે અને હુશમોરદીમાં તે દીવસે જે કોઈ બીજા યઝદ પેલા મુખ્ય યઝદના હાથ નીચે હમકાર થઇને કામ કરતા હોય, તેની આરાધના હોય છે, અને તેથીજ હુશમોરદી અમલનો નતીજો રૂપીયામાં પાંચથી દસ આના સુધીનો જ કહેલો છે,

૧૨૦ વસ્સે કબીસો કરી પાછો દીની અમલને સીધ્ધો કરવામાં આવતો હતો ત્યારે હુશમોરદી અમલમાંથી પણ દશ આના નતીજો મલતો હતો પણ હાલમાં આપણે ફસલથી એટલા દુર નીકળી ગયા છે. કે હાલના ક્રીયા માર્ગમાંથી માત્ર ૧/૩ નતીજોજ ઉઠાવી શકાય છે.

પણ જેઓ અક્લટપ્પો ફસલી બની બેઠા છે, તેઓ તો ક્રીયાઓમાંથી 'વહીઓ' અને 'અસરે રોશની' ઉભી કરવાને બદલે 'યસ્ન દરૂજી' ઉભી કરે છે, એમ ક્ષ્નુમ: મુજબ અમારૂં જ્ઞાનમય માનવું છે.

## ૧૯. હમણા ફસલી આલાત જાહેરમાં કાંય નહિં હોય?

નોંધ : ભાષણકર્તા, ડો. સાહેબ ફરામરોઝ સોરાબજી ચીનીવાલા

બાબદ : ગુજર પામેલાં જરથોશ્તી રવાનોની હાલતનો એક
ચીતાર

સ્થળ : બનાજી લીમજીની અગ્યારી.

ઉપર જણાવેલી બાબદની સીરીઝ ડો. સાહેબ ચીનીવાલાએ તા. ૮–૧–૧૯૪૫એ શરૂ કીધી હતી. એ સીરીઝમાંનાં તા. ૨૩–૪–૧૯૪૫ એ આપેલાં ભાષણમાંથી જેટલો ભાગ આ આઇટમનાં સવાલને લગતો છે, ફક્ત તેટલાજ ભાગનો ઉતારો અહિં આપવામાં આવ્યો છે. (Diary N. V પાના ૪૧, ૪૧A, ૪૨, ૪૨A.)

હમણાં ફસલી આલાત જાહેરમાં કાંય નહિં હોય? કારણ આ સત્યનો જમાનો નથી. આ હાશેમી (હાશમ= મંગળનો ગ્રહ) જમાનો એટલે અસત્યનો છે જેને ચલાવવામાં પણ કુદરતની કાંઇ મકસદ તો હોય. એ હાશમી જમાનને ચલાવ્યાથીબી અમુક જાતની પ્રગટી થાય છે, માટે એ જમાનો કહે છે કે 'મારા રસ્તામાં કોઇ પણ જાતની ખલલ કે આડખીલી નહિં જોઇયે. મારૂં કામ સરળજ ચાલવા દેવું, અને નહિં તો પછી મને પેદા શું કામ કીધો?' એ કારણને લીધે તો તે સાહેબો કીનારે કશા

થઇ ગયાં છે. માટે ઈનસાફને કાયદે ફસલી પાવમહેલ જાહેરમાં નહિં હોય. કોઇકનો જુઝજાઝ અપવાદ રૂપે નજીવો અમલ હોઇ શકે.

બીચારા ખુદ ઉસ્તાદ સાહેબ પણ એ બાબદમાં થાપ ખાઈ ગયા અને તે સાહેબોને પુછયા વગર એક જાતનો પુરૂષાર્થ કરવા ચાહયો જેને માટે તે સાહેબો એવણ સાથે ખફા થયા હતા કે 'એ તારૂં કામ નથી.' એવણ એટલે સુધી બોલતા હતા કે "જાહેરમાંથી કોઇ નહિં મલશે તો બે જણાંને ત્યાંથી બોલાવશું.' જો તે લોકો આપણા જેવા જાહેર લોકો સાથે કોઇ પણ જાતનો પેવંદ રાખે તો પછી તેઓને કીનારે-કશ થઇ જવાની જરૂરજ શું હતી?

ઉસ્તાદ સાહેબને જો કોઈ ફસલી રોજ માહ ભણવા પુછતા તો એવણ એમ કહેતા કે "આય અમુક અમુક નાહન લઇ પછી ફસલી રોજમાહ ભણજો, પણ જોવ બા, તમારા ગુઝર કરી ગયા પછી બાજ રોજગાર હુશમુરદી ગણત્રી ઉપર જ થઇ શકશે."

અરે આજે તો શું ખુદ સાસાન્યન જમાનામાં પણ બધું હુશમુરદી ગણત્રી ઉપર હતું.

કાઇસ અને મોઝીઝ જનમ્યા ત્યાર પછીનું બધું હુશમોરદી થયું. તેઓની અગાઉનું બધું ફસલનું હતું. આજે ત્રીજા નંબરનો ફસલનો અમલ થઈ શકે છે.

જરથોશ્તી દીનનું મૂળ અમલયાત છે.

ઇરાનમાં જ્યારે ચાર વરસે ફસલ નહિં થઇ શકયો, ત્યારે ૧૨૦ વરસે એક મહીનાનો કબીસો થવા લાગ્યો, જેથી ૧૨૦ વરસે પાછા કુદરતની સમાન્તર થઈ શકાય પણ જ્યારે ઘણોજ બુરો જમાનો આવ્યો, ખુદ ઇરાનમાં કુનમજં (Sodomy) જેવો ગુનાહ પેવશ થયો અને દીનદસ્તુરોએ જોયું કે હવે કુદરતનો સીધો સીલસીલો રાખી શકાશે નહિં, ત્યારે હોકમ ફરમાવ્યો કે કબીસો નહિં કરવો અને સીધ્ધા જેમ છે તેમ સડસડાત ચાલ્યા કરવું.

## ૨૦. પાદશાહને ખસેડવાનો કમનસીબ બનાવ.

યાદ રાખો, હવે એક એવો જમાનો છે કે આપણે અહિં કાંય આવ્યા, આપણા પૂર્વજોએ અહિં આવી આલાતો કાંય પરથાવ્યા અને દીનને માટે કેટલી કેટલી સખ્તીઓ કાંય ખમી તે બધું જાણવાની જરૂર છે.

કીસ્સે સંજાનમાં લખે છે જ્યારે અલફ્ખાનની સામેની બીજી લડાઇની હાર પછી નહિં ટકાયું ત્યારે પાદશાહને બાહરોટના પહાડ ઉપર ખસેડ્યા.

એ આફત આવી ત્યારે અષવન નહિં હતા. ખચ્ચીતજ જો અષવન હતે તો પાદશાહ તે ખસેડવાના બનાવમાંથી બચી જતે. અષવન હતે તો તો સરોશની તેવણને બસારત થતે કે, 'ગભરાશો નહિં, શાંત રીતે ફલાણા ફલાણા ખુણાઓ ઉપર બેસી જઈ, ફલાણી ફલાણી નીરંગો ભણો; પાદશાહ પોતાનો બચાવ કરવા પુરતા સામર્થવાન છે, ગેબી બનાવો બનશે અને દુશ્મન તરફની આફત પોતાની મેળે જ દફે થઇ જશે."

એ ઘણું કમનસીબ હતું. પાદશાહ જે પોતાના ફસલના પુર બહારમાં હતા તેમાં પહેલી જ વખત થોડી ખલલ ઉભી થવા પામી. પાદશાહ જે પોતાના પુર બહારમાં હતા તેને માટે ઉસ્તાદ સાહેબે કહેલું કે પાદશાહમાં એટલું કુવ્વત હતું કે તે પોતે પોતાનું રક્ષણ કરી શકે.

પાદશાહ જેને પોતાના મકાનમાં દાખલ કરવા માંગે તેજ દાખલ થઇ શકે બીજા નહિંજ. કોણને ખબર છે કદાચ કોઇ જુદ્દીન જોર જબરીથી દાખલ થવા માંગતે તો આંધળા થઇ જતે નહિ તો માર્ગ ચુકી કાંઇ ભલતેજ રસ્તો ચાલી જવાતે, અને એ બધું માનવાનું કાંઇ મુશ્કેલ નથી. (નોંધઃ અહિંયા આના ટેકામાં શેઠ જહાંગીર ચીની– વાલાએ પોતાના દર સોમવારના અઠવાડીક કલાસમાં સુરતમાં બનેલા બે અનુભવો કહ્યા જે નીચે મુજબ છે. (Diary N. VIII પાના ૧૨૫ થી ૧૨૮)

અનુભવ પહેલોઃ

સુરતમાં એક ઘેર હતું, જ્યાંના કુવામાં કોઇ ભલી શકિતનું રહેઠાણ છે, એમ મનાતું હતું. પારસી ભાઇ પડયા એટલે દીવો કરવા માટે કહેવું શાનું પડે ! ઘીની બત્તી તો ચાલુ કરતાજ હતા. એ ઘરમાં એક રાતે બે ચોર આવ્યા. બારણું તોડીને અંદર ઘુસ્યા તો ખરા પણ અંદર જઇને આંધળા થઇ ગયા. પાછળી રાતે તે ઘેરનાં એક ડોસાં દુધ- વાલા માટે ઉઠયાં ત્યારે જોય છે તો કોઇ બે જણાં એમથી તેમ તંટોસ્યા કરે. તેવણે બુમરાણ કરી મુકયું અને તેઓને પકડયા. પેલાઓ રડી પડયા અને કહયું, 'અમે ચોરી કરવા ઘુસ્યા હતા, પણ અહિંયાં તો કાંઇ ચમત્કાર છે. અમે આંધળા થઇ ગયા.'

એક ટુચકો છે કે જ્યારે એવું કાંઇ બને ત્યારે એવાઓનો હાથ પકડી તે જગાથી બહાર મુકી આવવા. તેમ

પેલાઓનો હાથ પકડી બહાર લઇ ગયા તો મોહલ્લાને નાકે તેઓ પાછા જોતા થયા અને પગે લાગી ચાલતા થયા.

અનુભવ બીજો:

બીજો એક બનાવ એવો છે કે મોહલ્લાના એક ઘેરમાં સૈયદનું રહેઠાણ છે એમ કહેવાતું હતું. એક વખતે મોહ-લ્લામાં આગ લાગી અને ઘણી ઝડપથી ફેલાઇ જઈ કેટલાં ઘેરોને ઝડપી લીધાં પણ જેવી પેલાં ઘેર આગળ આવી કે તેમાંથી મોટા મોટા અવાજો નીકલવા લાગ્યા, 'ઠેર જાઓ', 'બસ કરો', 'આગે મત બઢો.' આગ તે ઘર આગળ અટકી ગઇ અને તે ઘેર સલામત રહ્યું.

આજ બાબતને ટેકો આપનારી શીવાજીની એક વાત છે. શીવાજીની અફઝુલખાન સાથની લડાઇમાં જ્યારે શીવાજીના લશ્કરની હાર થતી ચાલી અને આખરે એવો તબકકો આવી ઊભો કે શીવાજીને લાગ્યું કે 'હવે તો મારૂં નકકી આવી બન્યું.' ત્યારે તેવણે પોતાના (આત્મીક) ઉસ્તાદને યાદ કીધા કે તરતજ અફઝુલખાનના સેપાહીોને શીવાજીના લશ્કરના બધાજ માણસોનાં મોઢાં શીવાજી જેવાં દેખાયાં, જેથી તેઓને સમજ પડી નહિં કે કોણને મારે અને કોણને જવા દઇએ. એ બધી ધાંધલમાં ખરા શીવાજી નાસી છુટયા. આ વાત ખુદ ઈતિહાસને પાને નોંધાયેલી છે.

*

## ૨૧. પાદશાહને ખસેડવાને લગતી વધુ વિગતો

સંજાણની બીજી લડાઈમાં રાએનાં લશ્કરને અલફ્ખાનને હાથે હાર મલી, પછી બહેદીનો છુટા છવાયા થઇ ગયા અને નહિં ટકી શકાયું એટલે પાદશાહને બાહરોટના પહાડ ઉપર લઈ ગયાં જ્યાં તેવણને ૧૨ વરસ રાખી કપરા સંજોગોમાં ખીદમત કીધી. પછી મામલો બહેતર થતાં અને બહેદીનો પાછા એક ઠેકાણે એકઠા થવા લાગતાં પાદશાહને વાંસદા લઈ ગયા, જ્યાં ૧૪ સાલ તેવણને રાખવામાં આવ્યા.

પછી બહેદીનોમાંના એક ભલા શખ્સ નામે ચાંગા આશાના કહેવાથી નવસારી લઈ ગયા, જ્યાં આશરે ૨૨૫ વરસ રાખ્યા પછી ઇ. સ. ૧૭૪૧ માં વલસાડ ખાતે મુકામ કીધો. વલસાડમાં એક વરસ રાખ્યા પછી ઇ. સ. ૧૭૪૨ માં ઉદવાડે પધરાવ્યા, જ્યાં આજની ઘડી સુધી તે રોશન નુર પ્રગટ રહ્યું છે.

પાદશાહને બીલકુલ ખસેડી શકાયજ નહિં એવું કાંઇ નથી. પાદશાહને ખસેડવાની તો ઘણી તરતિબો (methods) છે, પણ મુંબઈ જેવાં શહેરમાં કે જ્યાં ઉપર ઇલેકટ્રીકનાં દોરડાં અને રસ્તાઓ નીચે ફ્લશ સીસ્ટમની ગટરો હોય ત્યાં તો પાદશાહને બીલકુલ ખસેડાય જ નહિં તે લખી રાખવું.

પાદશાહને ખસેડવા હોય તો બે જાતના કશ મારવા પડે; એક તો પાદશાહનો પોતાનો કશ અને બીજો જે જમીન ઉપર મોબેદો ચાલે તેનો કશ. હું કહેવશ તો તમો કદાચ હસશો પણ આલાતને ખસેડે ત્યારે દરેક કદમે કદમ ગોલ કુંડાળું કરીને અહુનવરના કશો મારે અને નીરંગો કરે.

આય જમાનામાં તો ગોલ કશજ થઇ શકે. પણ ભલા જમાનામાં તો Parallel સમાંતર કશ કરી શકતા હતા જેથી આખાને આખા લાંબા રસ્તાઓ ઉપર કશ મારી તેના બે છેડે બે જણાને ચોંપ રાખવા ઉભા રાખી તે રસ્તા ઉપરથી સડસડાટ આલાત લઇ જતા.

પાદશાહને જે લોકોએ ડગમગતા વિશ્વાસને લીધે ખસેડ્યા, તે લોકો બી આપણી સરખામણીમાં તો ધુરંધર હતા અને તેઓએ પાદશાહને તરતિબથીજ ખસેડ્યા હતા; છતાં જે કશમાંથી એવણને ખસેડ્યા તે કશની પનાહી ગઇ અને જે કશમાં એવણને લઈ ગયા તેમાં આસમાન જમીનનો ફરક હતો, કારણ શશ (છ) ફૂશના અષવન મુબેદ નર્ઇરયો સંઘ ધવલની અને તેવણની સાથવાલા સાહેબોની પાકીઝગીથી સ્થાપાયલા કશોની વાતજ ન્યારી હતી. એક દાખલો લઇયે :—

આપણે આપણી આટલા વરસોની જીદંગીમાં સેંકડો નહિં પણ હઝારો વખત યથા ભણ્યા હોઇશું, પણ તેની હાલમાં તો કાંઇજ અસર નથી સિવાય કે ગુજરતી વખતે

તે બધા માંથ્રો નાહ્લા સરોશ રૂપ થઇ આપણને મદદ કરે. હવે એજ યથા અહુ વઇરયો-હા એજ યથા-પયગામ્બર સાહેબ એકજ વખત ભણે તો બુઇતિ દેવ ધ્રુજવા મંડી જતો. બુઇતિ દેવ તે કુલ બુરાઈઓના કેહુપેનો એક સરદાર છે.

એમ માંથ્ર તો એક જાતનું હથ્યાર છે જેનો પાવર તેના વાપરનારની પાકીઝગીના જોર ઉપર આધાર રાખે છે, જેમકે એક તલવારનો ઉપયોગ જુદા જુદા આદમીઓ પોતાના કૌવત પ્રમાણેજ કરી શકે.

જેટલી વખત પાદશાહને ઠરીઠામ કરીને પાછા ઉંચકો તેટલી વખત પાદશાહના કશને ખલલ તો પહોંચે છેજ.
(Item N. 21 ડાયરી VIII પાનાં ૧૩૦ થી ૧૩૪).

## ૨૨. એક બેહદીન ઇરાનશાહથી વધુમાં વધુ ફાયદો કેમ મેલવે ?

શેઠ જહાંગીર ચીનીવાલાએ ઉસ્તાદ સાહેબ બહેરામ-શાહને પુછયું, 'સાહેબ, ઇરાનશાહના આતશબહેરામ સાહેબના પાક કેબલાની ઉપર જેમ સાત કટકાને બદલે નવ કટકાની માચી ચઢે છે, અને બોય દેતી વખતે અથોરનાન સાહેબો જુદી જુદી ગેહમાં જુદી જુદી સંખ્યામાં આતશની નીઆએશ કરે છે, તેમ મારા જેવા બેહદીન ભકતો જયારે તે મુબારક પાદશાહનાં કદમ ઉપર જઇને ઉભા રહે, ત્યારે એક આતશની નીઆએશને બદલે તે પાદશાહનાં બુલંદ દરજજાને ધ્યાનમાં લઇ, કંઇ ખાસ તૌરથી ઈબાદત કરવાની તરીકત હોવી તો જોઈએ.'

ત્યારે બહેરામશાહજીએ કહ્યું કે, 'કોઇ પણ આતશંનાં કેબલા આગળ શહેનશાહી તૌરથી અથવા કદીમીઓની રૂઢીથી-છેક મીનોઇથી તે પાતાલ લગીમાં પંથરાઇ રહેલા કુલ આતશોની પરવરેશી કરનાર માંથ્રો-નામે આતશની નીઆએશ કરીએ, ત્યારી ખરી રીતે 'ઉસ્મોઇ ઉજારેષ્વા'ની નીરંગ ત્રણ વખતજ ભણાવી જોઇએ.

જયારે તું મને પુછેય, તો હું તુંને કહું છું, કે ઇરાન-શાહના કેબલા આગળ જાવો ત્યારે શહેનશાહી તૌરથી

આતશની નીઆએશની 'ઉસ્મોઇ ઉજારેષ્વા'ની નીરંગ નવ વખત ભણવી મુબારક છે.

'ઉસ્મોઇ ઉજારેષ્વા'ની આ નીરંગ ભણતાં તે નીરંગને છેડે આવતાં, એક અષેમનાં કલામનો કશ મારવાનો છે, પણ ધ્યાન રાખવું કે જો ત્રણ વખત ભણવાની હોય તો બે વખત તે નીરંગ ભણ્યા પછી ત્રીજી વખત તે નીરંગ ભણતાં અને નવ વખત ભણવાની હોય તો આંઠ વખત ભણ્યા બાદ છેલ્લી નવમી વખતે તે નીરંગ ભણતાં અષેમ ભણવો નહિં, પણ ત્યાર પછી આવતા અવસ્તા માંથ્ર શરૂ કરવા એટલે શહેનશાહી રૂઢી મુજબ 'ક્ષ્નઓથ્ર અહુરહે મઝદાઓ નેમસ્તે આતરશ મઝદાઓ'ની જે કડી છે તે ચાલુ કરી દઇને આગળ માંથ્ર ભણવા.'

બહેરામશાહજીએ વધુમાં કહ્યું કે 'જો એનાથી પણ એક કદમ આગળ તે મુબારક પાદશાહના કદમ ઉપર જ્યાદા સ્તોત ખેંચવો હોય, તો **ઉપર કહેલી રીતે** એક આતશની નીઆએશને બદલે નવ આતશની નીઆએશ ભણવી.'

('પારસી આવાઝ' તા. ૨૭–૫–૧૯૫૧ પાનુ ૭)

## ૨૩. બંદગી કરીને માંગેલું બક્ષવાની શકિત પાવમહેલમાં છે.

યુરોપ્યન લોકો તો એવા છે કે ૨૫ વરસમાં દુન્યાની અરબાદી કરી નાંખી, આપણે જાણ્યે છીએ કે 'મા મેરેન-ચઇનીશ ગએથાઓ અસ્તવઇતીશ અષહે' એટલે દુન્યાના ગએથાઓ (અંગો) આઝુરદે નહિં થાય અને પોતાની ધારેલી અષોઇની નેમે પુગે.

જ્યારે આજે તો જ્યાં જુઓ ત્યાં જમીનમાં, પાણીમાં કે હવામાં બધી અનાસરોની લુંટ ચાલે છે. જમીનમાંથી ગમે એટલું સોનું, રૂપું તેમજ બીજાં ખનીજો કાઢી લઇ જેમ ગમે તેમ ધંધા ધાપા અર્થે વપડાય છે. આતશને જેમ ગમે એમ તફરગે કરાય છે.

એવા વખતમાં આપણે તો ફકત એટલું જ કરવાનું છે કે આપણા પાવમહેલ ઉપર કોઇ પણે રીતે આજાબ નહિં પડે.

પાવમહેલનો ફાયદો ઉઠાવવો હોય તો પાદયાવ સાઝરનીના પાબંદ રહેવું જેથી મૃત્યુ વખતે જ્યારે બુઇતિ દેવ આવીને તેને ગભરાવે ત્યારે તેના પોતાના હવરરત બ્યોથનનું નહિં પણ કુલ હવરશ્ત બ્યોથનનું કેહુર્પ તેની આગળ આવી તેને ધીરજ આપે કે 'ગભરા ના. હું તારી બાજૂમાં તને મદદ

કરવા તૈયાર છું.' જે લોકો કુસ્તીનાં પાબંદ નહિં હોય; તે લોકો પાવમહેલનો ફાયદો કેમ લઈ શકે?

પાવમહેલની ખાસ્તારી કેમ કરવી?

તરીકત ઉપર રહી, ગેહનું ભણતર કરી, આ કાયદે માંથ્ર ભણવા. સંજોગો અનુસાર તરીકત નહિં પળાએ તો કાંઇ નહિં, પણ તેની ઉપર ફીદાગીરી તો જરૂરજ રાખવી.

થીઓસોફીનો દ્રષ્ટીબીન્દુ ખોટો છે કે બંદગી કરીને કાંઇપણ માંગવું નહિં. આતશ પાદશાહનાં ઉંબર ઉપર સર ઝુકાવનાર કોઈપણ ભકતની મદદની માંગણી વ્યર્થ જતી નથી.

અલબત અમુક ચીજો જે માનવીની જીંદગીમાં બનવાની હોય તે તો બનેજ, જેમકે આવા મોટા રૂઈનતન અરફંદીયારના બાબમાં બની ગયું તેમ.

આપણી દુન્યવી મુશ્કેલીઓમાં પણ આતશબહેરામ પાસે અઘરી સહેલી કરવા દુવા ગુઝારી કરવી તે દરેક બસ્તેકુસ્તીઆનનો જન્મસીદ્ધ હક છે. હાલમાં કોઇક સાહેબો જરથોસ્તીઓને એવી સલાહ આપે છે કે 'તમો આતશબહેરામ પાદશાહો પાસે કાંઇ પણ માંગો નહિં અને નઇઅત પણ નહિં બાંધો કે મારૂં ફલાણું ફલાણું કામ પાર પડશે તો હું આટલા સુખડની માચી ચઢાવીશ.' આવી માંગણીમાં કાંઇ પણ ખોટું

નથી. જેમ મા બાપ પાસે ફરઝન્દોને પૈસાટકાની માંગણી કરવાનો હક છે, તેમ કુલ જરથોસ્તી આલમના રખેવાલ અને મુરબ્બી સમાન આતશબહેરામ પાદશાહો પાસે દરેક પ્રકારની મદદ માંગવાનો દરેક તેના ભકતને હક છે.

(Diary VIII પાનાં ૯, ૧૪, ૧૫ અને

'પારસી આવાઝ' તા. ૨૭-૨-૧૯૫૫ પાનુ ૫)

★

## ૨૪. પાવમહેલની અગત્યતા

આ આપણા આદરયાનો અને આતશ-બહેરામો કાઢી નાંખો અને પારસીઓ જુવો કે તમારી શું હાલત થાય છે? અરે, ઢેડાં દુબરાંની પણ મોટી સંખ્યા હોવાથી કાંઇક ઠીક હાલત છે, પણ તમારી હાલત તો એ ઢેડાં દુબરાં કરતાંબી વધારે ખરાબ થઇ જાય. પણ એમ થશે નહિં, કારણ એમ થવા નિર્માણ નથી થયું. પાવમહેલ કભી ફના થશે નહિં.

ઇરાનમાં આપણા બાપદાદાઓમાંથી વટલેલા લાખોને લાખો મુસલમાનો કરતાં આપણે આટલી નાની સંખ્યામાં હોવા છતાં હિંદુસ્તાનનાં કરોડોના માનવ મહાસાગરમાં તેઓ કરતાં વધારે દીપી રહ્યા છીએ તેનું કારણ શું? એમ તો એ વટળેલો ધર્મ બદલ્યાં છતાંબી ઘણી આપણી તરીકતો પાલતા હતા જેવી કે દુર બેસવાની-હમણાં છેલ્લી બે સદી સુધી પાલતા આવેલા પણ જે એ લોકો જાળવી નહિં શકયા તે જાહેરમાં આલાતો.

આજે ઘણા ઈરાનીઓ એમ માને છે કે હિંદુસ્તાનના પારસીઓ જ્યારે ઈરાનથી ચાલ્યા ગયા, ત્યારે પોતાની સાથે કાંઇક તલેસમ (અફસુન) પણ લેતા ગયા છે. જ્યારે એ તલેસમ પાછી ઇરાનમાં આવશે, ત્યારે જ ઇરાનનો પાછો ચઢતો દહાડો આવશે

(Diary N. V પાના ૩૯, ૩૯A.)

## ૨૫. ઇનસાનના શરીરમાંનો આતશ.

ઇનસાનના શરીરમાંનો આતશ તે વોહુફ્રીયાન છે જેના બધા મલીને ૧૦૦૧ તખકકા છે. અમુક સંખ્યાનાં તખકકાઓને સાથે લઇને અકેકો દરજ્જો બનાવેલો હોય છે.

સૌથી નીચલા દરજ્જાનો આતશે-દારાં તો કોઇને કોઈ તખકકા સાથે ખીલેલો બધાંમાંજ હોય છે. પણ જેનામાં છેલ્લો નવમો દરજ્જો ખીલેલો હોય, તે મોટા નરો જેવા કે કવિઓ, ફીલસુફો વગેરે થાય છે.

Milton :-

They also serve who only stand and wait.

આ લીટીઓમાં ઘણોજ સુંદર મર્મ છે, એ ખુદ આપણી ક્નુમની અંજુમનને લાગુ પડે છે. આજે આપણે શું કરીએ છીએ? આપણે બધાં બહેરામ વરજાવંદ માટે વાટ જોતા થોભેલા છઇએ.

ઉસ્તાદ સાહેબે જે દોર (Circuit) દોરેલો છે તેના ડો. સાહેબ ફરામરોઝ પેશ્વા છે. માણસ જેમ વધારે જ્ઞાની થાય તેમ તેને મોંઢે તાળું પડે છે, અને તે ઘણુંજ થોડું બોલે છે, પણ એમ તો પછી જ્ઞાનનો ફેલાવો થાયજ નહિં, ત્યારે તે બીજાને અધિકાર આપી જાય છે.

ડો. સાહેબે શું કીધું છે? એવણે ધર્મ શાહુદતોને

આધાર રૂપ લઈ તેમાં અકલે દલીલ ઉમેરીને ચોપડીઓ લખી છે કે જેવું કામ કરી શકવા કોઇ બીજો જન્મશે નહિં. અલબત એવણની ચોપડીઓમાં પસોપેશ તો છેજ. નીકીઝોમાં તો એટલો બધો જ્ઞાનનો દરીયાવ છે કે ફક્ત કેશ્વર જમીનના ભેદો એમાં છે. દીવાન બહાદુર કૃષ્ણલાલ ઝવેરીએ જયારે પહેલી નીકીઝ વાંચી, ત્યારે બહુ તાજુબ થઈ બોલ્યા કે એની ભાષા બહુ High Orderની છે, પણ કેટલેક ઠેકાણે કેટલીક બાબદો બીલકુલ સમજ પડતી નથી.

ડો. સાહેબના ટપકામાં બુધ નીચનો છે, શની નીચનો છે અને શુક્ર સાથે લુપ્ત થએલો છે જેથી એવી ગુંચો કેટલીક વખત પેદા થાય છે.

આતશે દારાં પછી આતશે નૈરયોસંઘ ખીલેલો આદમી પણ કાંઇ કામ ક્રોધ, મોહ, માયા અને સંસારનાં બંધનમાંથી મુક્ત નથી, પણ આતશે બોરેહવાલો તો મુક્ત છે.

આતશે બોરહવાલા આગળ ગમે એવી અપ્સરા જેવી ઓરતબી નાગી કાંય નહિં આવે તો પણ તેની એક પણ ઈન્દ્રી જરા સરખીબી હાલતી નથી. તેવી જ રીતે આતશે બોરેહવાલી ઓરત આગળ પણ ગમે એવો પીલતન જેવો આદમીબી આવે તો બી તે કામાંધ (passionate) થતી નથી.

(Diary N. VI પાનાં ૯૪, ૯૫, ૯૬, ૯૭).

★

## ૨૬. અમુક વિસ્તારમાં અમુક સંખ્યાનાજ આતશ પાદશાહો હોવા જોઇયે.

યુરોપ અને અમેરીકામાં જે જાતીય ગુનાહો તેમજ બીજા ખરાબમાં ખરાબ ગુનાહો થઇ રહ્યા છે તેનેથી સએન દ્રુજના ગુબારો બંધાઇને તેની આફતો ખાલી યુરોપ અમેરીકા ઉપર જ નહિં પણ આખી દુન્યા ઉપર ઉતરે છે.

તેથીજ આય જમાનામાં અમુક વિસ્તારમાં સાતથી વધુ આતશબહેરામો નહિં બંધાય, નહિં તો ભલા પ્રવાહો ખલાસ થવા પછી સએન-દ્રુજી ખુબ જોશમાં ખેંચાઇ આવે.

એવી જ રીતે આય જમાનામાં વધુમાં વધુ ૭×૯=૬૩થી વધારે આદરાન સાહેબો અમુક વિસ્તારમાં નહિં હોવા જોઇયે.

(Diary N. VI પાનાં ૧૦૪, ૧૦૫)

☆

## ૨૭. ઇરાનમાં ઝાડો ઉપર ઉડતા આતશો

ઇરાનમાં ઝાડો ઉપર ઉડતા આતશો એક અખંડ કુકડામાં ગાયની ઝબાન જેવા અથવા લાંબા કાકડીના ઘાટના જેવા હોય છે.

ઉસ્તાદ સાહેબ બેહેરામશાહે કહ્યું હતું કે ઇરાનના આતશના પાક મકાનોના પાવીકત જ્યારે બરબાદ થઇને ઉભા રહેશે અને પાવમહેલ સાથનો ઇરાનના આતશ પાદશાહોનો સંબંધ તુટી જશે, ત્યારે બાતેનના જરથોસ્તી આબેદોને દુવા ઉતારનાર આતશ, બાતેનમાંથી જાહેરમાં મોકલવા પડશે.

આ ઉડતા આતશ દુવા ઉતારનાર આતશ છે અને બાતેનના જરથોસ્તી આબેદો યઝદના કોઇક ગામડાઓમાં તે આતશ ઇરાદાપુર્વક મોકલતા હશે, કારણ ત્યાંના ઇરાની જરથોસ્તી નરનારી ઠીક તરીકતબાઝ છે અને દીની એતેકાદવાલા છે, જો કે 'પાવમહેલ' અને 'પાવીકત'ની બરકતોથી તે દીનદાર હુમદીનો મોહતાજ બનેલા છે.

દુવા ઉતારનારા ઈરાનમાં આવતા આતશો અનાસરી છે, પણ તેને ખાસ રીતે ઇંજેલા હોવાથી, તેઓ સ્વતંત્ર રીતે, જ્યાં પણ જઇને સ્વજ્ઞાનથી કરાર પકડે છે, ત્યાં અસરે રોશનીને નીચે ઉતારવાની કરામત કરે છે. તે આતશો ગેબી

રીતે સ્તોત અને ખાસ્તરની અઇપિ ઉભી કરી શકે છે. 'આતશ પરસ્તી'માંજ 'અહુ પરસ્તી' છે, તેને લગતા ઇલ્મે ક્ષ્નુમ મુજબના ખુલાસાઓ ઉપરથી, દુવા આપનારા આતશોનાં સંબંધમાં આવો કાંઇક ખુલાસો આપી શકાય છે.

ઉડતા આતશ જે ઇરાનમાં આવે છે, તે દુવા આપનારા આતશ છે અને પાવીકતની ગેરહાજરીમાં પણ અસરે રોશની ઉતારનારા તે આતશ છે, તેની પુરવારી પણ આપોઆપ મલી જાય છે, કારણ જો કોઇ દરૂજીમાં ગીરફતાર મરદ યા ઓરત તે આતશની નજદીકમાં જાય છે, તો તે આતશ ત્યાંથી ઉડી જાય છે.

( 'પારસી આવાઝ' તા. ૨૬–૧૧–'૭૦ પાનાં ૧ અને ૯ )

* * *

જેઓએ ઇરાનમાં મુસાફરીઓ કીધી છે તેઓએ એક ઘણો વિચીત્ર દેખાવ જોયો હશે. જાણે ઝાડ ઉપર આતશ જલતો હોય તેવું દેખાય એટલુંજ નહિં પણ તે આતશ એક ડાંખળી ઉપરથી બીજી ઉપર અને એક ઝાડ ઉપરથી બીજાં ઉપર એમ ઉડયા કરતો દેખાય.

કેટલાક મુસાફરો જેઓએ એ દેખાવ નજરે જોયલો હતો, તેઓએ ઉસ્તાદ સાહેબને એ બાબે સવાલ પુછયો, ત્યારે એવણે કહ્યું કે, 'એ બતાવે છે કે ઇરાનમાં હજીબી આતશની તલેસમ મોજુદ છે. જેમ જેમ સાહેબો યસ્નો કરતા જશે, તેમ તેમ એ તલેસમ મજબુત થતી જશે.'

(Diary N. VII પાનુ ૪૦)

## ૨૮. જમીનમાં ગારત થયેલા આતશો !

(નોંધઃ આ આઇટમ આતશ પાદશાહોને લગતી હોવાથી, આ અદનાની સંપાદન કીધેલી બીજી કેતાબ 'શાહ બેહેરામ વરજાવંદ'ની બીજી આવૃત્તિનાં પાનાં ૭૦ અને ૭૧ ઉપરથી અહિંયા રીપીટ કરી છે; કારણ કે એ ચોપડી હવે મલતી નથી, અને પાછી છપાય એવા કોઇ સંભવો નથી.)

ઇરાન જ્યારે આરબોને હાથે પડયું ત્યારે તે વખતના ઇરાન દેશનો વિસ્તાર આજના ઇરાન કરતાં ઘણો વધારે મોટો હતો.

તે વખતે ઇરાનમાં લાખો અગ્યારી અને હજારો આતશ બેહેરામો હતાં, તો એ બધાંનું શું થયું? આ કોઇ અતિશયોકિતભરી વાત નથી. તે જમાનામાં આજનો કાયદો લાગુ નહિં પડતો હતો કે અમુક વિસ્તારમાં સાતથી વધારે આતશ બેહેરામો નહિં હોવા જોઇએ.

ઉસ્તાદ સાહેબે કહ્યું હતું કે 'જો સાતજ આતશ-બેહેરામ રહ્યાં હતે, તો પારસીઓને કાંઇ અલવલ નહિં આવતે.' બામદ એમ છે કે આતશ પાદશાહોમાં એવું કુવ્વત છે કે જેટલા માઇલની પાદશાહની અઇપી હોય, યાને પાદશાહની ચારે બાજુ પાદશાહના ખોરેહ પ્રમાણે જેટલા વિસ્તાર ઉપર પાદશાહની હકુમત પુગતી હોય,

તેટલા વિસ્તારમાંના પ્રવાહોને પહેલે પોતામાં ખેંચીને પછી તેજ પ્રવાહોનો વધારે જોશથી ફેલાવો કરે. આ તો દેખીતું જ છે કે બુરા જમાનામાં વાતાવરણમાં નેકીના પ્રવાહો કમતી હોય એટલે અમુક વિસ્તારમાં સાતથી વધુ આતશ બેહેરામો હોય તો નેકીના પ્રવાહો ખપી જઇને, બદીના પ્રવાહો ખેંચાવા માંડે અને તેનો ફેલાવો થવા માંડે.

આપણી મુળ બાબત ઉપર આવતાં, ઇરાન પડયું ત્યારે આરબોને હાથે આતશ પાદશાહો તબાહ થયા ખરા, પણ તે કેટલા? કુલ સંખ્યાની સરખામણીમાં ઘણાજ થોડા, તે વખતે એવા પાક અને જોરાવર દેહ મોબેદો હતા કે આતશ પાદશાહોને જમીનમાં ગારત કીધા અને ઉપર એવા તલેસ્માતીક કશો માર્યા કે જેથી તે જમીનો કોઇને ખોદવાનું મન થાયજ નહિં એટલુંજ નહિં પણ તે જમીનો ઉપર કોઇને પેશાબ કરવાનું પણ મન નહિં થાય. હમણાં એ બધા જમીનમાં ગારત થયેલા આતશો મંદ સ્થીતી (dormant state) માં છે.

ભવિષ્યમાં જ્યારે ઇરાને નવ યાને નવું જ ઇરાન પેદા થશે, ત્યારે આબેદો રમલ નાંખીને જોશે કે કયાં કયાં આવા ગારત થયેલા અગ્યારી આતશ બેહેરામો છે અને પછી બા કાનુન તેઓના કશો ખોલશે, ખોદીને ઉપર લાવશે અને પાછા આરાસ્તેહ કરશે.

નોંધ : ભલેને આજે આ હકીકત નહિં માની શકાય

એવી લાગતી હોય, પણ એમ તો થોડા દાયકા અગાઉ કોઇ Deep Freeze ની વાત કરતે, તો કોઇ માનતે કે? Deep Freeze માં ખોરાક છ થી સાત મહીના રાખી શકાય છે. બહાર કાઢીને ખોરાક ગરમ કીધો કે ખાવા લાયક તૈયાર !

★

## ૨૯. પાવમહેલ સ્થાપતી વખતે અષવનો અમુક પુરવાશીઓ આપે.

યાદ રાખવાની જરૂર છે કે અષવન નર સિવાય બીજાઓથી પાવમેહેલ બંધાયજ નહિં. મુખ્ય કામ એક નર અષવનનેજ ફાળે જાએ છે કે જેઓ એક બીજા અશો નરને ભવિષ્યના દસ્તુરપદ માટે મુકરર કરી પોતાના હમકાર બનાવે છે.

ગેતીનો અને તમામ સૃષ્ટીનો પાયો આતશ છે તેથી પાવમહેલ બાંધવા માટે આતશનો પાયો ઉભો કરવામાં આવે છે.

પેલા નર અષવન માંથ્ર ભણી સુખડ સળગાવી એવો નુરમન્દ આતશ રોશન કરે છે, કે તેમાં આતશે મીનો કરકો આલેસ હોવાને લીધે અને મીનો કરકોની મારફતે આથ્રો અહુરે મઝદાઓ પુથ્ર સાથે સંબંધ પેદા પડતો હોવાને લીધે, તે આતશના પાયા ઉપર પાવમહેલની સીમા દોરી શકાય છે.

જેવો અણુદીઠ કસ દોરાયો કે તે વિસ્તારમાંથી તમામે તમામ દરૂજી ગતીઓ નાસી જાય છે. કોઈ પણ જાતની દરૂજીઓ રહી નહિં શકતી હોવે. એક સરખી રીતે 'કવએમ

ખરેનોંના આશીષોનો વરસાદ પડવાનું શરૂ થાય છે. પછી પેલા દસ્તુર થનાર ભલા અશો નર તે આતશને દાદગાહ તરીકે તખ્તેશીન કરે છે અને પાવમહેલની સીમા બરાબર ઉભી થઇ છે, અને તેમાં કવએમ ખરેનો અને બધા જ ગાહામ્બારના પ્રવાહો વહેતા થયા છે, તેની પુરવારીમાં પેલા નર અષવન તે દાદગાહની અઇપિમાં પેગામ્બરના હાવીસ્તોનાં કેહરપો દેખાડે છે.

પેલા નર અષવન આ પછી એક બીજો 'નીરંગવર' કરે છે. તેઓનો તેત્રીસ યઝદોનો અમલ એટલો બધો પરિપકવ થાય છે, કે તેઓની અઇપિમાં એક ફરેસ્તાઇ શકિતનું કહેરપ જન્મ પામે છે. આવાં કેહરપને ફારસીમાં ફરેસ્તો કહે છે. આને માટે અવસ્તા શબ્દ 'અસ્તો' છે.

પેલા નર અષવન આ ફરેસ્તાને પોતાના ખોરેહમાંથી જુદું પાડી, પેલા દાદગાહમાં મોકલાવે છે. અને પછી આખી અનજુમન જોએ તેમ તે ફરેસ્તાને ખુબ ઉંચે ઉડાવી, તેને મીનોગાસમાં સરેદ યઝદ, કે જેઓ ખોરદાદ અમશાસ્પંદના નાયબ છે અને જેઓ વખતની ઉપર મવક્કલ છે, તેની આગળ મોકલે છે.

પેલો ફરેસ્તો પછી પેગામ્બરની દસ્તુરીનો અધિકાર સરેદ યઝત પાસે હાંસલ કરી, પાછો પેલા નર અષવને ઉભી કીધેલી પાવમહેલની સીમામાં આવીને અમુક ઠેકાણે બરકરાર થાય છે, અને દસ્તુરીની સાથે ત્રેવીસ રતુઓ અથવા રથવ્ય ચક્રોને તેજ ફરેસ્તો હસ્તીમાં લાવે છે. પેલી દસ્તુરીની તલેસમ સાથે પેલા અશો નરના પ્રાણવાયુનો સંબંદ ત્યારબાદ પેદા પડી ખરી દસ્તુરી તેઓને હાંસલ થાય છે. આવી રીતે

પાવમહેલની સાઝશની (રચના) પરિપૂર્ણ થાય છે.

આવું કાંઇક મહાભારત કાર્ય થયું છે તેની સાબેતીમાં પેલા નર અષવન અને પેલા દીન દસ્તુર બેઉ સાહેબો પોતાના સુદરેહના ગેરેબાનમાંથી દાડમના દાણા કહાડે છે અને તે અનજુમનને દેખાડે છે.

("પારસી આવઝ" તા. ૧૯–૯–૪૮ પાનું ૭.)

*　　*　　*

દીનમાં અમલની અગત્યતા બહુ મોટી છે. ઘણો નહિં અને થોડોક અમલબી સારો છે. અમલ કાંઈ હુમણાં ઉભી કીધેલી પાકીઝગીથી નથી થતો, પણ એમાં તો ખાનદાનીનો ભેદ છે. ઉસ્તાદ સાહેબે પણ અમલ કરવા ઘણી કોશેશો કીધી હતી.

એવણે ઘણું ચાહ્યું કે, 'મને કોઈ એવો ખાનદાની નર અથોરનાન મલે કે જે મારી તુફેલમાં તરીકતોથી તૈયાર થયા પછી જાહેરમાં આતશ નિઆએશનો 'ઉસ્મોઇ ઉજારેષ્વા' વાલો ફકરો ભણીને સુખડ સળગાવી દેખાડે. પછી તે આતશના બે ભાગ થાય, ઉપલો બ્લુ અને હેથલો લાલ; અને પછી જેમ જેમ પાદશાહ પહેલવાનોનાં નામ બોલાતાં જાય તેમ તેમ તેઓની ફ્રવષીઓ એક પછી એક પેલા ઉપલા બ્લુ ભાગમાં દેખાવ આપે.'

'પણ એવણે ઘણાબી ટપકાઓ જોયા છતાં એવી ખાનદાનીનો કોઇ મલ્યો નહિં.

( (Diary N. VII) પાનાં ૨૮, ૨૯.)

*

## ૩૦, હીંદુસ્તાનના માનવ મહાસાગરમાં પારસીઓ પોતાની જુદી હસ્તી કેમ ટકાવી શકયા?

પાવમહેલ એક જીવતીજાગતી અણદીઠ સંસ્થા છે. પાવમહેલનું મુળ મીનો ગાસ નામની એક ભેદી સંસ્થામાંથી છે. મીનો ગાસ તે સંસ્થા છે કે જયાં ખુદ દાદાર અહુરમઝદ અને તમામ યઝદોનું રાજ્ય વ્યાપી રહે છે.

હંમેશાં નવો પાવમહેલ ફસલી રોજ માહની ગણત્રી ઉપર જ થઇ શકે, તે દીનનું એક ખાસ શીક્ષણ છે. ઇલ્મે ક્ષ્નુમની મકતબનો આ એક ખાસ ખુલાસો છે, કે હીંદમાં પધારીયા પછી આપણા પુર્વજોના રહેબર મુબેદ નઇરયોસંગ ધવલે, હીંદમાં સંજાણ ખાતે માત્ર આતશબહેરામનેજ નહિં ઉભું કીધેલું, પણ એક નવો પાવમહેલ બાંધેલો હતો. આવો પાવમહેલ તેઓ બાંધી શકયા, કારણ તેઓ સાહેબ એક અષવન નર હતા, અને તેઓના હમકાર તરીકે બીજા અષો નરો અને મગવો તેમજ એક નારી મગવન તેઓની સાથે હતાં.

મુબેદ નઇરયોસંઘ અને તેઓનાં હમકારો કોણ હતા અને તેઓમાં શું પાણી હતું, અને તેઓ શું મોટું દીની કાર્ય બજાવી ગયા છે, તેનું કંઇ પણ ભાન હાલના કોઇક અથોર્નાનો અને ધર્મ અભ્યાસીઓને નથી.

હિંદના પારસીઓ બુરામાં બુરાં જમાનામાં કરોડોની પરકોમી વસ્તીઓ વચ્ચે ટકી શકયા, પોતાની લોહીની સ્વચ્છતા અને ખાનદાની જાળવી શકયા, અને દીનના મકાનોને અને દીનની સંસ્થાઓને કાયમ રાખી શકયા, તેનું મુળ અને મુખ્ય કારણ, મુબેદ નેઇરયોસંઘે ઉભો કીધેલો દીનનો ખાસ પાવમહેલ અને તેની ગેબી બરકતો છે.

દરેક બસ્તેકુસ્તીઆનનો પ્રાણવાયુ પણ આવા પાવમહેલ સાથે જોડાયલો હોવોજ જોઇએ. નવજોતની પવિત્ર ક્રિયા માઝદીઅશ્ની બાળકનું ઉશ્તાન એટલે પ્રાણવાયુને આવા પાવમહેલ સાથે જોડવાને માટે જ કરવામાં આવે છે.

('પારસી અવાઝ' તા. ૩-૧૦-'૪૮ પાનુ ૯)

ઘણાઓએ મને (શેઠ જહાંગીર ચીનીવાલાને) અને ઉસ્તાદ સાહેબને સવાલ પુછેલો કે પારસી કોમ હીંદુસ્તાનમાં આટલી બધી શાહેનશાહતોની ઉથલપાથલ થવા છતાં ટકી કેમ શકી? એમ નહિં સમજવું કે પારસીઓ પોતાની હોંશીયારીથી ટકયા. કોઈ કોઇ બીનપારસી વિદ્વાનો એટલા ખબરદાર આવે છે કે પારસીઓ તેઓ આગળ કાંઇ ચીજ નથી. પારસીઓ ટકયા હોય તો તે જરથોસ્તી દીનની તલેસમથીજ. એ તલેસમ જયાં સુધી મજબુત હતી ત્યાં સુધી કોમમાં એક પણ વેશ્યા ન હતી. હવે એ તલેસમ ઢીલી થતી જવાને લીધે કોમમાં વેશ્યાપણું અને

ભીખારીપણું આવ્યું અને હજી વધતું જશે.

ઉસ્તાદ સાહેબે તો એવો ભયંકર ખ્યાલ આપેલો છે કે આજે જેમ પરજાતના ભીખારીને હાથમાં ફાણસ સાથે બાંગ મારતાં સમજીયે છીએ 'દે દે પૈસા અલ્લાહ કે નામ પે' તેમ પારસીઓ બી એક વખતે ભીખ માંગશે. ખુદા તમોને અને મને એ દહાડો નહિં દેખાડે.

(Diary No. VII પાનાં ૩૪ અને ૩૫ તા. ૨૪–૫–'૪૮)

*

## ૩૧. આતશબહેરામો તેના લાયક ખીદમતગારોને આવતા બનાવોની આગાહી આપી શકે છે.

હાલનો ધર્મ અભ્યાસ, કે જેમાં ભાષાશાસ્ત્ર મુજબ અભ્યાસ કરનારાઓ તેમજ થીઓસોફી વડે ધર્મ સમજવાની અને સમજાવવાની કોશેષ કરનારાઓનો સમાવેશ થાય છે, તેઓ આતશબહેરામ પાદશાહની મુળ બુઝોર્ગી શોધી શકતા નથી. આતશબહેરામ સાહેબ તો કુદરતમાં મીનોઇ, હસ્તી અને નીસ્તીના આતશો સાથે મલી જે ભેદી કર્તવ્ય કરે છે અને આતશબહેરામ સાહેબના જેવી અણદીઠ સંસ્થા બનીને, સ્પેનામીનોનાં સફેદ બાજુનાં કર્તવ્યને મદદગાર થાય છે, તેજ મુજબ માનવે ઉભી કીધેલી ધર્મની સંસ્થા તરીકે ગેતીમાં જરથુશ્ત્ર સાહેબના ફરમાન મુજબની ઉભી કીધેલી આતશબહેરામની સંસ્થા કાર્ય કરે છે.

આતશબહેરામ સાહેબો તો દહ્યુપતો અને રથેસ્તારો છે. તેઓની અંદર સરોશ યઝદના ભેદમાં તમામ યઝતોનો વાસો હોય છે. તેની અંદર અહુરમઝદનું રાજ્ય હોય છે. તેઓ દેખઇતી અને અણદીઠ બદીઓ સામે લડી શકે છે. તેઓને આવતી બલાઓ અને આફતોનું ભાન પેદા પડી શકે છે અને તેઓ ગવાહે કરીબ યાને નજદીકના સાક્ષી બની તેના ખીદમતગારોને આગાહી પણ જો તે ખીદમતગારો લાયક હોય તો આપી શકે છે.

('પારસી આવાઝ' તા. ૨૦–૨–'૫૫ પાનું ૭)

## ૩૨. રખ્યા (Important)

આતશ બહેરામ પાદશાહની ભશમ એક ઘણી મોતેબર સ્તુ છે. તે એક ચીજ છે કે જે તે પાદશાહનો હુક્મ દરજાનો જલવો રાખે છે. પાદશાહના મીશ્રો અને ઉશ્તાનો હસ્તી અને નીસ્તીના આસ્માનોના મીશ્ર ઉશ્તાન સાથે સંબંધ રાખે છે જેથી મીનોઇ અને હસ્તીની આલમોનાં નુરોનો પ્રભાવ તે પાદશાહમાં રહે છે. આ બધો જલ્વો આતશ પાદશાહની ભશમમાં કરાર પામીને છેક મીનોઇ સુધીનો સંબંધ રાખી શકે છે.

પાદશાહનાં બાતેન આતશોમાં અને જાહેર આતશમાં અને રખ્યામાં એમ અનુક્રમે તે મીશ્ર અને ઉશ્તાન પોતાનો પાયો કરીને પછી છેક હસ્તીનાં સાત આસમાનો અને મીનોઇના બે આસ્માનો સુધીનો ઉશ્તાન અને મીશ્રનો અમલો ઉભો થાય છે. તે મીનોઈ અને હસ્તીના આસમાનનાં ખાલેસ સ્તોતો, આતશ પાદશાહનાં મીનો આતશના મુરકકબ સ્તોતો અને પાદશાહના જાહેર આતશ અને રખ્યાના અબદેહની જાતના સ્તોતો બધા આ રાખમાં મસાવત થઇને એક એવી ચીજ થઇ રહે છે કે જેની ઉપર યઝતોની પાસબાની ઉભી થાય છે.

આમ છે માટે જ આતશ પાદશાહ અને તેની રખ્યાની વચ્ચે નહિં તુટે તેવો સંબંધ રહે છે. જો તે રખ્યાની

ઉપર કાંઇ પણ પ્રકારનો આજાબ ગુજરે તો તે આજાબ પાદશાહ ઉપર ગુજરેલો કહેવાય છે આ કારણસર આ રખ્યાને ઘણી હીફાજતથી રાખવાની છે. આ રખ્યા જેવી નજીવી ચીજમાં સૃષ્ટીની અમૂલ્ય ગતીઓ પડેલી છે. આમ છે માટે એ રખ્યાને આલાત તરીકે ગણાવેલી છે. નીરંગ-દીનનો નીરંગ અને રખ્યા બંને મુક્ત છે. વરસીઆજીના વરસને તેને ઇજવાની ક્રીયા વખતે પાકીઝગી આપી તે વરસમાં વરસીઆજીના વોહુક્રીઆન આતશને મોહોર મારી ફરતો રાખવામાં આવે છે. જો બોય દેનાર યોજદાથ્રેગર ખરો અમલદાર હોય અને પાદશાહનો ખરો ખાદેમ હોય તો તે આ ભશ્મ મારફતે જાત જાતના દરદોને દફે કરી શકે છે. ખાસ કરીને કેહપને લગતી જે કાંઇ બીમારીઓ જણાયલી છે તેને આ ભશ્મ મારફતે દફે કરી શકાય છે. આવો અમલદાર યોજદાથ્રેગર મોટા મોટા સેફલીજીનો અને બીજી સેફલીઓને રાખના કસમાં બન્દ કરી શકે છે.

માચી ચડાવતી વખતે પાદશાહની આસપાસ નવ ચક્રો ફરે છે, ત્યારે તે વખતે છ કેશવરો ઉપરથી તે તે કેશવરોના મીથ્ર, માંથ્ર, યસ્ન, ઉશ્તાન ખોરેહો તે ચક્રની જગાની રાખ ઉપર ઉતરે છે. પછી સાતમો કશ પાદશાહના પાતરાની ઉત્તર દીશા ઉપરની રાખમાં મુકે છે, ત્યારે યઝતી પાસબાનીના શુભ પ્રવાહો તે રાખમાં ઉતરે છે. પછી આઠમો કસ પાતરાંની દક્ષીણ દીશા ઉપર મુકે છે ત્યારે દાદારે ગેહાંન ઉપરની બરકતો તે રાખમાં ઉતરે છે. પછી નવમો કશ પાછો પહેલા

કશાની માફક પશ્ચિમ દીશા ઉપર મુકે છે ત્યારે તે બધા કેશવરોની બરકકતો પાદશાહના પાતરાની રાખમાં મસાવત થઇને રહે છે અને બોય દેનાર યોજદાથ્રેગર ઉશ્તાન ખોરેહમાં અને માચી ચઢાવનારના અને જેને માટે તે માચી ચઢાવી તેના ઉશ્તાન ખોરેહમાં તે મસાવતનો પેવંદ થાય છે અને તે વખતે ત્યાં જે બહેદીન કે અથોરનાન સાહેબો ભણતા હોય તેઓનાં ખોરેહ ઉશ્તાનમાં પણ તે મસાવતનો પેવંદ થઇ રહે છે.

કેશવરોની આવી બરકકત જે તે રખ્યામાં છે તેનો મીનો ઉપયોગ આ બધાં પેવંદ મેળવેલા સાહેબો પોતાના શુભ મીશ્રથી કરી શકે છે. ગમે તેવી ઝેરી તાપને આ ભરામ ઊતારી શકે છે. જો કોઇ અમલદાર અને પાકીઝગી-વાળો આશ્રવન હોય તો તે આ રાખની બરકકતથી નાના જેવા મોજેજી કરી શકે છે.

રાખમાં આ બધા કેશવરો જેઓ બહેશ્તો છે તેઓની નેઆમતો સમેટાયલી હોવે આ રાખ ઘણી બરકકતી ચીજ હોય છે. આવી નેઆમતો રાખતી ભરામ ઘણી મોતેબર ચીજ છે માટે તેને રાખવાની અને તેને આતરાના પાતરાં ઉપરથી કાઢવાની અમુક તરતીબ (method) બતાવેલી છે.

સાધારણ રાખમાં સાફ કરવાના ગુણો તેમાં રહેલા ખારને લીધે હોય છે, પણ આતશ પાદશાહની રાખમાં

મીનોઇ બરકકતનો ખજાનો હોય છે અને તેની ઉપયોગીતા છે. નાહન નહુજ્ઞાવતી વખતે નીરંગદીનનો નીરંગ જેને ખોરૂં કહે છે તેમાં આ રાખ નાંખે છે અને પછી તેનો ઉપયોગ કરવામાં આવે છે. આ બેઉ ચીજોની મીલાવત જેમ કેહુષ્‌ની અંદર દરોસ્તી લાવવાનું કામ કરે છે તેમ રૂવાનની અશોઇ ખીલવવા માટે એટલે રૂવાન ઉપરનો બંદ ઉકેલવા કામયાબ થાય છે અને રૂવાનને યઓજદાથી આપવાનું કામ કરે છે.

આ રખ્યાની ઘણી વિગતો છે પણ તે બધી આજે ભુલાઇ ગઇ છે. આ રાખ આટલી બધી અમુલ્ય છે તે ખ્યાલ પણ આજે ભાગ્યેજ કોઇને આવે, છતાં આવી ભશમને કાઢવા માટે ખાસ ક્રીયાની વીધી આપી છે તે ઉપરથી કોઈને પણ તે રાખના કિમતીપણાંનો ખ્યાલ આવી શકે છે.

આ ભશમ સાથે ઘણી અદબ અદાથી વર્તવાનું છે. જ્યારે રાખ પાતરાં ઉપર ઘણી વધી જાય છે ત્યારે તેને ઘણી તમીઝથી અમુક મીથ્ર—માંથ્ર-યસ્નની અમુક વીધીથી કાઢવાની છે.

જે વખતે રખ્યા કાઢવાની હોય તે વખતે બહેદીનને ત્યાંનું સુખડ લેતા નથી અને સુખડની માથી પણ લેતા નથી. આલાત તરીકે રખ્યાને લેવાની હોય છે ત્યારે અહુર-મઝદની ક્ષનુમનથી તે રખ્યા કાઢે છે. જરથોસ્તી દીન અને

દાત જે અહુરમઝદના છે. અને ઘનામીનને તોડવા માટેના છે અને જેને હોરમઝદ તરફથી અશો જરથુશ્ત્રને મઝદયસ્ની દીનના ઉમેરા તરીકે આપેલી છે તેમાં બાવળના ગાંઠો અને બાવળની માચીજ અને તે પણ ૧૧ કકડાની ઘનાને તોડવાના અને રપ્યાને આલાત બનાવવાના અર્થે'જ લેવાનું ફરમાન આપેલું છે. અગ્યારના આંકડાનાં ૧ અને ૧ એટલે બેમાં જુઝની દુઈ છે. બેના આંકડામાં જુફ્તની દુઇ છે. આમ ૧૧ નાં આંકડાથી થતી દુઇમાં જુઝનો ભેદ સમાયલો હોય છે.

("પારસી આવાઝ" તા. ૨૨–૬–૫૮ પાનાં ૩ અને ૬)

☆

## ૩૩. આતશ પાદશાહના પાક મકાનમાંથી બહાર નીકળવા અઝાઉં રખ્યા કપાળેથી કાંય ભુસી નાંખવીજ જોઇયે?

આ રખ્યાના સ્તોતો એવા છે કે જ્યાં ગેરવ્યવસ્થા હોય ત્યાં તેઓ વ્યવસ્થા આણે છે. એ રખ્યાનાં સ્તોતોમાં ખેંચાણ શકિત છે, અને તે જાતજાતની ખાસ્તરોને પણ ખેંચી શકે છે.

વળી આ રખ્યામાંથી જેમ ફાયદા તેમ કોઇક વખત ગેરફાયદા પણ પેદા પડી શકે છે. ફાયદાઓ અનેક છે. રખ્યાની ખેંચવાની શકિત અને ખેંચાયલી ચીજની દરોબસ્તી કરવાની શકિત ફાયદારૂપ હોય છે.

પણ આ રખ્યાને કપાળે લગાડીને ગમે ત્યાં દુન્યાદારીની પ્રવૃત્તિઓમાં બહાર ફર્યે તો એજ રખ્યા અન્ય વર્ણના લોકોના જાત જાતના વીચારો ખેંચી આપણા ખોરેહને અભડાવી શકે છે.

આતશબહેરામમાં જુદી જુદી મનોવૃતીના બસ્તેકુસ્તીઆનોના મીથો ઉસ્તાનો કપાળે લગાડેલી રખ્યા મારફતે એક એકને મળે તે વાત ખરી છે. પણ બસ્તેકુસ્તીઆનોનો તો જીરમને કાયદે અરસપરસનો કેસાસ હોય છે અને

તેઓના ઉશ્તાન-મીશ્રો ખોરેહના જોડાણ થઈને તે તે કેસાસ પુરો થઇ જાય છે. પણ અન્ય વર્ણના દમ ઉશ્તાન મીશ્રનો સંબંધ જો રગ્યાથી થાય તો તેમાં વૃદ્ધિ નહિં પણ ઘટતી છે, અને તેમાં કેસાસ વધુ ગદલો થતો જાય છે, તથા સઝાની બેડી વધુ મજબુત બને છે. માટે રગ્યાને કપાળે લગાડી ગમે તેમ બહાર જવું નહિં, પણ બહાર જવા પહેલાં તેને ભુસી નાંખવી

('પારસી આવાઝ' તા. ૨૯-૬-૫૮ પાનું ૫)

★

## ૩૪. બોય દેવામાં ઘંટનો નાદ કાંય? ત્યાં હાજર રહેલાંઓએ કરવા જોઇતા મીથ્ર

સાધારણ રીતે દરેક આતશબહેરામ પોતાની ઉત્તમ હોરાદાર હાલતમાં ૫૦૦ થી ૮૦૦ માઈલ સુધીની અતરાફમાં પોતાના આશીશો ફેંકતા રહે છે. પણ જ્યારે ગેહ બદલાય ત્યારે નવ મીનીટ બીચારા આતશબહેરામ પોતાનાજ બચાવમાં મશગુલ થઈ જાય છે. આ વખતેજ એક આથ્રવન ખરેખરી પાદશાહની ખીદમત કરી શકે છે.

બોય દેવાની વીધીમાં જે ઘંટનો નાદ ઉભો કરવામાં આવે છે તેમાં પાદશાહની અતરાફમાં ૫૦૦ થી ૮૦૦ માઇલ સુધીનાં વિસ્તારમાં જ્યાં કાંઇ પણ પ્રકારની દરૂજીઓનાં ચેપો હોય તેને તોડી ફોડી નાંખવાની હીકમત છે, તેમજ ગેહ બદલાતી વખતના અહીરીમનનાં હુમલા સામે ફતેહ મલી તેની ખુશાલી ભરી જાહેરાત કરવાની નેમ છે.

"દુશમત" "દુજુખ્ત" "દુજુવરેસ્ત" ના કલામો ઉચ્ચારતી વખતે બદીને તોડી ફોડી નાંખવાની ખાસ પ્રકારના મીથ્રો જેમ બોય દેનારે કરવાનાં હોય છે, તેજ મુજબ જ્યારે બોય દેવાના ઘંટા વાગતા હોય ત્યારે ત્યાં હાજર રહેલા હુમદીનોએ પણ એવોજ વિચાર કરવાનો છે કે આતશ પાદશાહનું ચેપોને અને તમામ દરૂજીઓને નષ્ટ કરવાનું નેબી કાર્ય ફતેહમંદ થાવ.

("પારસી આવાઝ" તા. ૪–૫–૫૮ પાનું ૬)

## ૩૫. શ્રીજી પાક ઇરાનશાહનું ભવિષ્ય

(નોંધ : આ અદનાની પહેલી કેતાબ "રોજીંદા વ્યવહારમાં ઇલ્મે ક્ષ્નુમનું માર્ગદર્શન" ઇ. સ. ૧૯૭૭માં બહાર પડી હતી. એ કેતાબની બધી નકલો વેચાઇ ગઇ છે અને પાછી છપાય એવો કોઇ સંભવો નહિં હોવાથી, એનાં પાનાં ૭૬ ઉપરનાં લખાણનો ઉતારો અહીંયા આપ્યો છે )

જયારેબી કોઇ નવો આલાત ઉભો થાય ત્યારે કુદરત તેની જીંદગી નક્કી કરે છે. તેનુંબી નસીબ હોય છે તે પ્રમાણે કુદરત તેનો જાએચો (ટપકો) બનાવે.

આલાતની પહેલે જીંદગી યાને જાગ્રત હાલત હોય, પછી તેનો સેશબનો વખત હોય અને પછી તેનો સમન્દર થવાનો યાને ઉપર ઉડી જવાનો વખત હોય. દરેક ત્રણસો ત્રણસો વરસે કુદરતી રીતે પાદશાહ ઉપર આજાબ પડતો રહે અને તેનું ખોરેહ કમી, થતું જ જાય.

ઇરાનશાહની નક્કી થયેલી જીંદગી બારસો (૧૨૦૦) વરસની હતી કે જે પુરી થઇ છે. પછીથી એવણુનો ત્રણસો વરસનો સેશબનો વખત શરૂ થયો કે જેમાં હાલમાં આપણે વસીએ છૈયે.

ઇરાનશાહની હવે તો ફક્કત અર્ઝપી રહી છે. આજે

આપણે પાદશાહની અઈપીના જમાનામાં છૈયે.

પાદશાહનું નસીબ ઘણું જ બુલંદ છે. એવણનું ઇરાનશાહનું નામ કાંઈ અમથું નથી રાખ્યું. કુદરતે બનાવોનું વણું એવી રીતે ગોઠવેલું છે કે એવણને સમન્દર થવાનો વખત આવી ઊભો રહેશે યા તેની થોડોક વખત અગાઉ એવણ પાછા **ઇરાનમાં સ્થાપિત** થશે, કે જેમ આપણે વતન બહાર રહીને પાછા પોતાને વતન ફરશું તેમ.

★

## ૩૬. વધારો (Appendix) નં. ૧

## આતશી જંતુઓ

(Fire Germs Not Known
To Modern Science)

આતશી જંતુઓ માટે ઇલ્મેક્ષ્નુમનાં સાહિત્યમાં બે ઠેકાણે ઈશારાઓ છે.

ડૉ. ફરામરોઝ સોરાબજી ચીનીવાલાની "વંદીદાદની તાવીલ" પાનાં ૨૫૩ અને ૨૫૪:-

પાણીમાં નસાઓને લાવવે પાણી બગડે છે. તે હકીકત તો આજેબી જણાયલી છે. પણ આતશમાં નસાઓ લાવવે, આતશ ઉપર એજાબ પડે છે, તે હકીકત પશ્ચિમની દુન્યા મોટે ભાગે જાણતી નથી, કેમકે જાણતી હોય તો તેઓ પોતાના ચુલામાં પોતે થુંકે નહિં, એ મતલબે કે તે થુંકમાં જે કાંઈ જંતુઓ હોય તે બળી જાય.

પણ કુદરતમાં ભેદ કંઈ જુદોજ છે. આતશમાં ખુદમાં આતશી જંતુઓ છે. આ આતશી જંતુઓનો વધારો આતશમાં નસા લઇ જવે થાય છે. આવા આતશી જંતુઓનો વધારો જો તે આતશમાં થાય તો, આતશ ઉપર એજાબ પડે અને આતશનું કામ જે ફરોગર્દ માટેની તૈયારીઓ કરવાનું છે તે થાય નહિં. આતશને જગતની વબાઓ

(epidemics) ને રોકવાનું, ધરતીકંપો, લડાઇઓ રોકવાનું, ખેતી વધારવાનું કામ કરવાનું છે. તે કામ આતશથી થાય નહિં.

આપણે જ્યારે આતશ ઉપર સુખડ બાળીને તે આતશને, આતશની નીયાએશના સ્તોતો આપીએ છીએ, ત્યારે તે આતશ દાદગાહ થાય છે. એટલે તે આતશ કાયદાસરનો સ્થાપીત થાય છે. એટલે પોતામાંના આતશી જંતુઓને રોકીને પોતે કુદરતમાનું ક્રશોગદંનું ઉપર કહેલું કામ કરી રહે છે. તેમ તે ઘરનાં ગુજરેલાં બાપદાદાઓનાં ઉશ્તાન, મિથ્ર સ્તોતોને પોતામાં રખાવીને, તેઓની ક્રત્રિ મારફતે તે ઘરનાં-ઓની, તેમ મહોલ્લાઓની, સગાંઓની, પાસબાની કરાવે છે.

પણ આતશબહેરામ અને આદરાનના જાહેર આતશોમાં તો મીનોઈ આતશો છે. માટે તે આતશબહેરામ કે આદરાનના જાહેર આતશમાં તલેસમો થાય છે. યજતો વસે છે. આવી વસ્તુસ્થિતી થવે, તે આતશોમાં આતશી જંતુઓ રહેતા નથી. એવા આતશબહેરામ કે આદરાનની તેવી હાલત અમુક વર્ષો લગીજ રહી શકે કે જે વખત તે આતશોની જીંદગી હયાતીનો થાય. આવા આતશોને ઉંચકાય, ખસેડાય નહિં.

પણ જ્યારે તે આતશબહેરામ કે આદરાનની જીવતી હયાતી ખતમ થતી આવે છે, ત્યારે તે આતશબહેરામ અને આદરાનમાં ઉભી કીધેલી અંદરની તલેસમ તુટે છે

અને તેઓ માંહેલા મીનોઇ આતશોનું ઉસ્તાન, મિથ્ર, સ્તોતો, ઉપર તેઓનાં મૂળમાં ખેંચાઇ જાય છે. આ વખતે ત્યારે તે આતશોમાં જંતુઓ પેદા પડે છે. આવી તે આતશોની હાલતને સમનદરની (એટલે સમ અંદર્ગ, અંદર ઉભી થયેલી સમીઅતની) હાલત કહે છે. આવા તે આતશ-બહેરામ અને આદરાનને ઉંચકીને બીજે ઠેકાણે સ્થાપીત કરીને ફરીથી સજીવન કરવાનું ફરમાન છે.

આ બધું લખવાની જરૂર એટલા માટે છે કે જાહેર આતશમાં આતશી જંતુઓ રહે છે; જેમ પાણીમાં જંતુઓ હોય, પોથરાં પડે તો પાણી ગંદુ થાય, પીવાય નહિ, વપરાય નહિં. માટે પાણીને સ્વચ્છ રાખવું જોઇએ કે જેથી તે પાણી કામે લાગે. તેમ આતશના જંતુઓને હદની બહાર વધારે તો આતશ પોતાનું કામ ઉપર કહ્યું છે તેમ ફ્રશોગર્દ કરવાનું છે તે કરવાને બદલે, પોતે તે સમીઅતનો ભાર ખમવામાં પોતાનું જોમ ખલાસ કરી નાંખે. આતશોમાં જો ગલીચીઓ નસાઓને લાવે તો તે આતશોમાં જંતુઓ વધી જવે આતશો વબાઓ (epidemics) રોકવાનું અને બીજું તેવું કામ કરી શકે નહિં જેથી પછી જગતની ઉપર બુરાઇઓ જામે, દુખો વધે, પાપો વધે, ભયંકર લડાઇઓ થાય, ભયંકર ધરતીકંપો થાય વિગેરે.

*

'પારસી આવાઝ' તા. ૬–૭–૧૯૫૮ પાનું ૧ :–

જેમ જમીન પાણી હવામાં જંતુઓ રહે છે, તેમ સાધારણ આતશમાં અણદીઠ જંતુઓ રહે છે, આ જંતુઓ આસ્તરરૂપ હોય છે જેની શોધ હજુર સુધી થઈ નથી.

આતશ પોતે જાહેર અખ્તીને યાને કચરાને બાળી નાંખી શકે છે તે વાત ખરી છે. પણ આમ બાળતી વખતે આતશમાં રહેલા પોતાના જંતુઓને તો પોષણજ મળે છે. આ ઉંડો ભેદ હાલનાં વિજ્ઞાનને જણાયલો નથી.

જ્યારે કોઇ આતશબહેરામ પાદશાહની જીંદગીનો ચેરાઘ ખતમ થવા ઉપર આવે છે, ત્યારે પાદશાહમાં આતશી જંતુઓ પેદા પડે છે, જેથી પાદશાહનાં જાહેર આતશમાંથી બાતેન મીનોઇના આતશોનું ઉશ્તાન અને ચૈતન્ય બંને છુટા પડીને ઉડી જાય છે. આમ થવા છતાં આવા આતશ પાદશાહની અઇપિ કંઈક વખત સુધી સાબેત જવાબ આપે તેવી રહે છે. આવા આતશ-બહેરામની હાલતને સમનદરની હાલત કહે છે.

## વધારો (Appendix) નં. ૨

## થોડાક અટપટા સવાલો.

ઉપલાં મથાળાં હેઠળ આ અદનાએ દર બે મહીને પ્રગટ થતાં "દીની આવાઝ" મેગેઝીનમાં "લકબે ખુશ ગોફ્તારે ઇલ્મે-ક્નુમ" ના તખલ્લુસથી ત્રણ સવાલો તેના જવાબો સાથે લખ્યા હતા. ચોથા સવાલમાં ભાઇ ખરશેદજી માણેકજી પટેલે "ગટર" શબ્દ સામે વાંધો લીધો પણ આ અદનાએ એ શબ્દને કાઢી નાંખવા સાફ ના પાડી. એ મતભેદને લીધે આ અદનાએ એ મેગેઝીનમાં લખાણ કરવાનું બંધ કીધું. પણ સવાલો નં. ૪ અને નં. ૫ તેના જવાબો સાથે ઘણાં જાણવાલાયક હોવાથી ખાસ અહિંયા આપવામાં આવ્યા છે.

સવાલ નં. ૪ :-સૃષ્ટીના સર્જનહાર દાદાર અહુરમજદ, સર્વવ્યાપક (omnipresent) છે. તો શું દાદાર અહુરમજદ દોજખમાંબી છે? શું એવણ મુંબઇની ગટરોમાં પણ છે?

જવાબ :-અમેરીકનો કહે છે તેમ આ એક ('Million dollar question' છે જે ભલભલાએને ગુંચવાડામાં નાંખી દે.

આ અદના એક દહાડો સાંજને છેડે મુંબઇના એક જાહેર બગીચાના બાંક ઉપર બેસીને આરામ કરતો હતો.

તેટલાં તેજ બાંક ઉપર એક હિંદુ ગ્રહસ્થ આવીને બેઠા. દેખાવ અને લેબાસ ઉપરથી ખુલ્લું માલમ પડતું હતું કે ભાઇ તો જરૂર ઉંચ કેળવણી પામેલા હશે. મેં વાતની શરૂઆત કરી:– આ અદના :– પ્રભુ સર્વવ્યાપક છે એ તમો માનો છો ?

હિંદુ ગ્રહસ્થ :– હાસ્તો, એમાં વળી પુછવાનું શું હોય ?

આ અદના :– તો પછી તમારા પ્રભુ મુંબઈની ગટરોમાંબી ખરા કે ?

હિંદુ ગ્રહસ્થ : (મોઢું કુમલાવીને) શીવ, શીવ, શીવ.
એવું તે શું બોલો છો !!

આ અદના : કેમ ? હમણાંજ તો તમોએ કબુલ કીધું
કે પ્રભુ સર્વવ્યાપક છે.

પેલા હિંદુ ગ્રહસ્થ મુગામંતર થઇ ગયા, કારણ કે એવા ગુંચવાડામાં પડી ગયા કે હવે શું જવાબ આપવો તેજ સમજણ પડી નહિં.

ઇલ્મે-ક્ષ્નુમની મકતબના એક આગેવાન કાર્યકરે આ સવાલ જાણ્યો ત્યારે કહ્યું કે, 'અરે, એ તો બહુ લાંબી વાત છે, છેક બદીના મૂળથી શરૂઆત કરવી પડે.'

નહિંજી, ઇલ્મે-ક્ષ્નુમ મુજબ એનો સચોટ ખોલાસો જે ડો. સાહેબ ચીનીવાલાએ આ અદનાને શેઠ સોહરાબજી

નીરમવાલાની દુકાન ઉપર સમજાવેલો તે આ રહ્યો :-

નજીસમાં નજીસ જગાએબી દાદાર અહુરમજદ તો છે જ. નહિં હોય તો સર્વ વ્યાપક કેમ કહી શકાય? પણ એવી અભડાટવાલી જગાએ એવણ "વીત"ના કશામાં બેઠેલા હોય છે, જેથી તે જગાનો અભડાટ એવણને લાગે નહિં. એનો ઇશારો અહુરમજદ યશ્તમાં "સ્પશ્ત નામ અહ્મિ" પછીના "વીત નામ અહ્મિ"ના વાકયમાં છે.

સવાલ નં. ૫ :-આપણી ગમે એટલીબી નામરજી છતાં ખરાબ વિચારોનો ગહ્લો (attack) આપણી ઉપર થાય છે. ખાસ કરીને બંદગી કરતી વખતે વધારે; તો એ ખરાબ વિચારોનો હુમલો આવતો અટકાવવા શું કરવું? જવાબ :- એક નાના જેવા પોપટને પણ જો તમો પકડવાની કોશેશ કરો અને જો તે પોતાને બધી બાજુએથી ઘેરાઇ ઘયેલો જોશે, તો સામનો આપવા તમારા હાથ ઉપર ચાંચ મારીને કદાચ લોહી કાઢવા સફળબી થાય, તો તમો બંદગી કરવા બેસીને તમારી અંદરના બળવાન દેવને (દ્રુજને) બાંધવાની કોશેશ કરો તો શું તે પોતાની રીતે સામનો નહિં કરશે?

એક ખુલ્લી ગટરમાંથી આખી રાત થોડો થોડો ખરાબ વાસ આવતો હોય તો સહુવારના સુરજ ઉગ્યા પછી જેવાં પહેલાં કીરણો તે ખુલ્લી ગટર ઉપર પડે કે થોડોક વખત બદબો એકદમ ઉભરાઈ જાય છે. તેવી જ રીતે બંદગીની

શરૂઆતમાં તો દરેકમાં કેટલો દ્રુજ છે તે પ્રમાણસર ખરાબ હોમલો થાય.

આપણે કેટલાક નેક જરથોશ્તીઓને બોલતાં સાંભળ્યે છીએ કે 'બસ જેવો ભણુવા બેસું છું કે તરત જ મનમાં ઘણાજ ખરાબ વિચારો શરૂ થઇ જાય છે, આખરે ભણવાનું બંધ કરી દઈને ઉઠી જાવું છું.' એ બીલકુલ ખોટું છે અને તમારી અંદરનો દેવ, કે જે સુધરવા માંગતોજ નથી, તેને ખુશી કરવા બરાબર છે. ભણવાનું તો ચાલુજ રાખવું.

આદર બાદ મારેસ્પંદ સાહેબ, કે જેવણુની હાલમાં ચાલી રહેલી રાઇનીદારીમાં આપણે બધા જીવી રહ્યા છઈયે, તેવણે આફ્રીને અરદાફ્વશમાં દુવા રચી છે કે 'કમ ગુનાહ બાદ' યાને 'થોડાં ગુન્હાવાલો થજે' કાંઈ એમ નથી લખ્યું કે 'બે ગુનાહ બાદ' યાને 'ગુનાહ વગરનો થજે.' તેથી આજે જો, કોઇ એમ કહે કે, 'હું આપું છું તે માંથ્ર ભણશો તો બીલકુલ ખરાબ વિચારો આવશેજ નહિં.' તો તે કદીબી સાચું માનશો નહિં. હા, ખરાબ વિચારોનો હુમલો કમી કરી નાંખવાને માટે અમુક તરતિબો (methods) છે, જે આ લખાણમાં બતાવી છે.

વિચારો શું છે? એ એક ઉડતું તત્વ છે. તેથી જ ખરાબ વિચારો એક ઉડતા રોગ (infectious disease) મીસાલ છે અને સારા વિચારો આશીર્વાદ સમાન છે.

વિચારોના છાપ ત્રણ ઠેકાણે પડે છે :–(૧) અઇપ્રિ, (૨) જમીન, (૩) ચીનવત, માટેજ જેઓ પોતાના રવાનનો મોક્ષ જલદી મેળવવા ઇચ્છે છે, તેઓ મહાત્માઓનાં સતસંગમાં રહેવા ઇંતેજાર હોય છે, જેથી તેઓની ભલી અઇપિનો પણ લહાવો મલે.

ખરાબ વિચારોના બે મુખ્ય વર્ગ પાડી શકાય છે.
(૧) પૈસા યા માલ મીલકતના, યા સત્તા વાસ્તે સાઠમારીના,

(૨) ઓરતના યા સામી જાતીના.

આપણી કેટલીક પેઢી અગાઉના વડવાઓને પણ ખરાબ વિચારો તો આવતા હતા, પણ બહુ જુજ; અને તેનું કારણ હતું. તે વખતમાં દરેકની પોતાની ઘેરની ખેતીવાડી હતી, એટલે પૈસેટકે બધા સુખી હતા. આજે તો અસહ્ય મોંઘવારી અને વળી બેકારીને લીધે પૈસાની તંગીમાં પૈસા મેળવવા આડાઅવળા વિચારો આવે અને કેટલાકો તેને અમલમાંણી મુકે.

અગાઉનાં વખતમાં ઓરતોનો લેબાસ ઘણોજ મલાજા ભરેલો અને જોનારાના મનમાં માન ઉપજાવે તેવો રહેતો હતો, જયારે આજે તો અમુક માનયંત અપવાદો બાદ કરતાં. ફેશનદેવીનાં ચરણે એવો પોશાક સજવામાં આવે છે કે, ‘નહિં દેખતાનેબી દેખતો કરે’ અને જોર જબરીથી તેના

મનમાં ખરાબ વિચારો પેવશ થાય. આજે તો કુતરાં બીલાડાં જેવાં જીવનને એક ભપકાભર્યું નામ આપવામાં આવ્યું છે:– Sexual permissiveness

ખરાબ વિચારોના હુમલા આવતા અટકાવવા યા કમી કરવા શું કરવું જોઇએ?

૧) માંથ્રખાંની કરવી જોઇએ. પણ ઇનસાન કાંઇ ચાલુ માંથ્રખાંની કરી શકતો નથી, તેથી બાકીનો ફુરસદનો વખત ધર્મ અભ્યાસમાં ગાળવો. હિંદુઓમાં અમુક અમુક ભજનો એવાં છે કે, જેઓની બંદગીની view-pointથી કાંઇજ કિંમત નથી, પણ તે બધાં ફકત મીથ્રને જાળવવાની નેમથીજ રચેલાં હોય છે.

૨) શાહ લોહરાસ્થને યાદ કરવા :–

"સલીમ મીથ્રના રાદી શહેનશાહ કએ લોહરાસ્પ તમો મારો મીથ્ર જાળવવા મને મદદ કરો. મારા ખુદા તું પણ અંદરથી મને મદદ કર, જેથી હું મારા મીથ્રને જાળવી શકું."

પણ આ મનશ્નીને ગવશ્ની અને કુનશ્નીનો ટેકો હોય તો જ તે કામ્યાબ યાને ફત્તેહમંદ થઇ શકે છે. ગવશ્નીમાં માંથ્રખાની આવે અને કુનશ્નીમાં તરાને લગતી તરીકતો સમાઇ જાય.

નોંધ : અહિંયા ખુદા તે દરેકના પોતાના રવાનનો અમુક સુધરેલો ભાગ સમજવો, કે જે તે વ્યકિતને સુખ દુખનાં પ્રવાહો પહોંચાડે છે.

૩) મસ વ વેહ વ ફીરોઝગર બાદ, અષેમ વોહુ (૧)

નોંધ. આ વાકયના તરજુમા માટે જુઓ.

'નીકીઝે વેહદીન' ભાગ બીજો પાનુ ૧૪ ફુટનોટ.

૪) ખરાબ વિચાર આવી ગયા પછી તરત જ અષેમ વોહૂ ભણવાનું સારૂં છે જેથી જે દ્રુજી ઉત્પન થઈ હોય તે અષેમના કશામાં ઘેરાઇ જઈને સંકોચાઇ જાય અને લગભગ નિમૂંળ જેવી થઇ જાય; પણ ખરાબ વિચાર આવતો અટકાવવા યથાનો કલામ ઘણી વખત ફત્તેહમંદ થઇ શકે છે. યથાનો કલામ મુશ્કેલીમાં મદદ કરે છે, તો ખરાબ વિચાર આપણા મન ઉપર ધસારો કરે, એબી એક પ્રકારની મુસીબત જ કહેવાયની !

એ બધું છતાં ખરાબ વિચારોનો ધોધ મનમાં પેદા થયા કરતો હોય તો પણ કદીબી નિરાશાવાદી (Pessimist) થવું નહિં. અહુરમજદ યશ્તની નીરંગ એક ઘણોજ આશાવાદી સંદેશો ધરાવે છે તે હંમેશાં યાદ રાખવો જરૂરી છે :–

યા દાદાર અહુરમજદ=અએ દાદાર યાને સૃષ્ટીના સર્જનહાર, અહીરીમન મરોચીનીદાર=અહીરીમન નાશ લાવનારો છે,

નકોહીનમ દીવાન=હું દેવોને ઉંધા નાંખુ,

(નોંધ :-જો કે હાલમાં તો દેવ મીનીટમાં દસ વખત ખરાબ વિચારો કરાવીને આપણને ઉંધા નાંખે છે.)

બર ખુદને રસ્તાખીઝ તને પસીન બીગુમાનમ=મોક્ષે પુગવાના રસ્તા તરફ જઇ શકવા માટેનું છેલ્લામાં છેલ્લું કેહપ જેવું જ સુધરેલું તન મને છેવટેબી મલશે જ એમ મારી ખાત્રી છે.

*

લેખક અને પ્રકાશક :— ડો. કાવસ પી. ગોટલાશેઠ, કસરે મોહુમદી બિલ્ડિંગ, ૧૪મી ખેતવાડી લેન, કામા બાગ પાછળ, મુંબઇ - ૪૦૦ ૦૦૪.

**મુદ્રણ સ્થાન :** આ કેતાબ ટ્રેન્ડ પ્રીન્ટર્સ સ્વદેશી મીલ્સ એસ્ટેટ મું. ૪ના પ્રેસમાં રિનાઉન પ્રિંટર્સ, ૨૯૭-A, તારદેવ રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૭. મારફતે છપાઇ છે.